Saturday, 29 November 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦



સારુ વિચારો, પરંતુ વિચારો ખરી કારણ કે
જેવું તમે વિચારો છો તેવા તમે બની શકો છો.
-મહાત્મા ગાંધીજી

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૩૦૧ ● સંવત-૨૦૮૨ માગશર સુદ નોમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

### શિક્ષણ વિભાગના 'સમગ્ર શિક્ષા' અંતર્ગત

## સંઘપ્રદેશ દાનહ અને દમણ-દીવની શાળાઓમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે આરોગ્ય તપાસ શિબિરનું થઈ રહેલું આયોજન

### આર્ટિફિશિયલ લિમ્બ્સ મેન્યુફેક્ચરીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા-મુંબઈ(અલીમકો)ના વિશેષજ્ઞ ધરમવીર સિંહ અને ટેક્નિશિયન રવીના સ્વાઈને વિવિધ પ્રકારની દિવ્યાંગતા વાળા બાળકોની કરેલી આરોગ્ય તપાસ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૮**

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ શિક્ષણ સચિવ શ્રી ટી.અરુણ અને શિક્ષણ નિર્દેશક શ્રી વિવેક કુમારના માર્ગદર્શનમાં શિક્ષણ વિભાગના 'સમગ્ર શિક્ષા' અંતર્ગત દાનહ અને દમણ જિલ્લાની સરકારી પ્રાથમિક, ઉચ્ચત્તર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અધ્યયનરત અને શાળાની બહારના દિવ્યાંગ વિદ્યાર્થી-બાળકો માટે ત્રણ દિવસીય આરોગ્ય તપાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આજે દાનહની શાળાઓમાં યોજાયેલી આરોગ્ય શિબિરમાં અલીમકો (આર્ટિફિશિયલ લિમબ્સ મેન્યુફેક્ચરીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા-મુંબઈ)ના વિશેષજ્ઞ શ્રી ધરમવીર સિંહ અને ટેક્નિશિયન શ્રીમતી રવીના સ્વાઈન દ્વારા વિવિધ પ્રકારની દિવ્યાંગતા વાળા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. દાદરા નગર હવેલીમાં અંદાજીત ૧૦૦ અને દમણ જિલ્લામાં અંદાજીત ૫૨(બાવન) દિવ્યાંગ બાળકોની વિસ્તૃત તપાસ કરવામાં આવી હતી. તપાસના આધારે બાળકોની દિવ્યાંગતાને અનુરૂપ આવશ્યક સહાયક ઉપકરણ/સાધન શિક્ષણ વિભાગના 'સમગ્ર શિક્ષા' દમણ દ્વારા પ્રદાન કરવામાં આવશે.



આરોગ્ય શિબિર દરમિયાન શાળાના આચાર્યો, શિક્ષકો સહિત દિવ્યાંગ બાળકોના વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## દાનહ પોલીસ વિભાગ દ્વારા વયમર્યાદાના કારણે સેવાનિવૃત્ત થતાં પી.આઈ. હરેશસિંહ રાઠોડને આપવામાં આવ્યું ભવ્ય વિદાયમાન




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૮**

દાદરા નગર હવેલી પોલીસ વિભાગમાં પોલીસ ઈન્સ્પેક્ટર(પી.આઈ.) તરીકે ફરજ બજાવતા શ્રી હરેશસિંહ રાઠોડ વયમર્યાદાને કારણે સેવાનિવૃત્ત થતાં પોલીસ હેડ ક્વાર્ટર સેલવાસ ખાતે પોલીસ અધિક્ષક શ્રી સચિવ યાદવની અધ્યક્ષતામાં વિદાય સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નિવૃત્તિ વિદાયમાન લઈ રહેલા પી.આઈ. શ્રી હરેશસિંહ રાઠોડને દાનહ એસ.પી. શ્રી સચિન યાદવે સ્મૃતિભેટ આપી શાલ ઓઢાડી સન્માનિત કર્યા હતા. ત્યારબાદ સાથી અધિકારીઓ, પી.આઈ., પી.એસ.આઈ. સહિત પોલીસ સ્ટાફ દ્વારા શુભેચ્છાઓ આપવામાં આવી હતી.

શ્રી હરેશસિંહ રાઠોડ દાનહ પોલીસમાં ૩૨ વર્ષની સેવા આપ્યા બાદ છેલ્લે પી.આઈ. પદેથી વયમર્યાદાના કારણે સેવાનિવૃત્ત થયા હતા. દાનહ પોલીસમાં એમનો એક અલગ જ રૂતબો હતો. સામાન્ય જનતા વચ્ચે એમના પ્રત્યે અલગ જ પ્રેમ અને વિશ્વાસ જોવા મળતો હતો. એમના લાંબા કાર્યકાળમાં એમણે ઘણા પડકારોનો સામનો કર્યો હતો અને હંમેશા સાહસ, આદર્શ અને પ્રતિબદ્ધતા સાથે પોતાના કર્તવ્યનું પાલન કર્યું છે.

આજના તેમના નિવૃત્તિ વિદાયમાન સભારંભના અવસરે એસ.પી., પી.આઈ., પી.એસ.આઈ., પોલીસ સ્ટાફ સહિત રાઠોડ પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.




### પાવરગ્રીડ, પશ્ચિમ ક્ષેત્ર-II, અને BEE (ઊર્જા કાર્યક્ષમતા બ્યુરો)દ્વારા

## સંઘપ્રદેશ દાનહ અને દમણ-દીવના બાળકો માટે ચિત્ર સ્પર્ધા-૨૦૨૫નું કરાયેલું આયોજન







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૮**

પાવરગ્રિડ, પશ્ચિમ ક્ષેત્ર-II અને બ્યુરો ઑફ એનર્જી એફિશિઅન્સી (BEE) દ્વારા આયોજિત રાજ્ય સ્તરની ચિત્રકલા સ્પર્ધા-૨૦૨૫માં સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના ૩૬૫૦થી વધુ બાળકોએ શાળા સ્તરે ભાગ લીધો હતો. આ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકો અને સામાન્ય લોકોમાં ઊર્જા વિશે જાગૃતિ લાવવાનો છે. આ સ્પર્ધા દર વર્ષે પાવરગ્રીડ દ્વારા આયોજિત કરવામાં આવે છે.

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ આયોજીત સંઘપ્રદેશ સ્તરની ચિત્ર સ્પર્ધામાં ગ્રુપ A (ગ્રેડ ૫, ૬, ૭) અને ગ્રુપ B (ગ્રેડ ૮, ૯, ૧૦)માં ભાગ લીધો હતો.

- (વધુ પાના નં.૨ પર)



## દીવના બુચરવાડાની સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાની વિદ્યાર્થીની મીનાક્ષી ભાંભણિયાની ઉપલબ્ધિ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૮**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના બુચરવાડાની સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાની વિદ્યાર્થીની કુ. મીનાક્ષી ભાંભણિયાએ સંઘપ્રદેશ સ્તરીય એથ્લેટ મીટમાં ભાગ લઈને ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. જેમાં અંડર ૧૭ લોંગ જમ્પ, રિલે રેસ અને ૧૫૦૦ મીટર દોડ સ્પર્ધાઓમાં દ્વિતીય સ્થાન અને

- (વધુ પાના નં.૨ પર)




## સુવિચાર - સદ્દવિચાર

સમય સાથે ચાલો, પાછળ ન જાવ, આગળ વધો.

## કવિતા-ભજન-પદ-ગરબા

### લાગણી જ્યારે ખતમ થઈ જાય

લાગણી જ્યારે ખતમ થઈ જાય છે,
એ પછી સઘળું ભસમ થઈ જાય છે!

એક ચકલી સ્હેજ રીસાઈ જતાં-
આભમાં ઊંડા ઝખમ થઈ જાય છે!

સાવ જૂર્જર જીવને સમજણ અડે;
ત્યાં નવો સહસા જનમ થઈ જાય છે!

બસ, પગથિયાં ઉતરે મંદિરનાં ભગત :
ક્યાંક છૂ-મંતર ધરમ થઈ જાય છે!

કેમ દુઃખનાં દહાડા આવે ત્યાં 'કિરીટ'
સહુ પરાયાં એકદમ થઈ જાય છે?!

- કિરીટ ગોસ્વામી

## આજની જોક

એક દોસ્ત : 'હું એટલો મોટો થઈ ગયો. પણ મને યાદ નથી કે હું ક્યારેય જૂઠું બોલ્યો હોઉં.'
બીજો દોસ્ત : 'હા, તું સાચું કહે છે, મોટી ઉંમરમાં યાદશક્તિ પણ કમજોર થઈ જાય છે !'

## કબીર વાણી

**કબીર! માયા સાંપની, જનતાહિકો ખાય;**
**ઐસા મિલા ન ગારૂડી, પકડ પિંઠારે બાય.**

**- અર્થાત-**

જેમ સર્પની માદા પોતાનાં જનેલાં બચ્ચાંને ખાઈ જાય છે, તેવી માયા સાંપન છે; પણ એવો કોઈ ગારૂડી નથી મળ્યો કે જે એ (માયા) સાંપનને પકડીને મારી હઠાડે.

## આજનો દિન વિશેષ

### ઠક્કર બાપા

અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર (૨૯ નવેમ્બર ૧૮૬૯ - ૨૦ જાન્યુઆરી ૧૯૫૧) એ ઠક્કર બાપાના નામથી લોકપ્રિય છે. તેઓ એક ભારતીય સામાજિક કાર્યકર હતા કે જેમણે ભારતના ગુજરાત રાજ્યમાં આદિવાસી લોકોના ઉત્થાન માટે કાર્ય કર્યું હતું. તેઓ ૧૯૧૪ માં ગોપાલ કૃષ્ણ ગોખલે દ્વારા સ્થાપિત સર્વન્ટ્સ ઑફ ઈન્ડિયા સોસાયટીના સભ્ય બન્યા હતા. અને પછી ૧૯૨૨માં તેમણે ભીલ સેવા મંડળની સ્થાપના કરી. ત્યારબાદ તે મહાત્મા ગાંધી દ્વારા ૧૯૩૨ માં સ્થાપિત હરિજન સેવક સંઘના મહામંત્રી બન્યા. ૨૪ ઓક્ટોબર ૧૯૪૮ ના રોજ ભારતીય આદિમજાતિ સેવક સંઘની સ્થાપના તેમની પહેલ પર કરવામાં આવી હતી. જ્યારે ભારતીય બંધારણની પ્રક્રિયા ચાલી રહી હતી, ત્યારે કેનવીએ ભારતના દૂરના અને સૌથી મુશ્કેલ ભાગોની મુલાકાત લીધી હતી અને આદિજાતિ અને હરિજન લોકોની પરિસ્થિતિની તપાસ કરી હતી. બંધારણની પ્રક્રિયામાં તેમણે મૂલ્યવાન મુદ્દાઓ ઉમેર્યા. મહાત્મા ગાંધી તેમને ''બાપા''કહેતા હતા.

ઠક્કરબાપાએ આસામ, ગ્રામીણ બંગાળ, ઓરિસ્સાના દુષ્કાળગ્રસ્ત વિસ્તારો, ગુજરાતના ભીલ પટ્ટાઓ અને સૌરાષ્ટ્રના હરિજન વિસ્તારો, મહારાષ્ટ્રના મહાર વિસ્તારો, મદ્રાસમાં અસ્પૃશ્ય વિસ્તારો, છોટા નાગપુરના ડુંગરાળ વિસ્તાર, થરપારકરનો રણ, હિમાલયની તળેટી, ત્રાવણકોરના દરિયાકાંઠાના વિસ્તારોની જંગલોની મુલાકાત તેમણે આદિજાતિ અને હરિજનોના ઉત્થાનના તેમના ધ્યેયને ધ્યાનમાં રાખીને લીધી હતી. તેઓ હંમેશા રેલ્વેના ત્રીજા વર્ગમાં મુસાફરી કરતા હતા. ઠક્કરબાપાએ તેમના જીવનના ૩૫ વર્ષ આદિજાતિ અને હરિજનોની સેવામાં વિતાવ્યા હતા.

**સન્માન :** ભારત સરકારે ૧૯૬૯ માં તેમના સન્માનમાં એક ટિકિટ રજૂ કરી હતી. મુંબઈની એક જાણીતી વસ્તી બાપ્પા કોલોનીનું નામ તેમના નામે રાખવામાં આવ્યું છે. મધ્ય પ્રદેશ રાજ્ય સરકારે ગરીબ, પીડિત અને સંપૂર્ણ પછાત આદિવાસી સમુદાયને સમર્પિત સેવાઓ માટે તેમના માનમાં નામ આપેલ એક એવોર્ડની સ્થાપના કરી છે. મહારાષ્ટ્ર સરકારે વર્ષ ૨૦૦૭ માં ''ઠક્કર બાપ્પા આદિવાસી વસ્તી સુધારણા'' નામના આદિવાસી ગામો અને વસાહતોમાં સુધારો લાવવાની યોજના બનાવી છે.

તમિલનાડુમાં ઠક્કરને ''અપ્પા ઠક્કર'' તરીકે ઓળખવામાં આવે છે કે જે ''ઠક્કર બાપા'' નું તમિળ સંસ્કરણ છે. તેઓ ખૂબ જાણકાર હોવાને કારણે મદ્રાસી ભાષાના શબ્દ ''અપ્પાટક્કર'' પરથી તેમનું તે નામ પડ્યું. આ શબ્દે ૨૦૧૦ ની તમિળ ફિલ્મ બોસ એન્જીરા ભાસ્કરનમાં તેના ઉપયોગ દ્વારા લોકપ્રિયતા મેળવી હતી.

## બાળવાર્તા

### ટાઢું ટબુકડું

એક ગામમાં એક માજી એકલાં રહેતાં હતાં. ગામ જંગલની નજીક હતું. જંગલમાં સિંહ, વાઘ જેવા જંગલી પ્રાણીઓ રહેતા હતા.

એક દિવસ ત્યાં ભારે વરસાદ પડ્યો. નદીમાં પૂર આવી ગયું. પૂરનું પાણી જંગલમાં આવી ગયું એટલે કેટલાક જંગલી પ્રાણીઓ ગામમાં દોડી આવ્યા. એક વાઘ માજીના ઘર પાસે આવી ગયો. વાઘ ભૂખ્યો હતો એટલે માજીને બીક લાગી કે તે એમને મારશે તો? માજી ગાવા લાગ્યાં:

''હું તો સિંહડાથી ન બીવું, વાઘડાથી ન બીવું, પણ ટાઢા ટબુકડાથી બીવું.

આ સાંભળીને વાઘ અચંબામાં પડી ગયો. આ કેવું કે માજીને કોઈ જંગલી પ્રાણીની બીક નથી લાગતી પણ એક ટાઢા ટબુકડાની બીક લાગે છે? એણે ટાઢા ટબુકડાને મળવાનું નક્કી કર્યું અને એ માજીના ઘરે ગયો. વાઘ માજીના ઘરની બહાર ઊભો રહ્યો.

માજીના ઘરનું છાપરું નળિયાનું બનેલું હતું. વરસાદનું પાણી નળિયા પરથી ટપકતું હતું. વરસાદ રહી ગયો હતો એટલે પાણી ટીપે ટીપે ટપકતું હતું. ઠંડીને લીધે ટીપું ખુબ જ ઠંડુ અને ધ્રુજાવી દે એવું હતું. માજી આ ઠંડા ટીપાંને ટાઢું ટબુકડું કહેતાં હતાં. વાઘ પર ટીપું પડ્યું ત્યારે એ ઠંડીથી ધ્રુજી ગયો. ઠંડુ પાણી ટીપે ટીપે પડતું હતું એટલે વાઘ એના ઠંડા, ધ્રુજાવી દે એવા મારથી ગભરાઈ ગયો. વાઘ માજીના ઘર પાસેથી ભાગી ગયો.

આમ ટાઢા ટબુકડાએ માજીને બચાવી લીધાં!

# દુનિયાનો ત્રીજો સૌથી શક્તિશાળી દેશ બન્યો ભારત

## માત્ર યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા અને ચીન જ "સુપર પાવર" શ્રેણીમાં સૂચિબદ્ધ : અમેરિકા હજુ પણ ટોપ પર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૮**

ઓસ્ટ્રેલિયાની પ્રતિષ્ઠિત લોવી (Lowy) ઈન્સ્ટિટ્યૂટે તેમનો વાર્ષિક એશિયા પાવર ઈન્ડેક્સ ૨૦૨૫ જાહેર કર્યો છે, જે એશિયાના ૨૭ દેશોની સેના, આર્થિક, રાજદ્વારી અને સાંસ્કૃતિક પ્રભાવનું વિગતવાર મૂલ્યાંકન કરે છે. આ રિપોર્ટમાં પ્રાદેશિક શક્તિમાં મોટા ફેરફારો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે, જેમાં ચીન એશિયાની પ્રમુખ શક્તિ તરીકે ઉભરી રહ્યું છે. ભારત સતત ઉપર વધી રહ્યું છે અને યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના પ્રભાવમાં પાછલા વર્ષોની તુલનામાં ઘટાડો નોંધાયો છે.

આ રિપોર્ટ આઠ ક્ષેત્રો (સૈન્ય ક્ષમતા, રક્ષા નેટવર્ક, આર્થિક તાકાત, રાજદ્વારી પ્રભાવ, સાંસ્કૃતિક પહોંચ, સ્થિતિસ્થાપકતા અને ભવિષ્યના સંસાધન ક્ષમતા)ના આધારે દેશોનું રેંક કરે છે. આ રિપોર્ટમાં પાકિસ્તાન ટોપના ૧૦ની બહાર આવે છે અને તેને ૧૬મું સ્થાન આપવમાં આવ્યું છે.

આ રિપોર્ટમાં એશિયામાં ભારતના વધતા પ્રભાવ પર પ્રકાશ પાડે છે. ૨૦૨૫માં ભારતે ૪૦.૦ ના સ્કોર સાથે 'મેજર પાવર' (Major Power) સ્થિતિની સીમા પાર કરી લીધી છે. રિપોર્ટ અનુસાર, ભારતનો આ ઉદય તેની મજબૂત આર્થિક વૃદ્ધિ અને વધતી લશ્કરી ક્ષમતાઓ દ્વારા પ્રેરિત છે. જો કે, ભારતનો લશ્કરી અને સંસાધન વૃદ્ધિ મહત્વપૂર્ણ રહી છે, પરંતુ તેનો રાજદ્વારી અને આર્થિક પ્રભાવ હજુ સુધી તેની ક્ષમતાઓમાં વૃદ્ધિ સાથે સંપૂર્ણપણે મેળ ખાતો નથી, જે વધુ વિસ્તરણ માટે અપાર સંભાવના દર્શાવે છે.

માત્ર યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા અને ચીન જ "સુપરપાવર" શ્રેણીમાં સૂચિબદ્ધ છે. અમેરિકા હુજ પણ ટોપ પર છે, પરંતુ એશિયા પાવર ઈન્ડેક્સ ૨૦૧૮માં લોન્ચ થયા બાદ તેનો સૌથી ઓછો પ્રભાવ સ્કોર બતાવી રહ્યું છે.

વિશ્લેષકો તેનો શ્રેય ટ્રમ્પ વહીવટ દરમિયાન લેવામાં આવેલા નીતિગત નિર્ણયોને આપે છે, જેને એશિયામાં અમેરિકી પ્રભાવ માટે ચોખ્ખી નકારાત્મક તરીકે વર્ણવવામાં આવ્યા છે.

૨૦૧૯ પછી પહેલીવાર રશિયાએ એશિયામાં પોતાનું સ્થાન મજબૂત બનાવ્યું છે. યુક્રેન યુદ્ધ પછી લાદવામાં આવેલા પ્રતિબંધોને કારણે તેણે ગુમાવેલો પ્રભાવ પાછો મેળવ્યો છે. મોસ્કોની વધતી પ્રાદેશિક હાજરી મોટાભાગે ચીન અને ઉત્તર કોરિયા સાથેની તેની વ્યૂહાત્મક રક્ષા અને આર્થિક ભાગીદારી માટે જવાબદાર ઠેરવવામાં આવી છે. રશિયાએ ૨૦૨૪માં ઓસ્ટ્રેલિયા સામે ગુમાવેલું પોતાનું ૫મું સ્થાન પાછું મેળવ્યું છે.

જાપાનનો પ્રભાવમાં અન્ય મધ્યમ શક્તિઓની તુલનામાં વધ્યો છે. આ મજબૂત આર્થિક, તકનીકી અને રાજદ્વારી પહેલને દર્શાવે છે, જે ટોક્યોને એશિયાના બદલાતા શક્તિ ગતિશીલતામાં વધુ સક્ષમ ખેલાડી તરીકે સ્થાન આપે છે.

દક્ષિણ કોરિયા અને ઓસ્ટ્રેલિયા જેવા દેશો મધ્યમ શક્તિઓ તરીકે વધુને વધુ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે.

**વિશ્વના ૧૦ સૌથી પાવરફૂલ દેશો**

૧. યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા (US) ૮૦.૫ સુપર પાવર
૨. ચીન ૭૩.૭ સુપર પાવર
૩. ભારત ૪૦.૦ મેજર પાવર
૪. જાપાન ૩૮.૮ મિડલ પાવર
૫. રશિયા ૩૨.૧ મિડલ પાવર
૬. ઓસ્ટ્રેલિયા ૩૧.૮ મિડલ પાવર
૭. દક્ષિણ કોરિયા ૩૧.૫ મિડલ પાવર
૮. સિંગાપોર ૨૬.૮ મિડલ પાવર
૯. ઈન્ડોનેશિયા ૨૨.૫ મમિડલ પાવર
૧૦. મલેશિયા ૨૦.૬ મિડલ પાવર

# સુરતમાં વિદ્યાર્થિની AI ટૂલથી કોડિંગના જવાબો લખતા ઝડપાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરત,તા.૨૮**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU)માં ચાલી રહેલી પરીક્ષાઓમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના દુરુપયોગનો એક ગંભીર કિસ્સો સામે આવતાં શિક્ષણ જગતમાં ખળભળાટ મચી ગયો છે. યુનિવર્સિટીમાં કમ્પ્યુટર સાયન્સની પરીક્ષા દરમિયાન એક વિદ્યાર્થિની અત્યાધુનિક AI ટૂલ્સનો ગેરરીતિ માટે ઉપયોગ કરીને જવાબો લખતા રંગે હાથ ઝડપાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, યુનિવર્સિટીના પરીક્ષા વિભાગને કમ્પ્યુટર સાયન્સ અને આઈટી ફેકલ્ટીના કેટલાક વિદ્યાર્થીઓ પરીક્ષામાં પાસ થવા માટે હાઈટેક ગેજેટ્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટૂલ્સનો ગેરરીતિપૂર્વક ઉપયોગ કરી રહ્યા હોવાની આશંકા હતી.

તપાસ દરમિયાન, પરીક્ષા સ્ટાફ દ્વારા એક વિદ્યાર્થિનીને ગેરરીતિ આચરતા પકડી પાડવામાં આવી હતી. આ વિદ્યાર્થિની કોડિંગ સંબંધિત જટિલ પ્રશ્નોના જવાબો સીધા AI પ્લેટફોર્મ્સ પાસેથી લાઈવ મેળવીને પોતાની ઉત્તરવહીમાં લખી રહી હતી. પરીક્ષાખંડમાં આ પ્રકારની અત્યાધુનિક ગેરરીતિ ઝડપાતા યુનિવર્સિટી સ્ટાફ પણ ચોંકી ઉઠ્યો હતો.

આ ઘટનાએ સમગ્ર શિક્ષણ જગતમાં એક મોટી ચિંતા ઊભી કરી છે. વિદ્યાર્થીઓ ગેરરીતિ માટે જે રીતે સરળતાથી અત્યાધુનિક AI ટૂલ્સનો ઉપયોગ કરી રહ્યા છે, તે માત્ર VNSGU માટે જ નહીં પણ રાજ્યની તમામ યુનિવર્સિટીઓ માટે એક મોટો પડકાર છે. આ પ્રકારના ટૂલ્સનો ઉપયોગ પરીક્ષાની પદ્ધતિ અને મૂલ્યાંકનની વિશ્વસનીયતા પર ગંભીર સવાલો ઊભા કરે છે. જો ટેક્નોલોજીના પ્રશ્નોના જવાબો પણ AI દ્વારા લખાયેલા હશે, તો વિદ્યાર્થીના સાચા જ્ઞાનનું મૂલ્યાંકન કેવી રીતે થશે? યુનિવર્સિટીઓએ હવે પરીક્ષાખંડમાં AI-આધારિત ગેરરીતિઓને અટકાવવા માટે નવી સુરક્ષા વ્યૂહરચના અને સખત દેખરેખની જરૂરિયાત ઊભી થઈ છે.

AI પ્લેટફોર્મ્સનો ઉપયોગ કરીને ગેરરીતિ આચરવામાં આવી હોવાનું બહાર આવતાં યુનિવર્સિટી દ્વારા આ મામલે ગેરરીતિ અધિનિયમ (Unfair Means Act) હેઠળ તાત્કાલિક અને કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઘટના યુનિવર્સિટીની પરીક્ષા પદ્ધતિ સામે એક મોટો પડકાર છે, જેના પર નિયંત્રણ મેળવવા માટે વહીવટીતંત્ર હવે ગંભીર વિચારણા કરી રહ્યું છે.

VNSGUની પરીક્ષામાં AI ટૂલ્સ અને હાઈટેક ગેજેટ્સના દુરુપયોગની ગંભીર ઘટના બાદ યુનિવર્સિટી વહીવટીતંત્રએ તાત્કાલિક ધોરણે કડક કાર્યવાહી હાથ ધરી છે અને ભવિષ્યમાં ગેરરીતિ અટકાવવા માટે નવી માર્ગદર્શિકા જાહેર કરી છે.

૧. ગેરરીતિ કરનાર વિદ્યાર્થીઓ સામે કડક કાર્યવાહી

ગેરરીતિ અધિનિયમ હેઠળ કેસ: યુનિવર્સિટીએ AI ટૂલ તેમજ બ્લૂટૂથ એરબર્ડ્સનો ઉપયોગ કરનાર તમામ વિદ્યાર્થીઓ સામે ગેરરીતિ અધિનિયમ હેઠળ કેસ નોંધીને કડક દંડ અને પરીક્ષામાંથી બાકાત કરવાની કાર્યવાહી શરૂ કરી દીધી છે.

સજા: નિયમો મુજબ, પકડાયેલા વિદ્યાર્થીઓને ગેરરીતિના પ્રમાણસર મોટો આર્થિક દંડ ફટકારવામાં આવશે અને તેમને નિયત સમયગાળા (૩ થી ૬ મહિના કે તેથી વધુ) માટે યુનિવર્સિટીની પરીક્ષાઓમાં બેસવા પર પ્રતિબંધ મૂકવામાં આવી શકે છે.

૨. પરીક્ષા પદ્ધતિમાં તાત્કાલિક ફેરફાર અને નવી ગાઈડલાઈન

ગેરરીતિની આ આધુનિક પદ્ધતિને જોતાં યુનિવર્સિટીએ હવે માત્ર ગેજેટ્સ પર જ નહીં, પણ જવાબોની ગુણવત્તા પર પણ ધ્યાન આપવાનું શરૂ કર્યું છે:

AI દ્વારા તૈયાર કરાયેલા જવાબો પર ધ્યાન: યુનિવર્સિટીના પરીક્ષા વિભાગે સુપરવાઈઝર્સ અને મૂલ્યાંકનકર્તા માટે નવી ગાઈડલાઈન જાહેર કરી છે. તેમાં સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે જો ઉત્તરવહીમાં લખેલા જવાબોની ભાષાશૈલી કે રજૂઆત AI પ્લેટફોર્મ દ્વારા તૈયાર કરાયેલી જણાઈ આવે, તો તે જવાબો પર ખાસ ધ્યાન આપીને માર્ક્સ કાપી લેવા અથવા ગેરરીતિ ગણવી.

ગેરરીતિ અટકાવવા માટે ફ્લાઈંગ સ્ક્વોડની ટીમોની સંખ્યા અને તેમની મુલાકાતની ફ્રિકવન્સી વધારવામાં આવી છે. એરબર્ડ્સ, સ્માર્ટ વોચ અને ડાઉન બ્રાઈટનેસવાળા મોબાઈલ ફોનનો ઉપયોગ કરનારા વિદ્યાર્થીઓ પર સખત દેખરેખ રાખવામાં આવી રહી છે.

૩. લાંબા ગાળાના પડકારો અને અન્ય યુનિવર્સિટીઓની ભૂમિકા

આ ઘટના માત્ર VNSGU પૂરતી સીમિત નથી, પરંતુ સમગ્ર ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓ માટે એક ચેતવણી છે. ગુજરાત સરકારે પરીક્ષામાં ગેરરીતિ રોકવા માટે કાયદો લાવ્યો છે, જે અંતર્ગત આર્થિક દંડની જોગવાઈ ૨,૦૦૦ થી ૧૦,૦૦૦ સુધીની કરવામાં આવી છે. યુનિવર્સિટી આ કાયદાના કડક અમલ માટે તૈયાર છે. જાગૃતિ અને કાઉન્સિલિંગ: યુનિવર્સિટી હવે વિદ્યાર્થીઓને નકલનું ગંભીર પરિણામ સમજાવવા માટે નિયમિતપણે કાઉન્સિલિંગ સેશનનું આયોજન કરી રહી છે. શિક્ષણ નિષ્ણાતોના મતે, આ પડકારનો સામનો કરવા માટે પરીક્ષા પદ્ધતિમાં જ ફેરફાર કરવા જરૂરી છે, જેમ કે ઓપન-બુક પરીક્ષાઓ અથવા વધુ વિશ્લેષણાત્મક પ્રશ્નપત્રો બનાવવાની જરૂર છે, જેથી માત્ર યાદ કરેલા નહીં પણ સમજણ અને વિવેચનાત્મક વિચારસરણીના આધારે જવાબો આપી શકાય.

### દ. આફ્રિકાને USમાં યોજાનારી જી-૨૦માં આમંત્રણ નહીં: ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન, તા.૨૮**

અમેરિકન પ્રમુખપદ હેઠળ આગામી વર્ષે ફ્લોરિડાના માયામી ખાતે યોજાનારી જી-૨૦ દેશોના શિખર સંમેલનમાં દક્ષિણ આફ્રિકાને આમંત્રણ નહીં મળે એમ ડોનાલ્ડ ટ્રમ્પે કહેતાં ઉમેર્યું હતું કે, દક્ષિણ આફ્રિકા કોઈપણ જગ્યાએ અને કોઈપણ જૂથનું સભ્યપદ મેળવવા માટે લાયકાત અને પાત્રતા ધરાવતો નથી. અમેરિકા ૧ ડિસેમ્બર-૨૦૨૫ના રોજ દક્ષિણ આફ્રિકા પાસેથી જી-૨૦ દેશોનું પ્રમુખપદ લેશે અને ત્યારબાદ ૩૦ નવેમ્બર-૨૦૨૬ સુધી જી-૨૦ દેશોના આ સમૂહનું નેતૃત્વ અમેરિકા કરશે. આફ્રિકન, ડચ, જર્મન અને ફ્રેંચ વસાહતી ઉપર ગુજારવામાં આવેલાં અત્યાચાર અને તેઓના માનવ અધિકારના ભંગનો ઉકેલ લાવવા અથવા તો તેઓ પર અત્યાચારો થયા હતા એવો એકરાર કરવાનો પણ દક્ષિણ આફ્રિકાએ ન્કાર કરી દીધો હતો જેના વિરોધમાં અમેરિકાએ તાજેતરમાં યોજાયેલી જી-૨૦ દેશોની બેઠકમાં હાજરી આપી નહોતી એમ પ્રમુખ ટ્રમ્પે ટૂથ ઉપર મૂકેલી એક પોસ્ટમાં કહ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતું કે ખુદ દક્ષિણ આફ્રિકાએ જ વિશ્વને દેખાડી દીધું છે કે તે કોઈપણ જગ્યાએ અને કોઈપણ જૂથનું સભ્યપદ મેળવવાની લાયકાત કે પાત્રતા ધરાવતુ નથી એમ ટ્રમ્પે દક્ષિણ આફ્રિકાની આકરી આલોચના કરતાં કહ્યું હતું.

### નવસારીની પાટીદાર મહિલાએ ઠાલવ્યું દુઃખ

# લગ્નમાં દીકરાની જાન નીકળે એ પહેલા મહિલા BLOને કચેરીએ જવું પડ્યું!

## BlO તરીકે ફરજ બજાવતા શીતલબેન પટેલના ઘરે દીકરાના લગ્ન હોવા છતાં બોલાવવામાં આવ્યા હોવાના આક્ષેપ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવસારી, તા.૨૮**

નવસારી જિલ્લામાં બૂથ લેવલ ઓફિસર (BLO) તરીકેની ફરજ બજાવતા શિક્ષકોને થતી કથિત હેરાનગતિનો વધુ એક ગંભીર કિસ્સો સામે આવ્યો છે, જેમાં જલાલપોર તાલુકામાં BLO તરીકે ફરજ બજાવતા શિક્ષિકા શીતલબેન પટેલને તેમના દીકરાના લગ્નના દિવસે પણ SIR (સ્વૈચ્છિક માહિતી રજૂઆત)ના ફોર્મ ભરવાની કામગીરી માટે બોલાવવામાં આવ્યા હોવાના સનસનાટીપૂર્ણ આક્ષેપો તેમના પરિવાર દ્વારા કરવામાં આવ્યા છે. આ સમગ્ર ઘટનાએ શિક્ષક આલમમાં અને વહીવટી તંત્રમાં ભારે ચર્ચા જગાવી છે. પરિવાર દ્વારા કરવામાં આવેલા ગંભીર આક્ષેપ મુજબ, BLO શીતલબેન પટેલના ઘરે દીકરાના લગ્નનો શુભ પ્રસંગ હોવા છતાં સંબંધિત અધિકારીઓ દ્વારા તેમને ફરજ પર હાજર રહેવા અને SIR ના ફોર્મ જમા કરાવવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. આ અંગે પરિવારજનોએ દુઃખ વ્યક્ત કરતાં જણાવ્યું છે કે, એક માતા માટે તેના દીકરાના લગ્ન જીવનનો સૌથી મોટો પ્રસંગ હોય છે, તેમ છતાં અધિકારીઓએ તેમને આ મહત્ત્વપૂર્ણ દિવસ માટે પણ રજા ન આપીને તેમની માનસિક હેરાનગતિ કરી છે.

સૌથી ચોંકાવનારી બાબત તો એ છે કે, લગ્નમાં દીકરાની જાન નીકળે એ પહેલાં જ તેમને ફોર્મ જમા કરાવવા માટે જલાલપોર તાલુકા કચેરી ખાતે બોલાવવામાં આવ્યા હતા. આ પ્રકારના દબાણ અને વલણથી શિક્ષિકા સતત માનસિક તાણ અનુભવી રહ્યા હોવાનું પણ પરિવારે જણાવ્યું હતું. આ ઘટના અંગે મળતી માહિતી અનુસાર, BLO શીતલબેન દ્વારા કામગીરી પૂર્ણ કરવામાં ન આવતાં તેમને નોટિસ પણ ફટકારવામાં આવી હતી. શિક્ષિકાએ અરજીમાં જણાવ્યું હતું કે, ટેકનિકલ કારણો સર તેમજ BLOની અન્ય કામગીરીના કારણે ફોર્મ ભરવાની કામગીરીમાં વિલંબ થયો હતો. જોકે, આ અરજને સંબંધિત અધિકારીઓએ આંખઆડા કાન કરી દીધા હતા અને તેમને હેરાનગતિ કરવાનું ચાલુ રાખ્યું હતું. સતત માનસિક હેરાનગતિના કારણે શિક્ષિકા શીતલબેને પોતાનું દુઃખ ઠાલવ્યું હતું, પરંતુ તેમ છતાં વહીવટી તંત્ર તરફથી કોઈ નક્કર રાહત આપવામાં આવી ન હતી.

આ સમગ્ર માનસિક તણાવ અને દબાણના કારણે શિક્ષિકા શીતલબેન પટેલની તબિયત અચાનક બગડી હતી. તેમની સ્થિતિ ગંભીર જણાતા તેમને તાત્કાલિક ધોરણે નવસારીની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાએ BLOની કામગીરી કરતા અન્ય શિક્ષકોની વ્યથાને ફરી એકવાર સપાટી પર લાવી દીધી છે.

### પુતિન ડિસેમ્બરમાં ભારતના પ્રવાસે આવી રહ્યાં છે

# ભારતના પ્રવાસે આવશે રશિયાના રાષ્ટ્રપતિ પુતિન

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૮**

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ડિસેમ્બરમાં ભારતના પ્રવાસે આવી રહ્યાં છે. તેમના કાર્યક્રમ વિશે જાણકારી સામે આવી ગઈ છે. પુતિન ૪ અને ૫ ડિસેમ્બરે ભારતના પ્રવાસે રહેશે.

આ દરમિયાન તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સાથે-સાથે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સાથે મુલાકાત કરશે. પુતિનનો ભારતનો પ્રવાસ ખાસ રહેવાનો છે. અમેરિકાએ રશિયાથી તેલ ખરીદવાને કારણે ભારત પર ટેરિફ લાગૂ કર્યો હતો.

પ્રધાનમંત્રી મોદીએ પુતિનને ભારત આવવાનું આમંત્રણ આપ્યું હતું. તેઓ ૨૩મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલનમાં ભાગ લેશે. આ દરમિયાન મોદી-પુતિન વચ્ચે દ્વિપક્ષીય વાર્તા થશે. ક્રેમલિને પુતિનના પ્રવાસને લઈને જણાવ્યું કે તેની તૈયારી શરૂ થઈ ગઈ છે. તેમના આ પ્રવાસથી ભારત અને રશિયાના સંબંધ વધુ મજબૂત થશે.

ઓગસ્ટમાં નેશનલ સિક્યોરિટી એડવાઈઝર અજીત ડોભાલના મોસ્કો પ્રવાસ દરમિયાન પુતિને ભારત આવવાની જાહેરાત કરી હતી. પરંતુ તે સમયે તેમના કાર્યક્રમની જાણકારી સામે આવી નહોતી. પીએમ મોદી અને પુતિન શંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટ દરમિયાન ચીનમાં મળ્યા હતા.

અમેરિકાને ભારત અને રશિયાની દોસ્તી પસંદ આવી રહી નથી. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર રશિયા પાસેથી તેલ ખરીદવાને કારણે ૫૦ ટકા ટેરિફ લગાવ્યો હતો. ટ્રમ્પે આ મુદ્દે ઘણીવાર નિવેદન પણ આપ્યા છે. પરંતુ તેમનું હવે ભારત પ્રત્યે કુણુ વલણ જોવા મળ્યું છે. ટ્રમ્પના ટેરિફ છતાં ભારતે રશિયા સાથે મજબૂત સંબંધ બનાવી રાખ્યા છે.

પુતિનના ભારતના પ્રવાસનો કાર્યક્રમ સામે આવ્યો છે. તેઓ ૪ અને ૫ ડિસેમ્બરે ભારતમાં હશે. પુતિન પીએમ મોદી અને રાષ્ટ્રપતિ મુર્મૂ સાથે મુલાકાત કરશે. ભારત રશિયા વચ્ચે ડિફેન્સ ડીલને લઈને ચર્ચા થઈ રહી છે. પરંતુ તે મુદ્દે સત્તાવાર જાણકારી સામે આવી નથી. આ મુલાકાત દરમિયાન બંને નેતાઓ ભારત અને રશિયા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોની પ્રગતિની સમીક્ષા કરશે અને સહયોગના આગામી તબક્કા માટેનો માર્ગ નક્કી કરશે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**દીવના બુચરવાડાની...**

અંડર ૧૯ રિલે રેસમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. શાળાના આચાર્ય શ્રી આરિફ લાખાવાલાએ કુ. મીનાક્ષી ભાંભણિયાને હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ પાઠવતા જણાવ્યું હતું કે, કુ. મીનાક્ષીની આ ઉપલબ્ધિથી શાળા, ગામ અને પ્રદેશનું ગૌરવ વધ્યું છે. શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ પણ કુ. મીનાક્ષી ભાંભણિયાની સિદ્ધીને બિરદાવી હતી અને અભિનંદન આપ્યાં હતા. કુ. મીનાક્ષી ભાંભણિયાના માર્ગદર્શક તરીકે શારીરિક શિક્ષણના શિક્ષક શ્રી જયેશ દેસાઈનો શાળા પરિવારે આભાર માન્યો હતો. કુ. મીનાક્ષીની આ ઉપલબ્ધિથી શાળામાં આનંદનું વાતાવરણ સર્જાવા સાથે અન્ય વિદ્યાર્થીઓને પણ પ્રેરણા મળી છે. કુ. મીનાક્ષી ભાંભણિયા ભવિષ્યમાં પણ આવી જ ઉત્કૃષ્ટ ઉપલીબ્ધિઓ મેળવતી રહેશે અને શાળાનું નામ રોશન કરશે એવી શાળા પરિવારે આશા સાથે અભિનંદન પાઠવ્યા હતા.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**સંઘપ્રદેશ દાનહ અને...**

આ વર્ષે, આ સ્પર્ધા પાવરગ્રીડ મગરવાડા સબસ્ટેશન દ્વારા ૨૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ દમણ સબસ્ટેશન ખાતે યોજવામાં આવી હતી. જેમાં એ અને બી બંને જૂથોમાંથી પસંદ કરાયેલા કુલ ૧૦૦ બાળકોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. અત્રે આયોજીત ચિત્ર સ્પર્ધાના વિષયો આ પ્રમાણે હતા. જેમાં (૧) એક ઘર, એક તક - ઊર્જા બચાવો અને (૨) ઊર્જા સંરક્ષણ મારી જવાબદારી, આપણું ભવિષ્ય.

આ સ્પર્ધામાં પશ્ચિમ ક્ષેત્ર-II ના પ્રાદેશિક વડા શ્રી રાજેશ કુમાર ગુપ્તા, મુખ્ય મહાપ્રબંધક (નવી નવસારી), ગુરુગ્રામના મુખ્ય મહાપ્રબંધક શ્રી અંજન સાન્યાલ, મુખ્ય મહાપ્રબંધક સેન્ટ્રલ ઓફિસ વડોદરા શ્રી ડી.કે. ગુપ્તા અને દાદરા નગર અને દમણ-દીવના સહાયક શિક્ષણ નિયામક શ્રી રાજેશ જે. હળપતિ ઉપસ્થિત રહ્યા હતા.

પાવરગ્રિડ વતી, સિનિયર ડેપ્યુટી જનરલ મેનેજર અને રાજ્ય નોડલ ઓફિસર શ્રીમતી મરિયમ્મા થોમસ, અધિકારીઓ અને કર્મચારીઓ પણ હાજર રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં શ્રીમતી મરિયમ્મા થોમસે ચિત્ર સ્પર્ધા - ૨૦૨૫ પર અહેવાલ રજૂ કર્યો હતો. આ અવસરે પશ્ચિમ ક્ષેત્ર-II ના પ્રાદેશિક વડા શ્રી રાજેશ કુમાર ગુપ્તાએ બાળકોને ઊર્જા બચાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા અને તેમના આશીર્વાદથી તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

ઈનામ વિતરણ સમારોહમાં, દરેક શ્રેણીના વિજેતાઓને પ્રથમ, દ્વિતીય, તૃતીય અને દસ પ્રોત્સાહન ઈનામો આપવામાં આવ્યા હતા.

આ સંઘપ્રદેશ સ્તરીય ચિત્ર સ્પર્ધા ૨૦૨૫માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનારા વિજેતાઓને ડિસેમ્બર-૨૦૨૫માં યોજાનારી રાષ્ટ્રીય ચિત્ર સ્પર્ધા ૨૦૨૫માં ભાગ લેવા માટે દિલ્હી મોકલવામાં આવશે.


અંતમાં, પાવરગ્રીડના શ્રીમતી કવિતા દેશમુખે સૌનો આભાર માન્યો હતો અને તમામ બાળકોને તેમના ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

આજે યોજાયેલી ચિત્ર સ્પર્ધામાં ગ્રુપ A ના વિજેતાઓમાં પ્રથમ ક્રમે કુ. રિયા સિંહ(બાપાસ સ્વામિનારાયણ, સેલવાસ), બીજા ક્રમે કેનિલ પટેલ (હોલી ટ્રિનિટી સ્કૂલ) અને ત્રીજા ક્રમે અખંડ ગુપ્તા(પીએમ શ્રી જેએનવી, સલવાસ) રહ્યા હતા. જ્યારે ગ્રુપ Bના વિજેતાઓમાં પ્રથમ ક્રમે બીએપીએસ સ્વામિનારાયણ વિદ્યાલય, સેલવાસના શ્રી અંકિત કુમાર, અનિલ સિંહ, બીજા ક્રમે ફાધર એગ્નેલો ઈંગ્લિશ સ્કૂલ, સલવાસના કુ. પાર્થવી દિલીપ પટેલ અને ત્રીજા ક્રમે સરકારી હાઈ સ્કૂલ, સેલવાસના ચૌધરી બંદના ત્રિભુવન રહ્યા હતા.

વાપી, વલસાડ, નવસારી, સુરત-તાપી, ભરૂચ - ગુજરાત
સવારની ચા સાથે તો માત્ર
વર્તમાન પ્રવાહ
દમણ ● શનિવાર, ૨૯ નવેમ્બર, ૨૦૨૫


## ધરમપુર ખાતે રાજ્ય સરકારની ૧૨મી 'ચિંતન શિબિર'માં દ્વિતીય દિનની શરૂઆત યોગાભ્યાસથી

# ઉચ્ચ અધિકારીઓએ મનની એકાગ્રતા, શાંતિ, સ્ટ્રેસ મેનેજમેન્ટ અને આંતરિક શક્તિમાં વૃદ્ધિ માટે એડવાન્સ મેડિટેશન યોગ કર્યા



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૮**

રાજ્ય સરકાર દ્વારા ધરમપુર ખાતે યોજાઈ રહેલી ૧૨મી 'ચિંતન શિબિર-૨૦૨૫'ના દ્વિતીય દિનની શરૂઆત શારીરિક અને માનસિક તંદુરસ્તી પર કેન્દ્રિત યોગસત્રથી થઈ હતી. આશ્રમના પરિસરમાં પ્રાતઃકાળે યોજાયેલા યોગસત્રમાં ઉચ્ચ અધિકારીઓએ સક્રિય ભાગ લીધો હતો અને શ્રીમદ્ રાજચંદ્રજીની વિશાળ પ્રતિમાના સાન્નિધ્યમાં સામૂહિક યોગાભ્યાસ કર્યો હતો.

ખાસ કરીને મનની એકાગ્રતા અને શાંતિ, સ્ટ્રેસ મેનેજમેન્ટ અને આંતરિક શક્તિમાં વૃદ્ધિ માટે લોકપ્રિય એવા એડવાન્સ મેડિટેશન યોગના વિવિધ આસનો કર્યા હતા.


આશ્રમના યોગ પ્રશિક્ષિકો આત્માર્પિત અપૂર્વજી અને આત્માર્પિત માનસીજીએ યોગાભ્યાસ કરાવ્યો હતો. આ ઉપરાંત, યોગ પ્રશિક્ષકોએ પરંપરાગત અને આધુનિક યોગપદ્ધતિઓના સંયોજન રૂપે લાઠી સાથે યોગ અભ્યાસ કરાવ્યો હતો. આ અનોખા યોગ અભ્યાસ દ્વારા શરીરની લવચીકતા, સંતુલન અને કાર્યક્ષમતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

## ધરમપુર ખાતે રાજ્ય સરકારની ૧૨મી 'ચિંતન શિબિર'ના બીજા દિવસે

# 'સામૂહિક ચિંતનથી સામૂહિક વિકાસ'ની નેમ સાકાર કરતા પાંચ ગ્રૂપ ડિસ્કશન્સમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને મંત્રીઓ સહભાગી થયા









## વિકસિત ગુજરાત માટે ક્ષમતા નિર્માણ, પોષણ અને જાહેર આરોગ્ય, ગ્રીન એનર્જી અને એન્વાયરમેન્ટ, જાહેર સલામતી અને સેવાક્ષેત્રમાં ગુજરાતને ૨૦૪૭ સુધીમાં વધુ સંગીન બનાવીને વિકસિત ભારત@૨૦૪૭ માટે અગ્રેસર રાખવાનું સામૂહિક મંથન થયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૮**

સામૂહિક ચિંતનથી સામૂહિક વિકાસના ધ્યેય સાથે યોજાઈ રહેલી આ ચિંતન શિબિરના બીજા દિવસના પ્રથમ સત્રના ગ્રુપ ડિસ્કશન્સમાં મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી સહિત મંત્રીશ્રીઓ અને મુખ્ય સચિવશ્રી એમ.કે. દાસ સક્રિયપણે સહભાગી થયા હતા.

વિકસિત ગુજરાત માટે ક્ષમતા નિર્માણ અને વ્યક્તિગત કામગીરી મૂલ્યાંકન, સંવર્ગોની પુનઃ રચના તથા સતત તાલીમ અને ક્ષમતા નિર્માણ માટેનું પ્લેટફોર્મ પૂરૂ પાડવું જેવા વિષયો પરના ચર્ચાસત્રમાં કૃષિમંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી, શ્રમ કૌશલ્ય વિકાસ મંત્રીશ્રી કુંવરજી બાવળિયા, કૃષિ રાજ્યમંત્રીશ્રી રમેશભાઇ કટારા અને ઉચ્ચ શિક્ષણ રાજ્યમંત્રીશ્રી ત્રિકમભાઇ છાંગાએ શિબિરાર્થી વરિષ્ઠ સચિવો, જિલ્લા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓ અને સુપર ન્યુમરી આસિસ્ટન્ટ કલેક્ટરોએ વિકસિત ગુજરાત@૨૦૪૭ માટે ક્ષમતા નિર્માણથી ગુજરાતની સ્થાપનાના ૭૫ વર્ષ ૨૦૩૫માં ઉજવાય ત્યાં સુધીના દાયકામાં રાજ્યને માનવ સંસાધન વિકાસ, વર્કફોર્સનું કેપેસીટી બિલ્ડીંગ માટેના પ્લેટફોર્મ પૂરૂં પાડીને ભવિષ્યલક્ષી ટેકનોલોજીથી સજ્જ માનવબળ માટેની દિશામાં ચિંતન કર્યું હતું.

પોષણ અને જાહેર આરોગ્યના ચર્ચાસત્રમાં રાજ્યમાં માતા મૃત્યુદર અને શિશુ મૃત્યુદર, એનીમીયા અને પાંચ વર્ષથી નાના બાળકોમાં વેસ્ટીંગ, અન્ડરવેઇટ અને સ્ટન્ટિંગમાં રાજ્યની સ્થિતિ તથા કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો લાભ આવા અસરકર્તાઓને આપીને તેમની પોષણ સ્થિતિ સુધારવા માળખાકીય સુવિધાઓનું વિસ્તરણ અને સુદ્દઢીકરણ, ટેકનોલોજી આધારિત સુધારાઓ મહત્વના સૂચકાંકો પર ફોકસ કરવું જેવા જનસુખાકારીને સ્પર્શતા વિષયો પર સહભાગીઓને ચર્ચા કરી હતી.

આ સત્રમાં સામાજીક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી પ્રદ્યુમન વાંજા, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી રમણભાઇ સોલંકી, આરોગ્ય રાજ્યમંત્રીશ્રી પ્રફુલ્લભાઇ પાનશેરીયા, કુટિર અને ગ્રામદ્યોગ રાજ્યમંત્રી સ્વરૂપજી ઠાકોર અને સનદી અધિકારીઓ જોડાયા હતા.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો તથા ૨૦30 સુધીમાં ૫૦૦ ગીગાવોટ નોન ફોસીલ ઊર્જાના ઉપયોગ સહિત મિશન લાઇફ અને એક પેડ મા કે નામ જેવા પર્યાવરણલક્ષી વિચારો આપેલા છે તેને વધુને વધુ ગ્રીન એનર્જીના ઉત્પાદન અને ઉપયોગ તેમજ ગર્વનન્સમાં ગ્રીન એનર્જીથી પર્યાવરણ સંરક્ષણ માટેની હાલની કાર્યયોજના તથા ઊર્જા સ્વાવલંબન અને વિશ્વસનીયતા તેમજ કલાઈમેટચેન્જની અસરો, સરક્યુલર ઈકોનોમી અંગે ગહન ચિંતન મંથન શિબિરના હરિત ઊર્જા અને પર્યાવરણ- શાસનમાં ગ્રીન પાવરના ઉપયોગ સત્રમાં કરવામાં આવ્યું હતું.

આ ચર્ચાસત્રમાં ઊર્જા મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ, વન પર્યાવરણ મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા, જળસંપત્તિ અને પાણી પુરવઠા રાજ્યમંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ, રાજ્યમંત્રીશ્રીઓ સર્વશ્રી ડો.મનિષા વકીલ, કૌશિકભાઇ વેકરીયા અને પ્રવિણભાઇ માળી તથા આઇ.એ.એસ. અધિકારીઓ સહભાગી થયા હતા.

શિબિરમાં યોજાયેલા જાહેર સલામતિ પબ્લિક સેફટીના ચર્ચાસત્રમાં રસ્તા, પુલો, સરકારી ઈમારતો જેવા ઈન્ફ્રાસ્ટ્રકચરમાં નાગરિક સુરક્ષા અને સલામતી માટે કાર્યક્ષમ અને વિશ્વસનીય સ્ટ્રક્ચર્સ, પાણી પુરવઠા માળખું, ગટર વ્યવસ્થાનું પુનર્વસન અને મજબૂતીકરણ, ટ્રાફિક મેનેજમેન્ટ, ફાયર સેફટી અને ઈમરજન્સી સર્વિસીસ જેવા લોકોને વ્યાપક રીતે સ્પર્શતા વિષયોમાં ટેકનોલોજી ઈન્ટિગ્રેશન, ટ્રાન્સપરન્સી, કલેક્ટીવ રીસ્પોન્સીબીલીટી, જાગૃતિ અભિયાન જેવા આયોજનો માટેની હાલની સ્થિતિ અને ભવિષ્યલક્ષી આયોજનો અંગે ગ્રુપ ડીસ્કશન કરવામાં આવ્યું હતું.

આ ચર્ચાસત્રમાં આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઇ પટેલ, શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા અને વરિષ્ઠ સનદી અધિકારીઓ તથા જિલ્લા કલેક્ટરશ્રીઓ અને જિલ્લા વિકાસ અધિકારીઓ જોડાયા હતા.

સેવાક્ષેત્રની વૃદ્ધિ અને વૈવિધ્યકરણ વિષયક સત્રમાં રોજગારી, આઇ.ટી. અને આઇ.ટી.ઇ.એસ. સેક્ટર ગ્લોબલ કેપેસીટી સેન્ટર, નાણાંકીય સેવાઓ, ઉત્પાદન સંલગ્ન સેવાઓ, બંદર સંચાલિત સેવાઓ, ગિગ, કેર અને ગ્રીન ઈકોનોમી સાથે જોડાયેલી સેવાઓમાં વર્તમાન ક્ષેત્રીય પરિદ્દશય અને આ ક્ષેત્રમાં હાથ ધરવામાં આવેલી મુખ્ય પહેલો તથા ભાવિ આયોજનોથી ગુજરાતને સેવાક્ષેત્રે પણ અગ્રીમ બનાવવાની દિશામાં આ સત્રમાં જોડાયેલા સૌએ પોતાના સુઝાવો અને મંતવ્યો વ્યક્ત કર્યા હતા.

આ ચર્ચાસત્રમાં નાણાં અને શહેરીવિકાસમંત્રીશ્રી કનુભાઇ દેસાઇ, રમગમત રાજ્યમંત્રીશ્રી ડો. જયરામભાઇ ગામીત, નાણાં રાજ્યમંત્રીશ્રી કમલેશ પટેલ, મહેસૂલ અને આપતિ વ્યવસ્થાપન રાજ્યમંત્રીશ્રી સંજયસિંહ મહિડા, આદિજાતિ વિકાસ રાજ્યમંત્રીશ્રી પી. સી. બરંડા તથા શિક્ષણ રાજ્યમંત્રી શ્રીમતી રીવાબા જાડેજા અને મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકારશ્રી ડો. હસમુખ અઢીયા જોડાયાહતા.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વિકસિત ભારત@૨૦૪૭નો જે સંકલ્પ આપ્યો છે તેને વિકસિત ગુજરાતથી પાર પાડવા માટે બારમી ચિંતન શિબિરના બીજા દિવસના આ ચર્ચાસત્રો વધુ વેગ આપશે.

# રામદેવજી મંદિર જલાલપોર ખાતે આયુષ મેળો યોજાયો: ૫૮૭ લાભાર્થીઓએ આયુર્વેદ અને હોમિયોપેથી પદ્ધતિ દ્વારા તમામ રોગોનું નિદાન-સારવાર કેમ્પનો લાભ લીધો





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૨૮**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નિયામકશ્રી આયુષ કચેરી ગાંધીનગરની પ્રેરણાથી જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી, નવસારી-વૈધ. કાજલબેન મઢીકરના માર્ગદર્શન હેઠળ રામદેવજી મંદિર, ગૌરીશંકર મહોલ્લા, તા. જલાલપોર ખાતે આયુર્વેદ શાખા નવસારી દ્વારા આયુષ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા આયુર્વેદ અધિકારી વૈદ્ય કાજલબેન મઢીકર દ્વારા આયુષ મેળા અને આયુષ શાખાની કામગીરી વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમજ સાંપ્રત સમયમાં લોકો આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિનો વધુમાં વધુ લાભ લે તેમ જણાવી સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ વધે તેવી અપીલ કરી હતી. આયુષ મેળામાં કુલ ૫૮૭ લાભાર્થીઓએ આયુર્વેદ અને હોમિયોપેથી પદ્ધતિ દ્વારા તમામ રોગોનું નિદાન-સારવાર કેમ્પનો લાભ લીધો હતો. આ સાથે દિનચર્યા, ઋતુચર્યા, યોગ નિદર્શન તેમજ જરૂરી યોગ માર્ગદર્શન, પ્રકૃતિ પરિક્ષણ, જીરિયાટ્રીક ઓપીડી, રોગોથી બચવા માટે આયુર્વેદ હોમિયોપેથિક દવા વિતરણ, ઔષધીય વનસ્પતિનું પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું. આયુષ મેળામાં આયુષ્માન આરોગ્ય મંદિરના યોગ ઈન્સ્ટ્રકટર દ્વારા યોગાસનોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

આયુષ મેળામાં વૈદ્ય ખ્યાતિબેન પટેલ મેડિકલ ઓફિસર તવડી, બળવંતભાઈ હળપતિ, તૃપ્તિબેન પટેલ, પોલીસ ઈન્સ્પેક્ટર જલાલપોર લાડુમોર, રામદેવજી મંદિર ટ્રસ્ટના રમેશભાઈ રૂડાણી, પરસોત્તમભાઈ કાનાણી, નવસારી જિલ્લાના યોગ કો ઓર્ડીનેટર, કેસરબા વિદ્યાલયના શિક્ષક શ્રીમતી વર્ષાબેન પટેલ, જલાલપોર તાલુકાના ICDS વિભાગ, તેમજ કર્મચારીશ્રી ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડના ભાગલ ખાતે ઘરેલું હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ ૨૦૦૫ અંતર્ગત કાયદાકીય શિબિર યોજાઈ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૮**

વલસાડ તાલુકાની ભાગલ પ્રાથમિક શાળા ખાતે તા.૨૦-૧૧-૨૦૨૫ ના રોજ ઘરેલું હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ ૨૦૦૫ અંતર્ગત કાયદાકીય શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત અને પ્રાસંગિક ઉદ્બોધન દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ શ્રીમતી શ્વેતાબેન આર દેસાઇ, મહિલા અને બાળ અધિકારીશ્રી, વલસાડ દ્વારા મહિલાલક્ષી વિવિધ યોજનાકીય વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ શિબિરમાં ૧૦૫ મહિલાઓએ ભાગ લીધો હતો.

કમલેશ ગીરાસે, દહેજ પ્રતિબંધક સહરક્ષણ અધિકારીશ્રી વલસાડ દ્વારા ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત વિગતવાર માહિતી અને વિવિધ હિંસાના પ્રકાર વિશે સમજાવવામાં આવ્યું હતું. બી.જી. પોપટ, સચિવશ્રી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ વલસાડ દ્વારા મહિલાઓને કાયદાકીય માર્ગદર્શન, આનંદભાઈ પટેલ, સરપંચશ્રી મહિલાઓને વિવિધ ગૃહઉદ્યોગો વિશે તેમજ અન્ય યોજનાઓનો લાભ મેળવવા માટે માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં મેસેન્જર બેગ અને યોજનાકીય પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. DHEWના કર્મચારી દ્વારા આભારવિધિ કરીને કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ગ્રામ પંચાયતના સભ્યો, ગ્રામજનો, ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વીમેનના કર્મચારીઓ, પોલીસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટર વલસાડ સ્ટાફ, સખી વન સ્ટોપ સેન્ટર વલસાડના સ્ટાફ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

# કેન્દ્ર સરકારે હવે સાયબર ક્રાઈમના ક્ષેત્રે પણ વધુ કડક અને નવા કાયદાઓ ઘડવાની જરૂર

**થો**ડા દિવસો પહેલાં દેશમાં ૨૯ જૂના કાયદાઓ રદ્ કરીને નવા શ્રમ કાયદા લાગુ કરાયા છે અને તેના કારણે ૪૦ કરોડ જેટલા કામદારોને સામાજિક સુરક્ષા મળશે, તેવો દાવો કેન્દ્રની મોદી સરકારે કર્યો છે. તે પહેલાં પણ મોદી સરકારે ઘણાં બિનજરૂરી કાયદાઓ નાબૂદ કર્યા છે. બ્રિટિશ સલ્તનતના શાસનકાળમાં ઘડાયેલા આઈપીસી, સીઆરપીસી તથા એવિડેન્સ એક્ટની જગ્યાએ ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ-૨૦૨૩), ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બીએનએસએસ ૨૦૨૩) અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ (બીએસએ ૨૦૨૩) લાગુ કર્યા હતા અને ગુનો, સજા, દંડ, પ્રક્રિયા અને કલમોમાં ફેરફાર કરીને વર્તમાન યુગને અનુરૂપ કાયદાઓ ઘડવાની તાર્કિક દલીલો સાથે સંસદમાં લાંબી ચર્ચાઓ પણ આ સંદર્ભે થઈ હતી.

આપણાં દેશમાં વર્ષ ૧૯૩૦ થી ૧૯૫૦ વચ્ચે બ્રિટિશ શાસન દરમ્યાન શ્રમ કાયદાઓ ઘડાયા હતા, જેમાં વર્તમાન સમયની જરૂરિયાતો, શ્રમના પ્રકારો તથા શ્રમિકોના હિતો પ્રતિબિંબિત થતા નહોતા. જૂના કાયદાઓમાં ફિક્સપગાર, ગિગ વર્કર્સ, માઈગ્રેશન ઓફ લેબર્સ અને પ્લેટફોર્મ વર્કર્સ કે લેબર્સ કોન્ટ્રાક્ટ્સ જેવા મુદ્દાઓ નહોતા. આ પ્રકારના શબ્દપ્રયોગો પણ જૂના કાયદાઓમાં જોવા મળતા નહોતા. તેથી જૂના ૨૯ કાયદાઓ હટાવીને શ્રમિકોના હિતોને સાંકળીને નવા કાયદાઓને અમલ લવાયા હોવાનો દાવો કરાયો છે, અને ગિગ વર્ક, પ્લેટફોર્મ વર્ક, એગ્રીગેટર્સની વ્યાખ્યાઓ નિયત કરીને નવી શ્રમ સંહિતામાં ફિક્સ્ડ પગારથી કામ કરતા કામદારો, ટર્મ કર્મચારીઓને પણ કાયમી કર્મચારીઓની જેમ જ સમાન ધોરણે રજા, પગાર, મેડિકલ સહાય અને સામાજિક સુરક્ષાનો અધિકાર મળશે અને પાંચ વર્ષ પછી જ ગ્રેચ્યુઈટીનો અધિકાર મળશે. દૃશ્ય શ્રાવ્ય માધ્યમો, પ્લાન્ટેશન, ડિજિટલ મીડિયા, ઈલેક્ટ્રોનિક મીડિયા, પત્રકારો, ડબિંગ કલાકારો, સ્ટંટ કલાકારો, ખાણ કામદારો, જોખમી ઉદ્યોગો, ટેક્ષ્ટાઈલ, આઈ.ટી., આઈ.ટી.એસ. કામદારો, પોર્ટસ અને એક્સપોર્ટસ ક્ષેત્રના કામદારો તથા કર્મચારીઓને પણ નવા કાયદાઓ હેઠળ આવરી લેવાયા હોવાનો પણ દાવો કરાયો છે. આ કાયદાઓના સુદૃઢ અમલ તથા શ્રમિકો કામદારો કર્મચારીઓના હિતોના રક્ષણ માટે પ્રવર્તમાન કાનૂની વ્યવસ્થાઓ ઉપરાંત બે સભ્યોની નવી ઔદ્યોગિક ટ્રિબ્યુનલની વ્યવસ્થા કરાશે, તથા જ્યાં ૯૫૦૦ થી વધુ કામદારો હોય, ત્યાં સલામતિ સમિતિઓ ફરજિયાત કરાશે. સરકારે દાવાઓ તો ઘણાં કર્યા છે, પરંતુ હવે 'નિવડે વખાણ થાય...'ની કહેવત મુજબ જસ્ટ વેઈટ એન્ડ વોચ... આ જ રીતે કેન્દ્ર સરકારે હવે સાયબર ક્રાઈમના ક્ષેત્રે પણ વધુ કડક અને નવા કાયદાઓ ઘડવાની જરૂર છે. ડિજિટલ પેમેન્ટ અને ઓનલાઈન બેન્કિંગના ઘણાં ફાયદા છે અને ટ્રાન્સપરન્ટ વ્યવહારોના કારણે બ્લેકમની પ્રોડક્શન તથા ગેરકાનૂની નાણાકીય વ્યવહારો પર અંકુશ આવે છે, એ ખરૂં, પરંતુ સિક્કાની બીજી બાજુ પણ છે... દાદરા નગર હવેલી અને દમણ-દીવ તથા ગુજરાત સહિત દેશમાં સાયબર ક્રાઈમની ઘટનાઓ દિન-પ્રતિદિન ઝડપભેર વધી રહી છે, અને ગુજરાત તેમાં પણ નંબર વન હોવાનું સામે આવ્યું છે. તાજેતરના અહેવાલો મુજબ ગુજરાતમાં દર કલાકે સાયબરની ૨૧ ફરિયાદો એવરેજ નોંધાય છે. છેલ્લા નવ મહિનામાં જ ગુજરાતીઓ સાથે રૂા. ૧૦૧૧ કરોડની ઠગાઈ થઈ હોવાનું બહાર આવ્યું છે. ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષના સાયબર ક્રાઈમ ૩૦ ટકા જેટલો વધ્યો હોવાના તારણો નીકળ્યા છે. નાણાકીય રોકાણમાં લોભામણી લાલચો આપીને સૌથી વધુ છેતરપિંડી થાય છે, ગુજરાતમાં નવ હજારથી વધુ લોકો તો લલચામણી જાહેરાતોમાં લોભાઈને જ રૂા. ૪૦૦ કરોડ જેટલી રકમ ગુમાવી બેઠા છે. ઓટીઝ, કાર્ડ ફ્રોડ અને ખોટી ઓળખાણ આપીને છેતરપિંડીના કિસ્સાઓ પણ વધ્યા છે. માત્ર ખોટી ઓળખ આપીને જ ગઠિયા ઠગોએ ૨૭ હજારથી વધુ લોકો સાથે ઠગાઈ કરીને રૂા. ૧૩૭ કરોડ જેવી માતબર રકમ ખંખેરી છે. આમ, ગુજરાતમાં સાયબર ઠગો માટે મોકળું મેદાન મળી ગયું હોવાની ટિકાટિપ્પણીઓ પણ થઈ રહી છે.

ગુજરાતમાં વર્ષ ૨૦૨૦માં એવરેજ દરરોજ ૧૫૫ ફરિયાદો નોંધાતી હતી, એટલે કે પ્રતિ કલાક ૬ ફરિયાદો થતી હતી, જે ચાલુ વર્ષે વધીને પ્રતિ કલાક ૨૧ એટલે કે દરરોજની ૫૨૦ જેટલી ફરિયાદો નોંધાઈ છે. છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૩૩૮૭ કરોડ રૂપિયા ગુજરાતીઓએ ગુમાવ્યા હોય, તો રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારે હવે 'હાઈટેક' નવા કાયદાઓ પણ ઘડવા જ પડે તેમ છે., કારણ કે વર્તમાન યુગને અનુરૂપ ઘડાયેલા નવા કાયદાઓમાં પણ દરરોજ અપડેટ થતી ઈન્ટરનેટ આધારિત બેંન્કિંગ અને ડિજિટલ સિસ્ટમોને અનુરૂપ નવા કાયદા અને તાલીમબદ્ધ અલાયદી પોલિસીંગ વ્યવસ્થા પણ ઊભી કરવી અથવા વિસ્તારવાની જરૂર છે. જો કે, ગુજરાતમાં સાયબર સેલ આ પ્રકારના ગુનાઓને પકડવા નિષ્ઠાપૂર્વક કાર્યરત છે અને જરૂર મુજબનું આધુનિકરણ પણ થાય છે, પરંતુ સાયબર ક્રાઈમના નવા સ્વરૂપો તથા આંતરરાષ્ટ્રીય વ્યાપને જોતાં સતત અદ્યતન તાલીમ સાથે વર્કફોર્સને કાનૂની પીઠબળ પણ જરૂરી છે, અને સાયબર ઠગોમાં કાનૂનનો ડર પ્રવેશે તેવા નવા કાયદા ઘડવા અત્યંત જરૂરી છે.

# પરમાત્મા તત્ત્વને જે જાણે છે તેઓનામાં શું વિશેષતા હોય છે?

**શ્રી**મદ્ ભગવદ્ ગીતાના પંદરમા અધ્યાયને પુરૂષોત્તમ યોગ નામથી કહેવામાં આવે છે. આ અધ્યાયનો પાઠ જ્ઞાન વૈરાગ્ય અને ભગવદ્ચિંતન વધારે છે. આજે પંદરમા અધ્યાયના શ્લોક ૧૧નું ચિંતન કરીશું જેમાં પરમાત્મા તત્વને જે જાણે છે તેઓનામાં શું વિશેષતા હોય છે? અને જેઓ યત્ન કરવા છતાં પણ પરમાત્મા તત્વને જાણતા નથી તેઓનામાં શું કમી હોય છે? તેનું વર્ણન કરતાં ભગવાન કહે છે કે..

યતન્તો યોગિનશ્ચૈનં પશ્યન્ત્યાત્મન્યવસ્થિતમ્
યતન્તોઽપ્યકૃતાત્માનો નૈનં પશ્યન્ત્યચેતસઃ ॥૧૧॥

યત્ન કરનારા યોગીજનો પોતાના હૃદયમાં સ્થિત આ પરમાત્મા તત્ત્વનો અનુભવ કરે છે, પરંતુ જેમને પોતાનું અંતઃકરણ શુદ્ધ કર્યું નથી એવા અજ્ઞાનીજનો યત્ન કરતા રહેવા છતાં પણ આ તત્ત્વનો અનુભવ કરી શકતા નથી.

ભક્તિયોગ દ્વારા પરમાત્માને પ્રાપ્ત, નિત્ય નિરંતર પરમાત્મા સાથે સંયુક્ત પુરૂષનું નામ 'યોગી' છે. વાસ્તવમાં કોઈપણ મનુષ્યનો પરમાત્માથી ક્યારેય વિયોગ થયો નથી, છે નહીં, થઈ શકતો નથી અને સંભવ પણ નથી. આ વાસ્તવિકતાનો જણે અનુભવ કર્યો તે યોગી. આવો ભક્ત પરમાનંદના અક્ષયઅનંત ભંડાર પ્રભુ પરમાત્માની પ્રત્યક્ષ અનુભૂતિ કરી લે છે તેથી સદાય તે સંતુષ્ટ રહે છે .સંસારી મનુષ્યને જે સંતોષ થાય છે તેની ખાત્રી થતાં અસંતોષ ઉત્પન્ન થાય છે તેથી તે હંમેશાં સંતુષ્ટ રહી શકતો નથી.

આ દ્રશ્યમાન જગતને બનાવનાર, ચલાવનાર અને વિનાશ કરનાર પરમાત્મા નિરાકાર છે. એક પ્રભુ પરમાત્મા જ એકમાંથી અનેક બનીને સમગ્ર સૃષ્ટિને ચલાવી રહ્યા છે. પરબ્રહ્મ પરમાત્મા નિરાકાર અને જાણવા યોગ્ય છે. બ્રહ્મવેત્તાની કૃપાથી તેને માનવ શરીરમાં રહીને જાણી શકાય છે, કેમકે બ્રહ્માનુભૂતિ જ મનુષ્ય યોનિની સાર્થકતા છે. પરમાત્માનું જ્ઞાન પ્રદાન કરનાર વિભૂતિને સદ્ગુરૂ કહે છે. સર્વ શક્તિમાન પરમાત્માને અંગસંગ જાણ્યા બાદ જ અહમ્ ભાવ દૂર થાય છે, દાસ ભાવનાનો જન્મ થાય છે, નમ્રતા જીવનનું અંગ બને છે. કર્તાની જાણકારી પછી જ સંતુષ્ટિનો ભાવ આવે છે.

પરમાત્માને ફક્ત માનવાથી કામ ચાલતું નથી. માનવું એ કલ્પના હોય છે, અસત્ય હોય છે અને જાણવું એ જ્ઞાન હોય છે, વાસ્તવિકતા હોય છે. આજે સૌથી વધુ પ્રમાણમાં લોકો પરમાત્માને જાણીને નહી પરંતુ માનીને ચાલે છે. જ્યારે તુલસીદાસજીએ કહ્યું છે કે 'જાને બિનુ ન હોઈ પરતીતિ, બિનુ પરતીતિ હોઈ નહિ પ્રીતિ' જાણ્યા વિના વિશ્વાસ આવતો નથી, વિશ્વાસ પ્રાપ્ત થાય વિના પ્રીતિ થતી નથી અને પ્રીતિ પ્રાપ્ત થયા વિના ભક્તિમાં દ્રઢતા થતી નથી. સિયારામ મય બસ જગ જાની કરહું પ્રણામ જોરી જુગ પાની તેમને 'જાની'ના બદલે 'માની' નથી લખ્યું કેમ? કારણ કે તે જાણતા હતા કે જાણવામાં અને માનવામાં સત્ય-અસત્ય, દિવસ-રાત અને આકાશ-પાતાળ જેટલું અંતર છે.

જેનો એકમાત્ર ઉદ્દેશ્ય પરમાત્માતત્ત્વને પ્રાપ્ત કરવાનો છે તેઓનામાં અસંગતા નિર્મમતા અને નિષ્કામતા આપમેળે આવી જાય છે. પરમાત્માતત્ત્વથી સ્થળ કાળનું અંતર નથી. તે સમાનરૂપે સર્વત્ર તેમજ સદૈવ વિદ્યમાન છે તે જ સર્વ ભૂતોના હૃદયમાં સ્થિત સર્વના આત્મા છે. એટલા માટે યોગી લોકો પોતાની જાતમાં જ આ તત્ત્વનો અનુભવ કરી લે છે.

સત્તા બે પ્રકારની હોય છેઃ વિકારી અને સ્વતઃ સિદ્ધ. જે સત્તા ઉત્પન્ન થયા પછી પ્રતિત થાય છે તે વિકારી સત્તા કહેવાય છે અને જે સત્તા ક્યારેય ઉત્પન્ન થતી નથી પરંતુ હંમેશાં અનાદિ કાળથી જેમ છે તેમ રહે છે તે સ્વતઃ સિદ્ધ સત્તા કહેવાય છે. આ દ્રષ્ટિએ સંસાર તેમજ શરીરની સત્તા વિકારી અને પરમાત્મા તેમજ આત્માની



ગીતામૃતમ્
વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ
(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫

સત્તા સ્વતઃસિદ્ધ છે.

જીવે ભગવત્પ્રદત્ત વિવેકનો અનાદર કરીને જડ શરીરને હું અને મારૂં માની શરીર સાથે સંબંધ માની




લીધો આ જ જીવના બંધનનું કારણ છે. આ સંબંધ એટલો દ્રઢ છે કે મરવા છતાં છૂટતો નથી અને કાચો એટલો છે કે જ્યારે ઈચ્છે ત્યારે છોડી શકાય છે. વ્યષ્ટિમાં સમષ્ટિ અને સમષ્ટિમાં વ્યષ્ટિ રહેલી છે. જેમ સમુદ્ર અને લહેરો બંન્નેને એકબીજાથી અલગ કરી શકાતાં નથી તેવી જ રીતે આત્મા અને પરમાત્માને એક બીજાથી અલગ કરી શકાતાં નથી. સંસારમાં સુખાશક્તિ અને પરમાત્માથી વિમુખતા થઈ હોવાથી જ પરમાત્માનો પોતાની જાતમાં અનુભવ થતો નથી. પોતાની જાતમાં સ્થિત આત્મસ્થ પરમાત્માને જે જ્ઞાની મનુષ્યો નિરંતર દેખતા રહે છે તેમને જ શાશ્વત સુખ પ્રાપ્ત થાય છે, બીજાને નહીં.

કાનથી સાંભળીને, મનથી મનન કરીને, બુદ્ધિથી વિચાર કરીને.. વગેરે ઉપાયોથી કોઈ તત્ત્વને જાણી શકતો નથી, કારણ કે ઈન્દ્રિયો મન બુદ્ધિ સ્થળ કાળ વસ્તુ વગેરે બધાં પ્રકૃતિનાં કાર્યો છે. પ્રકૃતિના કાર્યથી તે તત્ત્વને કેવી રીતે જાણી શકાય કે જે પ્રકૃતિથી સર્વથા અતિત છે. આમ પ્રકૃતિના કાર્યનો ત્યાગ (સંબંધ વિચ્છેદ) કરવાથી જ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. આ પરમાત્માતત્ત્વ ન તો પ્રવચનથી, ન બુદ્ધિથી અને ન તો બહુ સાંભળવાથી પ્રાપ્ત થઈ શકે છે. જેઓ પરમાત્માને પોતાના તથા પોતાને પરમાત્માના જાણે છે તે જ્ઞાનરૂપી નેત્રોવાળા યોગી લોકો શરીર ઈન્દ્રિયો મન બુદ્ધિ વગેરેથી પોતાને અલગ કરીને પોતાની જાતમાં સ્થિત પરમાત્મા તત્ત્વનો અનુભવ કરી લે છે, પરંતુ જેઓ શરીરને પોતાનું અને પોતાને શરીરનામાને છે તે વિમૂઢ અને અકૃતાત્મા પુરૂષો શરીર ઈન્દ્રિયો મન બુદ્ધિ વગેરેના દ્વારા યત્ન કરવા છતાં પણ પોતાની જાતમાં સ્થિત પરમાત્માતત્ત્વનો અનુભવ કરી શકતા નથી.

આત્મનિ અવસ્થિતમ્.. પદમાં ભગવાને પોતાને તમામ પ્રાણીઓના આત્મામાં સ્થિત સર્વવ્યાપી બતાવ્યા છે. આનો અનુભવ કરવા ચાર વાતો દ્રઢતાપૂર્વક માની લેવી જોઈએ. પરમાત્મા અહીં છે, પરમાત્મા અત્યારે છે, પરમાત્મા પોતાનામાં છે અને પરમાત્મા પોતાના છે. પરમાત્મા સર્વવ્યાપી હોવાથી અહીં પણ છે. સર્વ સમયે ત્રણે કાળમાં હોવાથી અત્યારે પણ છે. સર્વમાં હોવાથી પોતાનામાં પણ છે. આ દ્રષ્ટિએ પરમાત્મા અહીં હોવાથી તેમને પ્રાપ્ત કરવા માટે બીજી જગ્યાએ જવાની આવશ્યકતા નથી. અત્યારે હોવાથી એમની પ્રાપ્તિના માટે ભવિષ્યની પ્રતિક્ષા કરવાની આવશ્યકતા નથી. પોતાનામાં અંદર-બહાર ઓતપ્રોત હોવાથી એમને અન્યત્ર ખોળવાની આવશ્યકતા નથી અને પોતાના હોવાથી એમના સિવાય કોઈને પણ પોતાના માનવાની આવશ્યકતા નથી.

જેમને પોતાનું અંતઃકરણ શુદ્ધ કર્યું નથી, સંસારની વ્યક્તિ પદાર્થો વગેરેનું મહત્ત્વ રહેલું છે અને જેઓ શરીર વગેરેને પોતાનાં માનીને તેમનાથી સુખભોગની આશા રાખે છે તે પુરૂષોને અકૃતાત્માનઃ કહેવામાં આવે છે. સત-અસતના જ્ઞાન(વિવેક)ને મહત્ત્વ ન આપવાના કારણે એવા પુરૂષોને અચેતસઃ કહે છે. આવા પુરૂષો પરમાત્માતત્ત્વને પ્રાપ્ત કરવા ઈચ્છે છે. પરમાત્મા જડ પદાર્થોની સહાયથી નહીં પરંતુ જડતાનો ત્યાગ કરવાથી (સંબંધ વિચ્છેદ) કરવાથી પ્રાપ્ત થાય છે.

વિષયોમાં દોષદર્શન જ્ઞાનમાર્ગની સાધનાથી સંભવ બને છે. જ્ઞાની અસતનો ત્યાગ કરીને સતને ગ્રહણ કરે છે. સંસાર અને તેના તમામ પદાર્થો અસત અને અનિત્ય છે એવું માનીને જ્ઞાની પોતાના મનને વિષયોન્મુખ થવા દેતા નથી. જે જ્ઞાની હોય છે જેમને સદ્ગુરૂની કૃપાથી પ્રભુ પરમાત્માની ઓળખાણ કરી લીધી હોય છે તે આ જગતમાં રહેવા છતાં શરીરના માધ્યમથી પ્રભુ પરમાત્માના ધ્યાનમાં મગ્ન રહેતા હોય છે. જ્ઞાની ભક્તને અનુકૂળમાં અનુકૂળ અને પ્રતિકૂળમાં પ્રતિકૂળ પરિસ્થિતિ ઘટના વ્યક્તિ વસ્તુ વગેરે બધું ભગવત્સ્વરૂપ જ દેખાય છે. તેને અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિમાં ફક્ત ભગવત લીલા જ દેખાય છે. જ્ઞાની ભક્તોમાં સહેજપણ કોઈ ઈચ્છા હોતી નથી તેઓ ફક્ત ભગવાનના પ્રેમમાં જ મસ્ત રહે છે.

## નિફ્ટી ફ્યુચર ૨૬૦૮૮ પોઈન્ટ અતિ મહત્ત્વની સપાટીએ..!!!

# ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકાસ પામતા અર્થતંત્રોમાંનું એક હોવા છતાં, જીડીપી વૃદ્ધિ દરમાં ઘટાડો


### જીડીપી વૃદ્ધિ ઘટવાથી બેંકિંગ ફાઈનાન્સ, ઓટો સેક્ટર, આઈટી અને રિયલ એસ્ટેટ જેવા અગ્રણી ક્ષેત્રોમાં દબાણ વધવાની શક્યતા

**બીએસઈ સેન્સેક્સઃ** ઈન્ટ્રા ડે ટ્રેડિંગની શરૂઆતે બીએસઈ સેન્સેક્સ આગલા બંધ ૮૫૭૨૦ સામે ૮૫૭૯૧ પોઈન્ટના મથાળેથી ખુલીને નફારૂપી વેચવાલી દ્વારા ૮૫૫૭૭ પોઈન્ટના નીચા મથાળે જોવા મળી હતી. સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યો. દિવસ દરમ્યાન સરેરાશ ૩૯૨ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી ભારતીય શેરબજારનો સેન્સેક્સ ૧૩ પોઈન્ટના ઘટાડા સાથે ૮૫૭૦૬ પોઈન્ટ બંધ થયેલ..!!!

**નિફ્ટી ફ્યુચરઃ** ઈન્ટ્રા ડે ટ્રેડિંગની શરૂઆતે નિફ્ટી ફ્યુચર આગલા બંધ ૨૬૩૯૦ સામે ૨૬૩૪૧ પોઈન્ટના મથાળેથી ખુલીને સ્ટોક સ્પેસિફિક ઘટાડો નોંધાવી ૨૬૩૩૬ પોઈન્ટના નીચા મથાળા સુધી જોવા મળી હતી. નિફ્ટી ફ્યુચર આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યો હતો. સરેરાશ ૧૨૩ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી નિફ્ટી ફ્યુચર ૩ પોઈન્ટના ઘટાડા સાથે ૨૬૩૮૭ પોઈન્ટ બંધ થયો હતો..!!!

સ્થાનિક/વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો..., ફુગાવો ઘટતા રિઝર્વ બેન્કની મોનિટરી પોલિસી કમિટિ રેપો રેટમાં ઘટાડો કરશે તેવી ધારણાંએ આજે સપ્તાહના અંતિમ કારોબારી દિવસે ભારતીય શેરબજાર અફડાતફડીના અંતે સામાન્ય ઘટાડા સાથે બંધ રહ્યું હતું. અમેરિકાભારત વેપાર કરાર પર ચર્ચા, વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા શરૂ થયેલી ધીમી ગતિની લેવાલી તથા આવતા સપ્તાહે મળનારી રિઝર્વ બેન્કની બેઠક પહેલાં ભારતીય શેરબજારના મુખ્ય ઈન્ડાઈસિસે ગઈકાલે નવી ઊંચાઈઓને સ્પર્શી હતી, જો કે આજે ફંડોની સાવચેતી જોવા મળી હતી. આજે ફંડો દ્વારા ઊંચા મથાળે પ્રોફિટ બુકિંગ આવતા શરૂઆતી તબક્કામાં આવેલો સુધારો ધોવાઈ ગયો હતો અને મુખ્ય ઈન્ડાઈસિસ ઘટાડા સાથે બંધ રહ્યા હતા. સ્થાનિક સ્તરે વ્યાજ દરમાં કોઈપણ ઘટાડો ઉપભોગ માંગમાં વૃદ્ધિ કરાવશે તેવી અપેક્ષા ઉપરાંત અમેરિકન ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દર ઘટાડાશે તો વિદેશી રોકાણ પ્રવાહ ભારત તરફ ફરી શરૂ થવાની પણ આશા રખાઈ રહી છે.

કરન્સી માર્કેટની વાત કરીએ તો, શુક્રવારે અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો નબળો પડ્યો હતો, જ્યારે અમેરિકામાં ક્રૂડ ઓઈલનો સ્ટોક ૧૯ લાખ બેરલ્સ ઘટયો




હોવાના અહેવાલે વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવ ઊંચકાયા હતા.

**સેક્ટર મુવમેન્ટ...** બીએસઈ પર મીડકેપ ઈન્ડેક્સ ૦.૦૪% અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૧૩% ઘટીને બંધ રહ્યા હતા. વિવિધ સેક્ટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ પર ઓટો, હેલ્થકેર, મેટલ, એફએમસીજી, સર્વિસીસ, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી, કોમોડિટીઝ, બેન્કેક્સ અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ સેક્ટરમાં ઉછાળો જોવા મળ્યો હતો, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ ઘટાડા સાથે બંધ રહ્યા હતા. બીએસઈમાં કુલ ટ્રેડિંગ થયેલી ૪૩૧૯ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૨૧૯૭ અને વધનારની સંખ્યા ૧૯૬૦ રહી હતી, ૧૬૨ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૧૦ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૧૨ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૨.૦૭%, સન ફાર્મા ૧.૧૭%, કોટક બેન્ક ૦.૭૯%, સ્ટેટ બેન્ક ૦.૬૯%, હિંદુસ્તાન યુનિલિવર ૦.૬૫%, અદાણી પોટ્ર્સ ૦.૫૩%, ટેક મહિન્દ્રા ૦.૪૬%, બજાજ ફાઈનાન્સ ૦.૩૮%, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૦.૨૧%, આઈટીસી લિ. ૦.૧૧% અને ટીસીએસ લિ. ૦.૦૯% વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે પાવર ગ્રીડ કોર્પોરેશન ૧.૩૫%, ઈટર્નલ લિ. ૦.૮૩%, ભારતી એરટેલ ૦.૭૦%,એક્સિસ બેન્ક ૦.૫૫%, ઈન્ફોસિસ લિ. ૦.૪૧%, ટ્રેન્ટ લિ. ૦.૪૧%, બીઈએલ ૦.૩૬% અને બજાજ ફિનસર્વ ૦.૩૫% ઘટ્યા હતા.

ઈન્ડેક્સ બેઝડ સેન્સેક્સ, નિફ્ટી ફ્યુચરમાં ઘટાડા સામે લાર્જકેપ શેરોમાં લેવાલીએ રોકાણકારોની સંપતિ બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એકત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન ૦.૦૨ લાખ કરોડ વધીને ૪૭૪.૩૫ લાખ કરોડ રહ્યું હતું. એસ એન્ડ પી બીએસઈ સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી ૧૧ કંપનીઓ વધી અને ૧૯ કંપનીઓ ઘટી હતી.

**બજારની ભાવિ દિશા....** મિત્રો, ભારતીય અર્થતંત્ર અંગે આઈએમએફના તાજેતરના ઘટાડેલા અંદાજો શેરબજાર માટે નજીકના સમયમાં મિશ્ર પણ મહત્ત્વના સંકેત આપે છે. એક તરફ, ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકાસ પામતા અર્થતંત્રોમાંનું એક હોવા છતાં, જીડીપી વૃદ્ધિ દરમાં ઘટાડો, રૂપિયાની નબળાઈ અને ૫ ટ્રિલિયન ડોલર અર્થતંત્રના લક્ષ્યમાં થયેલો વિલંબ બજારમાં ટૂંકા ગાળાના માનસિક સ્વભાવને થોડું દબાણમાં મૂકી શકે છે. વિદેશી રોકાણકારો માટે રૂપીયાનું અવમૂલ્યન નકારાત્મક બનતું હોવાથી ૨૦૨૬-૨૦૨૭ દરમિયાન રૂપિયો વધુ નબળો રહેવાની સંભાવના બજારમાં અસ્થિરતાને વધારી શકે છે.

**વિદેશી રોકાણકારો માટે રૂપીયાનું અવમૂલ્યન નકારાત્મક બનતું હોવાથી ૨૦૨૬-૨૦૨૭ દરમિયાન રૂપિયો વધુ નબળો રહેવાની સંભાવનાથી બજારમાં અસ્થિરતાનો વધવાનો ખતરો**

માત્ર જીડીપી વૃદ્ધિ ઘટવાથી બેંકિંગ ફાઈનાન્સ, ઓટો સેક્ટર, આઈટી અને રિયલ એસ્ટેટ જેવા અગ્રણી ક્ષેત્રોમાં દબાણ વધી શકે છે. કુલ મળીને, વૈશ્વિક પરિબળો અને ચલણની અનિશ્ચિતતા બજારમાં ટૂંકા ગાળાનું સાવચેતીભર્યો માહોલ જાળવી શકે છે. પરંતુ લાંબા ગાળે, ભારતીય શેરબજારની બંધારણીય વૃદ્ધિ હજુ પણ મજબૂત દેખાય છે. બીજા ક્વાર્ટરમાં ભારતના જીડીપી વૃદ્ધિ દર ૮.૨% નોંધાયો છે. સરકારી આંકડા મુજબ, ગત નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં તે ૫.૬% હતો. આગામી દિવસોમાં ઓક્ટોબર ૨૦૨૫ માટે ભારતના ઔદ્યોગિક ઉત્પાદનના ડેટા જાહેર થશે તેના પર ભારતીય શેરબજારની નજર રહેશે.

# વૈવિધ્યસભર રાંધણ ઔષધિ હોવા ઉપરાંત અનેક સ્વાસ્થ્ય લાભો પણ પૂરા પાડતા કઢી પત્તાના વિવિધ ફાયદાઓ

કઢી પત્તા, જેને 'કરી પત્તા' તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમાં સાઇટ્રસ સ્વાદ અને અનોખી સુગંધ હોય છે. તેમાં રહેલા શક્તિશાળી વનસ્પતિસંયોજનોને કારણે, કઢી પત્તા એક વૈવિધ્યસભર રાંધણ ઔષધિ હોવા ઉપરાંત અનેક સ્વાસ્થ્ય લાભો પણ પૂરા પાડે છે. અહીં કરી પત્તાના કેટલાક ફાયદાઓ પર એક નજર કરીએ.

**કઢી પત્તાના સ્વાસ્થ્ય લાભો**

**શરીરને રોગથી મુક્ત રાખોઃ** હેલ્થલાઈન અનુસાર, કઢી પત્તામાં જોવા મળતા રક્ષણાત્મક છોડના ઘટકોમાં આલ્કલોઇડ્સ, ગ્લાયકોસાઇડ્સ અને ફિનોલિક સંયોજનો શામેલ છે. ઉપરાંત, કઢી પત્તામાં જોવા મળતા લિનાલૂલ, આલ્ફાટેર્પીનેન, માયર્સીન, મહાનિમ્બાઈન, કેરીઓફિલીન, મુરાયનોલ અને આલ્ફાપીનેન જેવા રસાયણો એન્ટીઑક્સિડન્ટ તરીકે કાર્ય કરે છે. શરીરના સ્વાસ્થ્યને જાળવવા અને બીમારીને રોકવા માટે એન્ટીઑક્સિડન્ટો મહત્ત્વપૂર્ણ છે.

**હૃદય રોગની શક્યતા ઘટાડે છેઃ** કઢી પત્તા કોલેસ્ટ્રોલને નિયંત્રિત કરવામાં, બ્લડ પ્રેશર ઘટાડવામાં અને ઓક્સિડેટીવ નુકસાન સામે રક્ષણ આપીને હૃદયના સ્વાસ્થ્યને ટેકો આપે છે. તેમાં એન્ટીઑક્સિડન્ટ અને કાર્બાઝોલ આલ્કલોઇડ્સ હોય છે, જે ધમનીઓમાં 'ખરાબ' LDL કોલેસ્ટ્રોલના સંચયને અટકાવે છે અને 'સારા' HDL કોલેસ્ટ્રોલને વધારી શકે છે. તમારા આહારમાં કઢી પત્તાનો સમાવેશ કરીને તમે આમાંના કેટલાક જોખમી પરિબળોને ઘટાડી શકો છો. સંશોધન મુજબ, કઢી પત્તાનું સેવન હૃદયના સ્વાસ્થ્યને ઘણી રીતે સુધારી શકે છે. કઢી પત્તાનું સેવન વિવિધ રીતે કરી શકાય છે, પરંતુ આહારમાં નોંધપાત્ર ફેરફાર કરતા પહેલા આરોગ્યસંભાળ વ્યાવસાયિકની સલાહ લેવી મહત્ત્વપૂર્ણ છે.

પ્રાણીઓ પરના એક અભ્યાસ મુજબ, ઉદાહરણ તરીકે, કઢી પત્તાનો અર્ક એલિવેટેડ ટ્રાઈગ્લિસરાઈડ અને કોલેસ્ટ્રોલ સ્તર ઘટાડવામાં મદદ કરી શકે છે.

**અલ્ઝાઈમર રોગને અટકાવી શકે છેઃ** કઢી પત્તા તમારા મગજ સહિત તમારા ચેતાતંત્રના સ્વાસ્થ્યને સુરક્ષિત રાખવામાં મદદ કરી શકે છે. અલ્ઝાઈમર રોગ એ ઓક્સિડેટીવ તણાવના લક્ષણો અને ન્યુરોનલ નુકસાન દ્વારા ચિહ્નિત થયેલ ડિજનરેટિવ મગજની સ્થિતિ છે. અભ્યાસોમાં કઢી પત્તામાં એવા સંયોજનો હોવાનું દર્શાવવામાં આવ્યું છે જે અલ્ઝાઈમર જેવા ન્યુરોલોજીકલ રોગોને રોકવામાં મદદ કરી શકે છે.

**કેન્સર વિરોધી અસરો ધરાવે છેઃ** કઢી પત્તામાં જોવા મળતા સંયોજનોમાં કેન્સર વિરોધી ગુણધર્મો મજબૂત હોય છે.

મલેશિયાના વિવિધ ભાગોમાં ઉગાડવામાં આવતા કઢી પત્તા(મીઠો લીમડો)માંથી ત્રણ કઢી અર્કના નમૂનાઓનો ટેસ્ટટ્યુબ તપાસમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો, અને પરિણામો દર્શાવે છે કે તે બધામાં કેન્સર વિરોધી અસરો મજબૂત હતી અને સ્તન કેન્સરના આક્રમક સ્વરૂપના વિકાસને અટકાવ્યો હતો.



બીજા ટેસ્ટટ્યુબ અભ્યાસ મુજબ, કઢી પત્તાના અર્કે કોષની કાર્યક્ષમતા ઘટાડી અને બે પ્રકારના સ્તન કેન્સર કોષોની વૃદ્ધિ બદલી નાખી. વધુમાં, અર્ક સ્તન કેન્સર કોષોના મૃત્યુનું કારણ બને છે. વધુમાં, ટેસ્ટ ટ્યૂબમાં હાથ ધરવામાં આવેલા અભ્યાસોએ દર્શાવ્યું છે કે કઢી પત્તાનો અર્ક સર્વાઈકલ કેન્સર કોષો માટે જોખમી છે.

કઢી પત્તાના અર્કને મૌખિક રીતે આપવામાં આવતા સ્તન કેન્સરવાળા પ્રાણીઓને સંડોવતા ટ્રાયલમાં ગાંઠની વૃદ્ધિ ઓછી થઈ અને કેન્સર કોષોને ફેલાતા અટકાવ્યા.

નોંધઃ આ લેખ ફક્ત માહિતીના હેતુ માટે છે અને વ્યાવસાયિક તબીબી સલાહનો વિકલ્પ નથી. તબીબી સ્થિતિ વિશે કોઈપણ પ્રશ્નો માટે હંમેશા તમારા ડૉક્ટરની સલાહ લો.

# સ્પોર્ટ્સ ન્યુઝ

### વડોદરામાં રમાશે ફાઈનલ

## BCCIએ WPL 2026ના શેડ્યૂલની કરી જાહેરાત

**આ ટુર્નામેન્ટ ૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ શરૂ થશે અને ફાઇનલ ૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ રમાશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૮ :** ભારતીય ક્રિકેટ બોર્ડે મહિલા પ્રીમિયર લીગની આગામી સીઝનનું શેડ્યૂલ જાહેર કર્યું છે. મહિલા પ્રીમિયર લીગની ચોથી સીઝન ૯ જાન્યુઆરીથી ૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન રમાશે. બોર્ડે જણાવ્યું છે કે બધી મેચો બે મુખ્ય શહેરોઃ નવી મુંબઈ અને વડોદરામાં યોજાશે. મહિલા પ્રીમિયર લીગના ચેરમેન જયેશ જ્યોર્જે ગુરુવારે નવી દિલ્હીમાં WPL મેગા ઓક્શન દરમિયાન ટુર્નામેન્ટની તારીખો અને વેન્યુની જાહેરાત કરી.



મહિલા પ્રીમિયર લીગ ૨૦૨૬ની પહેલી મેચ નવી મુંબઈના DY પાટિલ સ્ટેડિયમ ખાતે રમાશે. આ ટુર્નામેન્ટ બે તબક્કામાં યોજાશે. ટુર્નામેન્ટનો પહેલો તબક્કો નવી મુંબઈમાં યોજાશે, જ્યાં DY પાટિલ સ્ટેડિયમ ખાતે મેચો રમાશે. આ પછી બધી ટીમો બીજા તબક્કા અને ફાઈનલ માટે વડોદરાના BCA સ્ટેડિયમ જશે.

WPLની પાછલી સીઝન સામાન્ય રીતે ફેબ્રુઆરી-માર્ચ વિંડોમાં યોજાતી હતી. જો કે, આ વખતે પુરુષોનો ICC T20 વર્લ્ડ કપ ૭ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહ્યો છે, જેના કારણે WPLની ચોથી સીઝન પહેલાથી જ જાન્યુઆરી-ફેબ્રુઆરી વિન્ડોમાં ખસેડવામાં આવી છે.

WPLના ચેરમેન જયેશ જ્યોર્જે તેમના ઓક્શન પહેલાના ભાષણમાં જાહેરાત કરી હતી કે, "આગામી WPL નવી મુંબઈમાં રમાશે, ફાઇનલ વડોદરામાં થશે."

ટુર્નામેન્ટનો પ્રથમ તબક્કો DY પાટિલ સ્ટેડિયમ ખાતે યોજાશે, જ્યાં ભારતે આ મહિનાની શરૂઆતમાં મહિલા ODI વર્લ્ડ કપ જીત્યો હતો. ત્યારબાદની મેચો વડોદરામાં યોજાશે, જેમાં ફાઇનલ ૫ ફેબ્રુઆરીએ રમાશે. WPLની અત્યાર સુધી ત્રણ સીઝન રમાઈ ચૂકી છે, જેમાં મુંબઈ ઇન્ડિયન્સ ડિફેન્ડિંગ ચેમ્પિયન છે.

### એશિયા કપ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત

## અંડર-૧૯ એશિયા કપ માટે આયુષ મ્હાત્રેની કેપ્ટન તરીકે નિમણૂક

**આ ટુર્નામેન્ટ ૧૨ ડિસેમ્બરથી દુબઈમાં રમાશે : યુવા બેટ્સમેન આયુષ મ્હાત્રેને ટીમની કેપ્ટનશીપ સોંપવામાં આવી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૮ :** એશિયા કપ માટે ફરી એકવાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. સમયપત્રક પહેલાથી જ જાહેર થઈ ગયું હતું, અને ટીમ ઈન્ડિયાની જાહેરાતની રાહ જોવાઈ રહી હતી. હવે ટીમની જાહેરાત થઈ ગઈ છે. નોંધપાત્ર વાત એ છે કે, વૈભવ સૂર્યવંશીને ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો નથી. તેમને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. જોકે આ અંડર-૧૯ એશિયા કપ હશે, પરંતુ ભારત અને પાકિસ્તાનની યુવા ટીમો ફરી એકવાર એકબીજા સામે ટકરાશે.

અંડર-૧૯ એશિયા કપ માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. બીસીસીઆઈની જુનિયર ક્રિકેટ સમિતિએ ટીમની જાહેરાત કરી છે. આ ટુર્નામેન્ટ ૧૨ ડિસેમ્બરથી દુબઈમાં રમાશે. યુવા બેટ્સમેન આયુષ મ્હાત્રેને ટીમની કેપ્ટનશીપ સોંપવામાં આવી છે, જ્યારે વિહાન મલ્હોત્રાને ઉપ-કેપ્ટનની જવાબદારી સોંપવામાં આવી છે. વૈભવ સૂર્યવંશીને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. તે ઓપનિંગ બેટ્સમેન તરીકે જોવા મળશે.

આયુષ મ્હાત્રે હાલમાં ૧૮ વર્ષથી વધુ અને ૧૯ વર્ષથી ઓછી ઉંમરનો છે, જેના કારણે તેમને કેપ્ટનશીપ સોંપવામાં આવી હોવાનું માનવામાં આવે છે. વૈભવ સૂર્યવંશી હાલમાં લગભગ ૧૪ વર્ષનો છે.

ભારત અને પાકિસ્તાનને એશિયા કપ માટે એક જ ગ્રુપમાં રાખવામાં આવ્યા છે. આ બે ટીમો સાથે અન્ય બે ટીમો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. બીજા ગ્રુપ અંગે, ચોથી ટીમ, જેમાં બાંગ્લાદેશ, શ્રીલંકા અને અફઘાનિસ્તાનનો સમાવેશ થાય છે, તેની જાહેરાત હજુ બાકી છે. ટીમ ઈન્ડિયા ૧૨ ડિસેમ્બરે અંડર-૧૯ એશિયા કપમાં તેની સફર શરૂ કરશે. તે તારીખે ભારત સામેની મેચ હજુ સુધી નક્કી થઈ નથી. ત્યારબાદ ભારત અને પાકિસ્તાન ૧૪ ડિસેમ્બરે એકબીજા સામે ટકરાશે. ભારત અને પાકિસ્તાન વચ્ચે એક મેચ કન્ફર્મ થઈ ગઈ છે, પરંતુ જો ટીમો તેનાથી આગળ વધે છે, તો ત્યાં પણ ટકરાવ થવાની શક્યતા છે. વૈભવ સૂર્યવંશી ફરી એકવાર એશિયા કપમાં ફોકસમાં રહેશે.

**ભારતીય ટીમઃ** આયુષ મ્હાત્રે (કેપ્ટન), વૈભવ સૂર્યવંશી, વિહાન મલ્હોત્રા (વાઈસ-કેપ્ટન), વેદાંત ત્રિવેદી, અભિજ્ઞાન કુંડુ, હરવંશ સિંહ, યુવરાજ ગોહિલ, કનિષ્ક ચૌહાણ, ખિલન એ. પટેલ, નમન પુષ્પક, ડી. દિપેશ, હેનીલ પટેલ, કિશન કુમાર, મોહન કુમાર, યુવરાજ ગોહિલ.

સ્ટેન્ડબાય ખેલાડીઓઃ રાહુલ કુમાર, હેમચુદેશન જે, બીકે કિશોર, આદિત્ય રાવત.

### પલાશ પર છેતરપિંડીનો પણ આરોપ

## પલાશ મુછલનો હાર્દિક પંડ્યાની ભૂતપૂર્વ પત્ની સાથેનો એક વીડિયો ચર્ચામાં

**લગ્ન મુલતવી રાખ્યા બાદ, સ્મૃતિએ ઇન્સ્ટાગ્રામ પર લગ્ન સમારંભના બધા ફોટા અને વીડિયો ડિલીટ કરી દીધા હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨૮ :** સંગીતકાર પલાશ મુછલ આ દિવસોમાં હેડલાઈન્સમાં છે. સ્મૃતિ મંધાના સાથેના તેમના લગ્ન મુલતવી રાખવામાં આવ્યા ત્યારથી, તેમના વિશે ઘણી વાતો પ્રકાશમાં આવી રહી છે. પલાશ મુછલનો હાર્દિક પંડ્યાની ભૂતપૂર્વ પત્ની નતાશા સ્ટેનકોવિક સાથેનો ડાન્સ વીડિયો વાયરલ થયો છે. જેમાં તેઓ કારમાં મસ્તી કરતા દેખાય છે. લગ્ન મુલતવી રાખ્યા બાદ, સ્મૃતિએ ઈન્સ્ટાગ્રામ પર લગ્ન સમારંભના બધા ફોટા અને વીડિયો ડિલીટ કરી દીધા હતા, જેના કારણે તે બંને સમાચારમાં આવ્યા હતા. ચાહકો પલાશ પર છેતરપિંડીનો આરોપ લગાવી રહ્યા છે. દરમિયાન, હાર્દિક પંડ્યાની ભૂતપૂર્વ પત્ની નતાશા સાથેનો તેમનો એક વીડિયો સામે આવ્યો છે.

સ્મૃતિના પિતા સ્વસ્થ થઈ ગયા છે અને હોસ્પિટલમાંથી પાછા ફર્યા છે, પરંતુ હજુ સુધી લગ્નની તારીખ જાહેર કરવામાં આવી નથી. દરમિયાન, નતાશા સ્ટેનકોવિક સાથે પલાશનો એક જૂનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં બંને કારમાં નાચતા જોવા મળી રહ્યા છે.

વાયરલ વીડિયો ઘણા વર્ષો જૂનો છે. નતાશા તેનું હિટ ગીત, "ડીજે વાલે બાબુ" ગાતી જોવા મળે છે. બંને સાથે બેસીને ગીત પર લિપ-સિંકિંગ કરી રહ્યા છે. નતાશા કહે છે, "હું દુનિયાને મારા પગરખાં નીચે રાખું છું, જો તમે કહો તો હું ડીજે બનીશ." આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, અને લોકો તેના પર ઘણી ટિપ્પણીઓ કરી રહ્યા છે. પલાશના તેની ભૂતપૂર્વ ગર્લફ્રેન્ડ સાથેના ફોટા પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે, જેમાં તે ઘૂંટણિયે પડીને તેની ગર્લફ્રેન્ડને પ્રપોઝ કરતો જોવા મળે છે. પલાશ અને તેની ભૂતપૂર્વ ગર્લફ્રેન્ડ બિરવા શાહના ફોટા સોશિયલ મીડિયા પર ફરતા થઈ રહ્યા છે. પલાશ પર છેતરપિંડીનો પણ આરોપ છે. એક ચેટના સ્ક્રીનશોટ સામે આવ્યા છે જેમાં તે એક છોકરી સાથે ફ્લર્ટ કરતો જોવા મળે છે.

# વડાપ્રધાને ગોવામાં વિશ્વની સૌથી ઊંચી ભગવાન રામની મૂર્તિનું અનાવરણ કર્યું

**પએમ મોદી કહ્યું, કે આજે રામાયણ પર આધારિત થીમ પાર્કનું પણ લોકાર્પણ કરાયું છે, આગામી પેઢી માટે આ ધ્યાન, પ્રેરણા અને સાધના માટે કેન્દ્ર બનશે**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**કણકોણ, તા.૨૮**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગોવાના કણકોણમાં આવેલા શ્રી સંસ્થાન ગોકર્ણ જીવોત્તમ મઠમાં ભગવાન શ્રીરામની ૭૭ ફૂટ ઊંચી વિશ્વની સૌથી મોટી રામ પ્રતિમાનું અનાવરણ કર્યું છે. આ ભવ્ય પ્રતિમા ફેમસ મૂર્તિકાર રામ સુતારે બનાવી છે, જેમણે સ્ટેચ્યૂ ઓફ યુનિટી પણ ડિઝાઇન કરી હતી.

આ કાંસાની પ્રતિમા ૭૭ ફૂટ ઊંચી છે, જે તેને ભગવાન રામની અત્યાર સુધીની સૌથી ઊંચી સ્થાપિત પ્રતિમા બનાવે છે. અનાવરણ બાદ એક જાહેરસભાને સંબોધન કરતા પીએમ મોદીએ કહ્યું કે, શ્રી સંસ્થાન ગોકર્ણ પોર્ટુગીઝ જીવોત્તમ મઠ પોતાની સ્થાપનાના ૫૫૦ની વર્ષગાંઠ ઉજવી રહ્યું છે. વીતેલા ૫૫૦ વર્ષોમાં આ સંસ્થાએ સમયના કેટલાય ચક્રવાત વેઠ્યા છે. યુગ બદલાયો, સમય બદલાયો, દેશ અને સમાજમાં કેટલાય પરિવર્તન થયા, પણ બદલાતા યુગ અને પડકાર વચ્ચે આ મઠે પોતાની દિશા નથી ખોઈ, પણ મઠ લોકોને દિશા આપનારું કેન્દ્ર બનીને ઊભર્યું અને આ તેની સૌથી મોટી ઓળખ છે.

આ અગાઉ, પ્રધાનમંત્રી મોદીએ સમારંભ દરમિયાન મઠ પરિસરમાં આવેલા મંદિરના દર્શન કર્યા અને પૂજા અર્ચના કરી. આ મઠ ભારતના સૌથી જૂના મઠવાસી સંસ્થામાંથી એક છે, જે પોતાની આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને સામાજિક યોગદાન માટે ઓળખાય છે અને સારસ્વત સમુદાયમાં એક મુખ્ય સ્થાન ધરાવે છે.

ગુજરાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ડિઝાઇન કરનાર શિલ્પકાર રામ સુતાર દ્વારા બનાવવામાં આવેલી, તે વિશ્વની ભગવાન રામની સૌથી ઊંચી પ્રતિમા છે. ગોવાના રાજ્યપાલ અશોક ગજપતિ રાજુ, મુખ્યમંત્રી પ્રમોદ સાવંત, કેન્દ્રીય મંત્રી શ્રીપદ નાઈક અને રાજ્ય કેબિનેટ મંત્રીઓએ સમારોહમાં હાજરી આપી હતી.

મઠ પરંપરાની ૫૫૦મી વર્ષગાંઠ નિમિત્તે ૨૭ નવેમ્બરથી ૭ ડિસેમ્બર સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. ગોવામાં મઠ સંકુલ ૩૭૦ વર્ષ પહેલાં કાનાકોના (દક્ષિણ ગોવા જિલ્લો) ના પર્તાગલ ગામમાં બનાવવામાં આવ્યું હતું. આ દિવસો દરમિયાન અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. દરરોજ ૭,૦૦૦ થી ૧૦,૦૦૦ લોકો મઠ સંકુલની મુલાકાત લે તેવી અપેક્ષા છે. ભગવાન રામની આ પ્રતિમા નોઈડા સ્થિત પ્રખ્યાત શિલ્પકાર રામ સુતારના માર્ગદર્શન હેઠળ બનાવવામાં આવી હતી, જેમણે ગુજરાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની પણ રચના કરી હતી. ભગવાન રામને ધનુષ્ય અને તીર ધારણ કરેલું દર્શાવતી આ પ્રતિમા મનમોહક છે. આ પ્રતિમામાં ભગવાન રામની દિવ્યતા અને સૌમ્યતા જોઈ અને અનુભવી શકાય છે.

૭૭ ફૂટની રામ ભગવાનની આ પ્રતિમા કાંસામાંથી બનાવાઈ છે. અનાવરણ પહેલા PM મોદીએ મઠમાં દર્શન કરી પૂજા પણ કરી હતી. નોંધનીય છે કે, આ મઠ ભારતના આ સૌથી પૌરાણિક મઠમાંથી એક ગણાય છે. આ મઠનું સારસ્વત સમાજમાં પ્રમુખ સ્થાન છે. આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને સામાજિક યોગદાન માટે આ મઠ જાણીતું છે. પ્રતિમાના અનાવરણ બાદ PM મોદીએ કહ્યું, કે શ્રી સંસ્થાન ગોકર્ણ જીવોત્તમ મઠે છેલ્લા ૫૫૦ વર્ષમાં અનેક વાવાઝોડા જોયા. યુગ બદલાયો, સમાજ તથા દેશમાં અનેક પરિવર્તન આવ્યા પણ અનેક પડકારો વચ્ચે પણ આ મઠ પોતાની દિશાથી ભટક્યું નહીં.

PM મોદીએ વધુમાં કહ્યું કે, આજે રામાયણ પર આધારિત થીમ પાર્કનું પણ લોકાર્પણ કરાયું છે. આગામી પેઢી માટે આ ધ્યાન, પ્રેરણા અને સાધના માટે કેન્દ્ર બનશે. જ્યારે ગોવામાં મંદિરો અને સ્થાનિક પરંપરાઓ પર સંકટ ઊભું થયું ત્યારે પણ તે પરિસ્થિતિઓમાં પણ સમાજનો આત્મા નબળો થયો નહીં. ગોવાની વિશેષતા રહી છે કે અહીંની સંસ્કૃતિએ પોતાનું મૂળ સ્વરૂપ જાળવી રાખ્યું અને સમય સાથે પુનર્જીવિત પણ કરી. જેમાં આ મઠ જેવી સંસ્થાઓનું મોટું યોગદાન રહ્યું. અયોધ્યામાં રામ મંદિરની પુનઃસ્થાપના, કાશીમાં વિશ્વનાથ ધામનો પુનરોદ્ધાર, ઉજ્જૈનમાં મહાકાલ મહાલોકનો વિસ્તાર આપણાં રાષ્ટ્રની જાગરૂકતાને દર્શાવે છે.

## લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર પાસેથી છીનવી લેવાઈ નાણાકીય શક્તિ

**વહીવટી સચિવ, ચીફ એન્જિનિયર, ડેપ્યુટી કમિશનર, સુપ્રિટેન્ડેન્ટ એન્જિનિયર સહિતના ડિપાર્ટમેન્ટ હેડનો પણ પાવર છિનવાયો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૮**

કેન્દ્રીય ગૃહમંત્રાલયે એક મહત્ત્વનો નિર્ણય લઈને લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર પાસેથી મોટો પાવર છિનવી લીધો છે. ગૃહમંત્રાલયે લેફ્ટનન્ટ ગવર્નરની સાથે સાથે વહીવટી સચિવ, ચીફ એન્જિનિયર, ડેપ્યુટી કમિશનર, સુપ્રિટેન્ડેન્ટ એન્જિનિયર સહિતના ડિપાર્ટમેન્ટ હેડનો પણ પાવર છિનવી લીધો છે. હવે આ પાવર ગૃહમંત્રાલય પાસે રહેશે.

ગૃહમંત્રાલયના નિર્ણય મુજબ, અત્યાર સુધી લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર પાસે ૧૦૦ કરોડ રૂપિયા સુધીની યોજના અને પ્રોજેક્ટને મંજૂરી આપવાની સત્તા હતી, જોકે હવે મંત્રાલયે આ સત્તા ગવર્નર પાસેથી છિનવી પોતાની પાસે રાખી લીધી છે. આવી જ રીતે વહિવટી સચિવ પાસે અત્યાર સુધી ૨૦ કરોડ રૂપિયા સુધીના પ્રોજેક્ટને મંજૂરી આપવાની સત્તા હતી. આ ઉપરાંત ચીફ એન્જિનિયર, ડેપ્યુટી કમિશનર, સુપ્રિટેન્ડેન્ટ એન્જિનિયર સહિતના ડિપાર્ટમેન્ટ હેડ પાસે ત્રણ કરોડથી ૧૦ કરોડ રૂપિયા સુધીના જુદા જુદા કામોને મંજૂરી આપવાની સત્તા હતી, જે હવે સત્તા છિનવી લેવાઈ છે અને હવે આ સત્તા ગૃહમંત્રાલયે લઈ લીધી છે.

કેન્દ્રીય ગૃહમંત્રાલયનો નિર્દેશ મળ્યા બાદ લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર કવિંદર ગુપ્તાએ એક ઓર્ડર જાહેર કર્યો છે. ઓર્ડરમાં કહેવાયું છે કે, પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) નિયમ હેઠળ ૧૦૦ કરોડ રૂપિયા સુધીની યોજના-પ્રોજેક્ટને હવે ગૃહમંત્રાલય મંજૂરી આપશે. લેફ્ટનન્ટ ગવર્નર પાસેથી ૧૦૦ કરોડ રૂપિયાના વહીવટી મંજૂરી અને ખર્ચનો પાવર તેમજ વહિવટી સેક્રેટરી પાસેથી ૨૦ કરોડ રૂપિયા સુધીની મંજૂરી આપવાનો પાવર છિનવી લેવાયો છે, એટલે કે હવે ગૃહમંત્રાલય આ મંજૂરી આપશે.

સૌથી મહત્વનો ફેરફાર એ છે કે, ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટના વડાઓ અને ડેપ્યુટી કમિશનરોની પાંચ કરોડ રૂપિયા સુધીના વિવિધ કામોને મંજૂરી આપવાની જે સત્તા હતી, તે હવે પાછી ખેંચી લેવામાં આવી છે અને ગૃહમંત્રાલયને સોંપી દેવાઈ છે. આ તમામ અધિકારીઓ લેહ અને કારગિલ હિલ ડેવલપમેન્ટ કાઉન્સિલના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) તરીકે પણ કામ કરે છે, પરંતુ તેઓ સીઈઓ તરીકે ખરેખર કામ કરતા ન હતા.

ચૂંટણીમાં વિલંબના કારણે 'લેહ હિલ કાઉન્સિલ'નો પાંચ વર્ષનો ટર્મ પુરો થયા બાદ કાર્યકાળ પુરો થઈ ગયો છે, જ્યારે 'કારગિલ હિલ કાઉન્સિલ' કાર્યકાળ યથાવત્ છે. લેહ હિલ કાઉન્સિલનો પાવર નાયબ કમિશનરને સોંપવામાં આવ્યો છે. આ ઉપરાંત ચીફ એન્જિનિયર અને સુપ્રિટેન્ડેન્ટ એન્જિનિયર પાસે ૧૦ કરોડ અને ત્રણ કરોડ રૂપિયાના જુદા જુદા કામોને મંજૂરી આપવાની સત્તા પણ ગૃહમંત્રાલયને સોંપી દેવાઈ છે.

## દિતવાહ વાવાઝોડાએ શ્રીલંકામાં વિનાશ વેર્યો : ૫૬ના મોત, ૨૦થી વધુ ગુમ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલંબો, તા.૨૮**

દિતવાહ વાવાઝોડાએ ભારતના પડોશી દેશ શ્રીલંકામાં વિનાશ વેર્યો છે. આ વાવાઝોડાના કારણે દક્ષિણ ભારતના રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. વાવાઝોડાની અસર ભારત પર થાય તે પહેલા શ્રીલંકામાં ભારે પવન સાથે વરસાદના કારણે ૫૬ લોકોના મોત થયા છે. જ્યારે ૨૦થી વધુ લોકો હજુ પણ ગુમ છે. હવામાન ખાતાને આશંકા છે કે આગામી ૧૨ કલાકમાં આ વાવાઝોડું હજુ પણ શક્તિશાળી થઈ શકે છે.

**હવામાન ખાતાને આશંકા છે કે આગામી ૧૨ કલાકમાં આ વાવાઝોડું હજુ પણ શક્તિશાળી થઈ શકે છે**

વાવાઝોડાના કારણે શ્રીલંકામાં સ્ટોક માર્કેટ પણ વહેલું બંધ કરી દેવાની નોબત આવી છે. ખરાબ વાતાવરણના કારણે કોલમ્બોની પાંચ ફ્લાઈટ ભારતના તિરુવનંતપુરમ ડાયવર્ટ કરવામાં આવી છે.

વાવાઝોડાના કારણે શ્રીલંકામાં ઠેર ઠેર વરસાદ તો વરસી જ રહ્યો છે પણ સાથે સાથે ભૂસ્ખલન પણ થઈ રહ્યા છે. સમગ્ર શ્રીલંકામાં શાળા કોલેજો બંધ કરવાના આદેશ અપાયા છે. રેલવે સેવા સ્થગિત કરી દેવામાં આવી છે. લોકોને શાળા અને પબ્લિક શેલ્ટર્સમાં આશરો આપવામાં આવી રહ્યો છે.

વાવાઝોડું હવે ભારત તરફ આગળ વધી રહ્યું છે. જેના કારણે તમિલનાડુમાં આગામી પહેલી ડિસેમ્બર સુધી અતિભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. તમિલનાડુ માટે ખાસ કરીને ૨૯ અને ૩૦ નવેમ્બર એમ ૪૮ કલાકનો સમય સૌથી મોટો ખતરો રહેશે. હવામાન વિભાગની આગાહી અનુસાર વાવાઝોડું રવિવારે સવારે દક્ષિણ ભારતના દરિયાકાંઠે પહોંચશે.

માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે તથા ખેડૂતોને પણ પાક નુકસાની ન થાય તે માટે વ્યવસ્થા કરવા કહેવાયું છે. ભારે પવન સાથે વરસાદ આવે ત્યારે વીજળીના થાંભલા, વૃક્ષ નીચે ઊભા ન રહેવા લોકોને ચેતવણી આપવામાં આવી છે.

### અદાણી ડિફેન્સે પાઈલટ તાલીમ ક્ષમતામાં વધારો કરવાના હેતુથી

## ભારતની અગ્રણી ફલાઈટ તાલીમ કંપની FSTC રૂા.૮૨૦ કરોડમાં ખરીદી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સુરત, તા.૨૮**

અદાણી ડિફેન્સ સિસ્ટમ્સ એન્ડ ટેકનોલોજીસ લિ. (ADSTL) એ પ્રાઇમ એરો સર્વિસીસ LLP સાથે મળીને, ભારતની સૌથી મોટી સ્વતંત્ર ફલાઇટ તાલીમ અને સિમ્યુલેશન કંપની, ફલાઇટ સિમ્યુલેશન ટેકનિક સેન્ટર પ્રાઈવેટ લિ. (FSTC)માં રૂા.૮૨૦ કરોડના એન્ટરપ્રાઇઝ મૂલ્યમાં બહુમતી હિસ્સો ખરીદવા સંબંધી કરારોને આખરી ઓપ આપ્યો છે.

પાઈલટને કોમર્શિયલ પાઈલટ લાઇસન્સથી લઈને ટાઈપ રેટિંગ, રિકરન્ટ તાલીમ અને વિશિષ્ટ કૌશલ્ય અભ્યાસક્રમો સુધી વ્યાપક સ્તરે તાલીમબધ્ધ કરવા FSTC ૧૧ અદ્યતન ફુલ-ફલાઇટ સિમ્યુલેટર અને ૧૭ તાલીમી વિમાનો ચલાવે છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) અને (યુરોપિયન યુનિયન એવિએશન સેફટી એજન્સી (EASA) દ્વારા પ્રમાણિત ગુરુગ્રામ અને હૈદરાબાદમાં અત્યાધુનિક સિમ્યુલેશન કેન્દ્રો ચલાવતી અને વિસ્તરણની નોંધપાત્ર ક્ષમતા ધરાવતી આ કંપની ભારતની સૌથી મોટી ફલાઈંગ સ્કૂલોમાંની એક હરિયાણામાં ભિવાની અને નારનૌલમાં તાલીમ કેન્દ્રો પણ ચલાવે છે.

નાગરિક ઉડ્ડયન તરફના ઝુકાવને પ્રતિબિંબિત કરતું ભારતીય સંરક્ષણ ક્ષેત્ર પાઈલટ તાલીમ ઈકોસિસ્ટમની એક મોટી તક તરીકે ઉભરી રહ્યુ છે. સિમ્યુલેટર-આધારિત તાલીમથી ખર્ચ ઘટવા સાથે સલામતી અને કાર્યક્ષમતામાં પણ સુધારો થાય છે. FSTC એ સંરક્ષણ અને નાગરિક બંને ક્ષેત્રોમાં મજબૂત વિકાસ યોજનાઓની રૂપરેખા પ્રસ્તુત કરી છે.

અદાણી ડિફેન્સ અને એરોસ્પેસના સી.ઈ.ઓ. આશિષ રાજવંશીએ આ વિષે જણાવ્યું હતું કે, સંપૂર્ણ સંકલિત ઉડ્ડયન સેવાઓ માટે એક પ્લેટફોર્મ બનાવવાની અમારી વ્યૂહરચનાની દીશામાં આ સંપાદન એ આગળનું પગલું છે. FSTC એર વર્ક્સ અને ઈન્ડેમર ટેકનિક્સમાં જોડાતા હવે અમે સિવિલ MRO, જનરલ એવિએશન MRO [જાળવણી, સમારકામ અને ઓવરહોલ], સંરક્ષણ MRO અને ફુલ-સ્ટેક ફલાઇટ તાલીમમાં ઉપભોક્તાને સેવા આપી શકીએ છીએ. ભારતીય એરલાઇન્સ ૧૫૦૦થી વધુ વિમાનો સામેલ કરે તેવી




અપેક્ષા વચ્ચેમાન્ય પાઈલટ્સની જરૂરિયાતમાં ઝડપથી વધારો થશે. તેની સાથોસાથ આ જ સમયે, સશસ્ત્ર દળો માટે અદ્યતન તાલીમ અને મિશન રિહર્સલને કેન્દ્ર સરકારે આપેલી ટોચ અગ્રતાના કારણે સંરક્ષણ સિમ્યુલેશનમાં નવી તકો ખોલે છે. સુરક્ષિત રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવાની અમારી ફિલસૂફીને અનુરૂપ અમે ભારતીય સંરક્ષણ પાઈલટ્સની આગામી પેઢીને પીઠબળ આપવાનું અમારું લક્ષ્ય છે એમ તેમણે ઉમેર્યું હતું.

અદાણી ડિફેન્સએ અદાણી એન્ટરપ્રાઇઝ લિ. (AEL) ની પેટાકંપની છે. હોરાઈઝન એરો સોલ્યુશન્સ લિ. (HASL) ADSTL અને પ્રાઈમ એરો સર્વિસીસ LLP નું સંયુક્ત સાહસ AEL ની એક સ્ટેપ-ડાઉન પેટાકંપની છે.

# નેપાળનું ઉશ્કેરણીજનક પગલું : ૧૦૦ની નવી ચલણી નોટ પર ભારતના વિસ્તારો પોતાના ગણાવ્યા

**લિપુલેખ, કાલાપાની, લિમ્પિયાધુરાને પોતાના દર્શાવતી નવી ચલણી નોટ પર પૂર્વ ગવર્નર મહાપ્રસાદ અધિકારીના હસ્તાક્ષર**




(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૮**

નેપાળે ફરી એક વખત ભારત સાથે સરહદ વિવાદનો મુદ્દો ઉઠાવ્યો છે. નેપાળની સેન્ટ્રલ બેન્કે ગુરુવારે રૂ.૧૦૦ની નવી ચલણી નોટ બહાર પાડી હતી. આ નોટ પર નેપાળનો નવો નકશો દર્શાવાયો છે, જેમાં કાલાપાની, લિમ્પિયાધુરા, લિપુલેખ જેવા ભારતના પ્રદેશોને પોતાના ગણાવાયા છે. આ વિસ્તારો ભારતના કબજામાં છે અને આ પ્રદેશોનો નેપાળના નકશામાં સમાવેશ સામે ભારતે વિરોધ નોંધાવેલો છે. નેપાળની નવી નોટ પર પૂર્વ ગવર્નર મહાપ્રસાદ અધિકારીના હસ્તાક્ષર છે અને તેના પર ગયા વર્ષની તારીખ દર્શાવાઈ છે.

નેપાળ રાષ્ટ્ર બેન્ક (એનઆરબી)એ ગુરુવારે બહાર પાડેલી રૂ.૧૦૦ની નવી નોટ પર ભૂતપૂર્વ ગવર્નર મહાપ્રસાદ અધિકારીના હસ્તાક્ષર છે અને આ બેન્ક નોટ પર ઈશ્યુ કર્યાનું વર્ષ ૨૦૮૧ બીએસ અંકિત કરાયું છે, જે ગ્રેગોરિયન કેલેન્ડર મુજબ વર્ષ ૨૦૨૪ થાય છે. મે ૨૦૨૦માં કેપી શર્મા ઓલિના નેતૃત્વની સરકારે નેપાળનો નવો રાજકીય નકશો બહાર પાડયો હતો, જેમાં લિપુલેક, કાલાપાની અને લિમ્પિયાધુરા વિસ્તારોને નેપાળમાં દર્શાવાયા હતા. આ નકશાને પાછળથી સંસદે મંજૂરી આપી દીધી હતી. નેપાળના આ પગલાંનો ભારતે તુરંત વિરોધ કર્યો હતો અને તેને 'એકતરફી પગલું' ગણાવ્યું હતું.

ભારતે નેપાળને ચેતવણી પણ આપી હતી કે, ભારતના પ્રદેશો પર તેના દાવાને સ્વીકારી નહીં લેવાય. ભારતે સ્પષ્ટ કર્યું હતું કે, લિપુલેક, કાલાપાની અને લિમ્પિયાધુરા વિસ્તારો ભારતના છે. નેપાળની સેન્ટ્રલ બેન્કે રૂ.૧૦૦ની ચલણી નોટ પર નવા નકશા અંગે કહ્યું કે, રૂ.૧૦૦ની જૂની નોટ પર પણ આ નકશા હતા, પરંતુ તેને સરકારના નિર્ણય મુજબ સુધારવામાં આવ્યા છે.

નેપાળ સેન્ટ્રલ બેન્કના પ્રવક્તાએ સ્પષ્ટ કર્યું કે, રૂ.૧૦, ૫૦, ૫૦૦ અને રૂ.૧૦૦૦ જેવી અન્ય નોટોમાં નકશા નથી. માત્ર રૂ.૧૦૦ની નોટ પર જ દેશનો નવો નકશો પ્રકાશિત કરાયો છે. નેપાળની નવી રૂ.૧૦૦ની ચલણી નોટ પર ડાબી બાજુ માઉન્ટ એવરેસ્ટ દર્શાવાયો છે જ્યારે નેપાળના રાષ્ટ્રીય ફૂલ લાલ બુરાંશનું વોટરમાર્ક છે. ચલણી નોટના કેન્દ્રમાં પૃષ્ઠભૂમિમાં લીલા રંગમાં નેપાળનો નવો નકશો પ્રકાશિત કરાયો છે. નકશા નજીક અશોક સ્તંભ દર્શાવાયો છે અને તેના પર ભગવાન બુદ્ધનું જન્મસ્થળ લુમ્બિની લખેલું છે.

# વ્હાઈટ હાઉસ પાસે હુમલાની ઘટના બાદ ટ્રમ્પનો ઈમિગ્રેશન પર મોટો નિર્ણય

**થર્ડ વર્લ્ડ કંટ્રીઝ એટલે કે ગરીબ અને ઓછા વિક્સિત દેશોથી આવતા તમામ લોકોને દેશમાં હંમેશા માટે આવતા અટકાવવાની જાહેરાત**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન, તા.૨૮**

અમેરિકાના સપના જોતા લાખો લોકો માટે ઝટકા સમાન સમાચાર આવ્યા છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે થેંક્સગિવિંગના અવસરે એવું નિવેદન આપ્યું છે કે જેના કારણે દુનિયામાં ખળભળાટ મચી ગયો છે. તેમણે થર્ડ વર્લ્ડ કંટ્રીઝ એટલે કે ગરીબ અને ઓછા વિક્સિત દેશોથી આવતા તમામ લોકોને દેશમાં હંમેશા માટે આવતા અટકાવવાની જાહેરાત કરી દીધી. એટલે કે હવે નોકરી, અભ્યાસ, શરણ કે પછી પરિવારને મળવા માટે પણ વીઝા મળવા મુશ્કેલ થઈ શકે છે.

આ નિર્ણય વ્હાઈટ હાઉસની પાસે નેશનલ ગાર્ડ પર હુમલાના બરાબર એક દિવસ બાદ આવ્યો છે. સરળ શબ્દોમાં આખી કહાની સમજો.

ન્યૂઝ એજન્સી રોયટર્સના જણાવ્યાં મુજબ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, તેમનું એડમિનિસ્ટ્રેશન તમામ થર્ડ વર્લ્ડ કંટ્રીઝથી માઈગ્રેશન પર હંમેશા માટે રોક લગાવવા પર કામ કરશે જેથી કરીને અમેરિકી સિસ્ટમને સંપૂર્ણ રીતે ઠીક થવાનો સમય મળી શકે.

ડોનાલ્ડ ટ્રમ્પે એમ પણ કહ્યું કે, અમેરિકા દેશમાં બિન નાગરીકોને મળનારા તમામ ફેડરલ બેનિફિટ્સ અને સબસિડી ખતમ કરી દેશે. ટ્રમ્પે જો કે કોઈ દેશનું નામ નથી લીધુ પરંતુ અફઘાનિસ્તાન યુનાઈટેડ નેશન્સના સૌથી ઓછા ડેવલપ્ડ કંટ્રીઝ (LDC)માંથી એક છે. થર્ડ વર્લ્ડ કંટ્રીઝ પર આ કાર્યવાહી વ્હાઈટ હાઉસ પાસે એક અફઘાન નાગરિકે નેશનલ ગાર્ડના બે સભ્યોને ગોળી મારી એ ઘટના બાદ જોવા મળી છે.

ટ્રમ્પે થર્ડ વર્લ્ડને જો કે સ્પષ્ટ કર્યા નથી. પરંતુ એક્સપર્ટ્સ તેને સંયુક્ત રાષ્ટ્રની લીસ્ટ ડેવલપ્ડ કંટ્રીઝ (LDC) યાદી માની રહ્યા છે. ૨૦૨૫માં તેમાં ૪૪ દેશો છે. જેમાંથી મોટાભાગના આફ્રીકા, એશિયા, કેરેબિયન, અને પેસિફિકના છે. જેમાંથી વાર્ષિક લાખો લોકો અમેરિકા આવે છે. હવે તેમના માટે દરવાજા બંધ થઈ શકે છે. હવે જુઓ કેટેગરી દેશોના નામ.

**આફ્રીકાના ૩૨ દેશ :** આ યાદીમાં સામેલ દેશોમાં અંગોલા, બેનિન, બુર્કિના ફાસો, બુરંડી, સેન્ટ્રલ આફ્રીકન રિપબ્લિક, ચાડ, કોમોરોસ, ડેમોક્રેટિક, રિપબ્લિક ઓફ કાંગો, જિબૂતી, ઈરિટ્રિયા, ઈથોપિયા, ગામ્બિયા, ગિની, ગિની બિસાઉ, લેસોથો, લાઈબેરિયા, મેડાગાસ્કર, મલાવી, માલી, મોરિટાનિયા, મોઝામ્બિક, નાઈઝર, રવાંડા, સેનેગલ, સિએરા લિયોન, સોમોલિયા, સાઉથ સૂડાન, સૂડાન, ટોગો, યુગાન્ડા, તંઝાનિયા, ઝામ્બિયા સામેલ છે.

**એશિયાના ૮ દેશ સામેલ છે :** અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, કંબોડિયા, લાઓ પીપલ્સ ડેમોક્રેટિક રિપબ્લિક, મ્યાંમાર, નેપાળ, તિમોર-લેસ્તે, યમન, કેરેબિયન ક્ષેત્રના દેશોમાં એક દેશ હૈતી છે.

**પૈસિફિક ક્ષેત્ર :** તેમાં ૩ દેશ સામેલ છે જેમાં કિરિબાતી, સોલોમન આઈસલેન્ડ, અને તુવાલુ સામેલ છે.

# યુરોપની થિન્ક ટેન્કનો ખુલાસો : ખોટા ધ્વજવાળાં જહાજોથી ભારતમાં ૨ અબજ યુરોના રશિયન ક્રૂડની આયાત

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૮**

ભારતે જાન્યુઆરીથી સપ્ટેમ્બર 2025 દરમિયાન ખોટા ધ્વજવાળા 30 જહાજો દ્વારા રશિયાથી 2.1 અબજ યુરોના મૂલ્યના 54 લાખ ટન ક્રૂડ ઓઈલની આયાત કરી હતી. રશિયા પશ્ચિમ દેશોના પ્રતિબંધોથી છટકવા માટે જહાજોના ગુપ્ત નેટવર્ક (શેડો ફ્લીટ)માં વધારો કરી રહ્યું છે અને ભારતની આ આયાત કોઇ એક દેશની આયાત કરતાં સૌથી વધુ છે, એવો યુરોપની એક થીન્ક ટેન્કે ગુરુવારે દાવો કર્યો હતો.

યુક્રેન પર ક્રેમલિનના આક્રમણ પછી પશ્ચિમી દેશોએ રશિયન ઊર્જા પર આકરા પ્રતિબંધો લાદ્યા છે. રશિયા આ પ્રતિબંધો ટાળીને ચીન, ભારત અને તુર્કીને ક્રૂડ ઓઈલની નિકાસ કરે છે. આવી નિકાસ કરવા માટે શેડો ફ્લીટનો ઉપયોગ કરાયા છે. તેમાં સંદિગ્ધ માલિકી, ખોટા રજિસ્ટ્રેશન પેપર્સ સાથેના જૂના ટેન્કરોનો ઉપયોગ થાય છે અને તેમાં ટ્રેકિંગ સિસ્ટમ ચાલતી હોતી નથી.હેલસિંકી સ્થિત સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર (CREA) જણાવ્યું હતું કે ચાલુ વર્ષના પ્રથમ નવ મહિનામાં ખોટા ધ્વજ સાથેના 113 રશિયન જહાજોએ સફર કરી હતી અને રશિયાની કુલમાંથી 13 ટકા ક્રૂડ ઓઈલની નિકાસ કરી હતી. આ નિકાસ 1.1 કરોડ ટન એટલે કે 4.7 અબજ ડોલર (5.4 અબજ) ડોલરની હતી. સપ્ટેમ્બર 2025 સુધીમાં 90 રશિયન શેડો જહાજો ખોટા ધ્વજ હેઠળ કાર્યરત હતાં. આ સંખ્યા ડિસેમ્બર 2024ની સરખામણીમાં છ ગણી વધુ છે.

CREA જણાવ્યું કે, 2025ના પ્રથમ નવ મહિના દરમિયાન આવા 30 જહાજોએ ભારતમાં ક્રૂડ તેલ મોકલ્યું હતું. 2025ના પહેલા ત્રણ ક્વાર્ટરમાં ખોટા ફ્લેગવાળા ટેન્કરો મારફત હેરફેર કરાયેલા 4.7 અબજ યુરોના રશિયન તેલમાંથી 2.1 અબજ યુરો (54 લાખ ટન) ભારતમાં પરિવહન કરવામાં આવ્યું હતું.

અહીં ઉલ્લેખનીય છે કે ફેબ્રુઆરી 2022માં યુક્રેન યુદ્ધ પછી રશિયાથી ભારતની ક્રૂડ ઓઈલની આયાત 1 ટકાથી વધીને 40 ટકા થઈ છે.

## ગેંગસ્ટરને દિલ્હીમાંથી પોલીસે ઝડપ્યો

# કેનેડામાં કપિલ શર્માના કેફે પર ફાયરિંગ કરાવનાર ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૮**

દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે કેનેડામાં સ્થિત પ્રખ્યાત કોમેડિયન કપિલ શર્માના કેપ્સ કેફે પર ફાયરિંગ કરાવવાના મુખ્ય સૂત્રધારની દિલ્હીથી ધરપકડ કરી છે.

પકડાયેલા ગેંગસ્ટરની ઓળખ બંધુ માન સિંહ સેખોં તરીકે થઈ છે, જે ગોલ્ડી ધિલ્લોન ગેંગનો ભારત-કેનેડા સ્થિત હેન્ડલર હોવાનું કહેવાય છે. તેની સામે અનેક ગુનાહિત કેસ નોંધાયેલા છે. ક્રાઈમ બ્રાન્ચે તેના કબજામાંથી એક ઉચ્ચ કક્ષાની PX-3 (મેડ ઈન ચાઈના) પિસ્તોલ અને ૮ જીવતા કારતૂસ પણ જપ્ત કર્યા છે.

આ વર્ષે જુલાઈ મહિનામાં કેનેડાના સરે વિસ્તારમાં ખુલેલા કપિલ શર્માના કેપ્સ કેફેને ત્રણ વખત નિશાન બનાવવામાં આવ્યું હતું. પ્રથમ હુમલો ૧૦ જુલાઈના રોજ થયો હતો, ત્યારબાદ ૭ ઓગસ્ટ અને ૧૬ ઓક્ટોબરે કેફે પર વધુ બે વખત ફાયરિંગ કરવામાં આવ્યું હતું. સદનસીબે, આ ઘટનાઓમાં કોઈને ઈજા થઈ ન હતી.

આ ઘટના અંગે કપિલ શર્માએ બુધવારે મુંબઈમાં પ્રતિક્રિયા આપી હતી. તેણે કહ્યું, "મને લાગે છે કે ત્યાંના નિયમો અને પોલીસ પાસે કદાચ આવી ઘટનાઓને કાબૂમાં લેવાની શક્તિ ન હતી. પરંતુ જ્યારે અમારો કેસ બન્યો, ત્યારે તે કેન્દ્ર સરકાર સુધી પહોંચ્યો અને કેનેડાની સંસદમાં તેના પર ચર્ચા થઈ."

કપિલે એક રસપ્રદ વાત જણાવતા કહ્યું, "હકીકતમાં, ફાયરિંગની દરેક ઘટના પછી, અમારા કેફેમાં પહેલા કરતાં વધુ લોકો આવવા લાગ્યા. તેથી જો ભગવાન મારી સાથે છે, તો બધું બરાબર છે."


તેમણે વધુમાં કહ્યું, "ઘણા લોકોએ મારો સંપર્ક કર્યો અને કહ્યું કે ત્યાં ઘણું બધું (અપરાધ) થઈ રહ્યું હતું, પરંતુ મારા કેફે પર ગોળીબાર થયા પછી, તે એક મોટો સમાચાર બન્યો અને હવે ત્યાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધારવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે."

આ દરમિયાન, કપિલ શર્માએ ભારત અને ખાસ કરીને મુંબઈની સુરક્ષાની પ્રશંસા કરતાં કહ્યું, "મેં મુંબઈ કે આપણા દેશમાં ક્યારેય અસુરક્ષિત અનુભવ્યું નથી. મુંબઈ જેવું બીજું કોઈ શહેર નથી."




## ચેઈનસોમેન સાથે હરિફાઈ કરશે

# મહાવતાર નરસિમ્હા ઓસ્કાર ૨૦૨૬ની રેસમાં આગળ વધી



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૮**

ભારતીય એનિમેટેડ માઈથોલોજિકલ મહાગાથા 'મહાવતાર નરસિમ્હા' ઓસ્કાર ૨૦૨૬ની રેસમાં આગળ વધી ગઈ છે. હવે તે કેપોપ ડેમન હન્ટર્સ, ડેમન સ્લેયર્સ અને ઈન્ફિનિટી કેસ જેવી ફિલ્મો સાથે રેસમાં છે. ઓસ્કારના એકેડેમી દ્વારા ૨૦૨૬ના એવોર્ડ્ઝ માટે બેસ્ટ એનિમેટેડ ફિચરની યાદી જાહેર કરવામાં આવી છે, જેમાં ભારતીય ફિલ્મને પણ સ્થાન મળ્યું છે. આ કેટેગરીમાં વિવિધ દેશની અન્ય ૩૫ ફિલ્મ પણ સામેલ છે.

એકેડેમી દ્વારા અપવામાં આવેલી અપડેટ મુજબ 'મહાવતાર નરસિમ્હા'ની પણ 'ધ બેડ ગાય્ઝ ૨', 'ચેઈન્સો મેન-ધ મુવીઃ રીઝ આર્ક', 'ડેમન સ્લેયરઃઈન્ફિનિટી કેસલ', કેપોપ 'ડેમન હંટર્સ' અને અન્ય ફિલ્મ સાથે એવોર્ડના નોમિનેશન માટે યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ વર્ષે થિએટરમાં નરસિમ્હાને ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે અને હવે આ ફિલ્મને ઓસ્કારમાં સ્થાન મળે છે કે નહીં તે જોવાનું રહ્યું છે.

'મહાવતાર નરસિમ્હા' ફિલ્મ હિન્દુ ભગવાન વિષ્ણુના ચોથા અવતાર નરસિમ્હાના જીવન પર આધારીત છે. આ ફિલ્મમાં હિરણ્યકશીપુની વાત કરવામાં આવી છે, જે પોતાના ભાઈ હિરણયક્શ જેનો ભગવાન વિષ્ણુના વરાહ અવતારે વધ કર્યો હતો, તે વિષ્ણુ સાથે બદલો લેવા માગે છે. તે બ્રહ્માજીની સાધના કરે છે અને કઠોર તપ કરીને વરદાન મેળવે છે, જે લગભગ અમરતાનું વરદાન મેળવી લે છે. આ વરદાનથી શક્તિશાળી બનીને તે સ્વર્ગ, પૃથ્વી અને નર્કનો સ્વામી બની જાય છે અને સમયાંતરે પોતાને જ ઈશ્વર જાહેર કરી દે છે. તેનો પાંચ વર્ષનો દિકરો પ્રહલાદ તેનાથી બિલકુલ વિરુદ્ધ છે, જે ભગવાન વિષ્ણુની અપાર સાધના અને અર્ચના કરે છે. તેનાથી નારાજ અને ક્રોધિત થઈને હિરણ્યકશીપુ પોતાના પુત્રને મારી નાખવાના અનેક પ્રયાસ કરે છે, જે દરેકમાં તેને નિષ્ફળતા મળે છે. અંતે તે ભગવાન વિષ્ણુ નરસિમ્હા સ્વરુપ ધારણ કરે છે અને હિરણ્યકશીપુનો વધ કરે છે.

આ મહાવતાર સિનેમેટિક યુનિવર્સની પહેલી ફિલ્મ છે. ૨૦૨૭માં તેઓ મહાવતાર પરશુરામ ફિલ્મ લઈને આવી રહ્યા છે, જે ભગવાન વિશ્ણુનો છઠ્ઠો અવતાર હતા. આ અંગે નરસિમ્હાના ક્રેડિટ સીનમાં એક ઝલક આપવામાં આવી હતી. આ સિવાય મહાવતાર રઘુનંદન, મહાવતાર દ્વારકાધીશ, મહાવતાર ગોકુલાનંદ. મહાવતાર કલકી પાર્ટ ૧ અને ૨ સહીતની ફિલ્મ ૨૦૩૭ સુધી બનાવશે એવું આયોજન છે.

# ધર્મા પ્રોડક્શનનો જેન-ઝી પોસ્ટર બોય બન્યો કાર્તિક

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૮**

કાર્તિક આર્યનની 'તું મેરી મેં તેરા મેં તેરા તું મેરી' ક્રિસમસ પર રિલીઝ થવાની રાહ જોવાઈ રહી છે, જે કરણ જોહર દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે. હજુ તો આ ફિલ્મ રિલીઝ થાય એ પહેલાં જ તેણે કરણ જોહરના પ્રોડક્શન હાઉસ સાથે વધુ એક ફિલ્મ શૂટ કરવાની શરૂ કરી હતી, 'નાગઝીલા'. હવે તેણે ત્રીજી ફિલ્મ સાઈન કરીને હેટ્રિક મારી લીધી છે. તાજેતરમાં જ કાર્તિક કરણ જોહરની જ પીઆર અને ટેલેન્ટ એજન્સી સાથે જોડાયા હોવાના પણ અહેવાલો હતા.

એક સુત્ર દ્વારા મળેલા અહેવાલો અનુસાર, "કાર્તિકે વધુ એક ફિલ્મ માટે કરણને લીલી ઝંડી બતાવી દીધી છે. જોકે આ ફિલ્મ વિશે કોઈ માહિતી જાહેર ન થાય તેની કાળજી રાખવામાં આવી રહી છે. તે હવે ધર્માનો નવો જેન-ઝી પોસ્ટર બોય બની રહ્યો છે, તે ખુબ ઝડપથી એક પછી એક પ્રોજેક્ટ સાઈન કરી રહ્યો છે. કરણને પુરતો વિશ્વાસ બેસી ગયો છે કે કાર્તિક હાલનો સૌથી વધુ કમાણી કરાવી શકે એવો કલાકાર છે અને તેને આ જ કારણથી તું મેરી મેં તેરા મેં તેરા તું મેરી સાથે ઘણી અપેક્ષાઓ છે. નાગઝિલા પણ બોક્સ ઓફિસ પર મોટી સફળ ફિલ્મ સાબિત થાય એવી ગણતરી છે." હવે કાર્તિક અને કરણની એકસાથે ત્રીજી ફિલ્મ પણ બિલકુલ નવા જોનરની હશે અને તે ભારતીય સિનેમામાં પણ એક અલગ શૈલીની ફિલ્મ તરીકે ઉભરી આવે શક્યતા છે. તેઓ આ ફિલ્મ માટે નવેસરથી શરૂઆત કરી રહ્યા છે અને આ ફિલ્મ ઓગસ્ટ ૨૦૨૬માં શરૂ થાય એવી શક્યતા છે. તેની નાગઝિલા રિલીઝ થાય પછી આ ફિલ્મ પર કામ શરૂ થશે. આ અંગે હજુ વધુ માહિતી જાહેર કરવામાં આવી નથી.

## રનબીર કપૂરને આ પેઢીનો સુપર સ્ટાર માનવામાં આવે છે

# 'લવ એન્ડ વૉર' જૂનમાં રિલીઝ કરાવવા રનબીરની મથામણ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૮**

રનબીર કપૂરને આ પેઢીનો સુપર સ્ટાર માનવામાં આવે છે, જે 'એનિમલ' પછી હવે સતત કામ કરી રહ્યો છે અને સતત વ્યસ્ત રહેવાનો છે. પહેલાં તે સંજય લીલા ભણસાલીની 'લવ એન્ડ વૉર' કરી રહ્યો છે, ત્યાર બાદ તેની 'રામાયણ' અને 'રામાયણ ૨' આવી રહી છે, તેના પછી તેની 'એનિમલ પાર્ક' આવશે. તેની 'રામાયણ' દિવાળી ૨૦૨૬ અને 'રામાયણ ૨' દિવાળી ૨૦૨૭ પર રિલીઝ થવાની જાહેરાત પહેલાંથી જ થઈ ચુકી છે. તેથી હવે 'લવ એન્ડ વૉર' ક્યારે રિલીઝ કરવી તે અંગે પ્રશ્નો છે. આ ફિલ્મ વારંવાર વિવિધ કારણોસર ડિલે થઈ ચુકી છે. પહેલાં શૂટ લંબાયું અને હવે રનબીરે આ રિલીઝ વિશે ગંભીરતાથી વિચારવાનું શરૂ કર્યું છે.

આ અંગે ફિલ્મ સાથે સંકળાયેલા સુત્રોના જણાવ્યા અનુસાર રનબીરે ભણસાલી પાસે વચન લીધું છે કે તેઓ માર્ચ ૨૦૨૬ સુધીમાં ગમે તેમ કરીને ફિલ્મનું શૂટ પૂરું કરી દે.

સુત્રએ જણાવ્યું, "એ ઈચ્છે છે કે લવ એન્ડ વૉર અને રામાયણની રિલીઝ વચ્ચે કમ સે કમ ચાર મહિનાનું અંતર રહે. રામાયણની તારીખ બદલી શકાય તેમ નથી. તેથી રનબીરે ભણસાલીની વિનંતિ કરી છે કે લવ એન્ડ વૉર જૂન સુધીમાં રિલીઝ થઈ જવી જોઈએ."

વધુ એક સુત્રના જણાવ્યા અનુસાર, સંજય લીલા ભણસાલીની ઈચ્છા લવ એન્ડ વૉર ઓગસ્ટમાં રિલીઝ કરવાની હતી. તેમણે જણાવ્યું, "રનબીરને લાગે છે કે, ઓગસ્ટમાં રિલીઝ થાય તો બંને ફિલ્મ વચ્ચે ખાસ અંતર નહીં રહે, તે લવ એન્ડ વૉરને જૂનમાં જ રિલીઝ કરવા માટે હવે દૃઢ થઈ ગયો છે. રનબીરની રામાયણના પ્રોડ્યુસર નમિત મલ્હોત્રા પણ ભણસાલી પર લવ એન્ડ વૉર જૂનમાં રિલીઝ કરવા માટે ઘણું દબાણ કરી રહ્યા છે. કારણ કે તેઓ લવ એન્ડ વૉરના કારણે રામાયણ જેવી મહાકાય ફિલ્મની અસર ખરાબ કરવા નથી માગતા, કારણ કે રામાયણનો પ્રોડેક્ટ લવ એન્ડ વૉર કરતાં ઘણો મોટો છે."

હવે ભણસાલીએ આ મુદ્દે તાત્કાલિક નિર્ણય કરવાની અને જલ્દીથી નવી રિલીઝ ડેટ જાહેર કરવાની જરૂર છે. તેઓ ટૂંક સમયમાં નવી ડેટ જાહેર કરે તેવી શક્યતા છે.

# સગીર વયે એક્ટ્રસે પિતાની ઉંમરના હીરો સાથે કર્યા લગ્ન

**સાઉથની એક્ટ્રેસે માત્ર ૧૭ વર્ષની ઉંમરે ૪૮ વર્ષના એક્ટર સાથે સંસાર માંડ્યો હતો. બંને વચ્ચે ૩૧ વર્ષનું અંતર હતુ : ચોથી પત્ની બનીને આખી જિંદગી બરબાદ કરી નાખી**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૮**

કેટલાક ફિલ્મ સ્ટાર્સની કહાની પણ ફિલ્મો કરતા વધુ ચોંકાવનારી હોય છે. આવો જ એક કિસ્સો સાઉથની એક્ટ્રેસનો છે. જેણે એક ચાઈલ્ડ આર્ટિસ્ટ તરીકે કરિયરની શરૂઆત કરી હતી. લોકચાહના પણ ઘણી મળી, પરંતુ અંગત જિંદગીમાં એક ખોટા નિર્ણયે તેની આખી જિંદગી બરબાદ કરી નાખી.

સાઉથની એક્ટ્રેસે માત્ર ૧૭ વર્ષની ઉંમરે ૪૮ વર્ષના એક્ટર સાથે સંસાર માંડ્યો હતો. બંને વચ્ચે ૩૧ વર્ષનું અંતર હતુ. આગળ જતાં આ લગ્ન તેના માટે અભિશાપ બની ગયા. આખરે તેને આ નિર્ણય પર પછતાવાનો વારો આવ્યો. આવો જાણીએ કે કોણ છે આ અભિનેત્રી?

આ એક્ટ્રેસનું નામ અંજૂ છે, જેણે તમિલ અને મલયાલમ સિનેમામાં પોતાની ઓળખ બનાવી. તેણે તમિલ સિનેમામાં ચાઈલ્ડ આર્ટિસ્ટ તરીકે કરિયરની શરૂઆત કરી અને પછી આગળ જઈને મલયાલમ ફિલ્મોમાં પણ કામ કર્યું. અંજૂ ફેમસ ડાયરેક્ટર મહેન્દ્રનની શિષ્યા રહી છે. તેણે માત્ર ૧૭ વર્ષની ઉંમરે કરિયરના પીક પર પિતાની ઉંમરના એક્ટર સાથે લગ્ની કરીને બધાને ચોંકાવી દીધા હતા. તેના નિર્ણયથી બધા નવાઈમાં પડી ગયા હતા. લોકપ્રિય ડાયરેક્ટર મેહન્દ્રનની તમિલ ક્લાસિક ફિલ્મ 'ઉથિરી પૂક્કલ'થી બાળ કલાકાર તરીકે અંજૂએ પોતાના કરિયરની શરૂઆત કરી હતી. આ ફિલ્મ આજે પણ એક ઓઈકોનિક મૂવી માનવામાં આવે છે. આગળ જઈને તેણે મલયાલમ, તમિલ અને તેલુગુ સિનેમાની ૪૦થી વધુ ફિલ્મોમાં કામ કર્યું. ભલે તે વધુ ફિલ્મોમાં ચાઈલ્ડ આર્ટિસ્ટના રોલમાં જોવા મળી હોય, પરંતુ ઘણી ફિલ્મોમાં તેણે લીડ રોલ પણ કર્યો છે.

અંજુએ મોટા સ્ટાર્સ સાથે ફિલ્મોમાં કામ કર્યું છે. તેમણે રજનીકાંત સાથે "પોલાધવન", કમલ હાસન સાથે "મીંદુમ કોકિલા" અને ભાગ્યરાજની "ડાર્લિંગ-ડાર્લિંગ-ડાર્લિંગ" જેવી ફિલ્મોમાં અભિનય કર્યો છે. મલયાલમ ફિલ્મોમાં પણ અંજુએ મમૂટી અને મોહનલાલ જેવા સુપરસ્ટાર્સ સાથે સ્ક્રીન શેર કરી છે. ફિલ્મ "આ રાથ્રી"માં અંજુ મમૂટીની દીકરીના રોલમાં જોવા મળી હતી, જેને લઈને ઘણી ટીકા પણ થઈ હતી. એટલું જ નહીં, અંજુએ મમૂટીની ફિલ્મ "કૌરવર"માં મુખ્ય ભૂમિકા પણ નિભાવી હતી.

હવે અંજુની પર્સનલ લાઈફની વાત કરીએ તો, તેણે કન્નડ એક્ટર ટાઈગર પ્રભાકર સાથે લગ્ન કર્યા હતા. ટાઈગર કન્નડ, મલયાલમ, તમિલ અને હિન્દી ફિલ્મોમાં કામ કરી ચૂક્યો છે. તેમને રજનીકાંતની ફિલ્મ "Muthu"માં પોલીસ ઓફિસરના રોલ માટે પણ ઓળખવામાં આવે છે. લગ્ન સમયે અંજુની ઉંમર ૧૭ વર્ષ હતી જ્યારે ટાઈગરની ઉંમર ૪૮ વર્ષ હતી. લગ્ન પછી થોડા જ સમયમાં અંજુની જિંદગીમાં મોટો વળાંક આવ્યો. પતિ વિશે એવી એવી વાતો સામે આવી કે અંજુ પણ ચોંકી ગઈ. અંજુએ પોતે કહ્યું હતું કે, લગ્ન સમયે તેની ઉંમર ૧૭ વર્ષ હતી અને લગ્ન પછી ૧.૫ વર્ષમાં તેઓ માતા બની. પણ સ્થિતિ ત્યારે ખરાબ થઈ જ્યારે તેને ખબર પડી કે પતિનું એક્સ્ટ્રા મેરિટલ અફેર છે. અંજુએ કહ્યું હતું કે, "હું તેની ચોથી પત્ની હતી. મને આ બધું પહેલા ખબર જ નહોતું. પછી મેં તેને છોડી દીધો." પછી અંજુએ એ પણ ખુલાસો કર્યો હતો કે ટાઈગર પ્રભાકરનાં પહેલાથી જ ત્રણ બાળકો હતા, અને એ બધા અંજુ કરતાં પણ મોટા હતા. જ્યારે અંજુએ પતિને બાળકો વિશે પૂછ્યું તો પતિએ સ્પષ્ટપણે ઈન્કાર કરી દીધો અને કહ્યું કે એ બાળકો તેમના નથી. આ પછી અંજુના સંબંધમાં વધુ કડવાશથી આવી ગઈ. આગળ જઈને અંજુએ પતિ સાથે વાત પણ બંધ કરી દીધી.

# ઉમરગામના તુંબની સુમતિ સિન્થેટિક કંપની ઉપર રાજકારણીની ઉભરેલી માયા પરંતુ કુદરત નારાજ

**એફસીએમાંથી રોડ બનાવવાની કંપનીએ મંજૂરી પ્રાપ્ત કરતા જ તમામ કામ કોરાણે મૂકી તાલુકા પંચાયતે સરકારી ગ્રાન્ટમાંથી રોડ નિર્માણની કામગીરી શરૂ કરી પરંતુ રવિવારના રોજ કંપનીમાં આગ લાગી હતી જેમાં નુકસાનીનો અંદાજ આવી શક્યો નથી પરંતુ આ પહેલા લાગેલી આગમાં ભારે નુકસાન થયું હોવાની ચર્ચા**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સરીગામ, તા.૨૮**

ઉમરગામ તુંબ ખાતે કાર્યરત સુમતિ સિન્થેટિક કંપનીની હાલત એક સાંધે ત્યાં તેર તૂટે જેવી પરિસ્થિતિ જોવા મળી રહી છે. રાજકીય આગેવાન સાથે સારા સંબંધના કારણે વન વિભાગની જમીનમાંથી રસ્તા માટેની મંજૂરી પ્રાપ્ત થઈ છે. કંપનીના લાભમાં તાલુકા પંચાયતે પણ સરકારી ગ્રાન્ટમાંથી રસ્તા નિર્માણની કામગીરી યુદ્ધના ધોરણે ચાલુ કરી લગભગ પૂર્ણ પણ કરી દીધી હોવાનું સ્થળ નિરીક્ષણ કરતા જણાઈ રહ્યું છે. આ ઘટના ઉપર રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ધ્યાન આપવાની અને નોંધ લેવાની જરૂર છે કારણ કે ઉમરગામ તાલુકામાં અવરજવરથી ભરચક અને પ્રજાને ઉપયોગમાં આવતા ખખડધજ રસ્તાઓની હાલત આજે પણ દયાજનક છે.

આજ કંપનીમાં ગત રવિવારના રોજ આગ લાગવાની ઘટના બનવા પામી હતી. કંપનીમાં લાગેલી આગ ઉપર સરીગામ ફાયર બ્રિગેડની ટીમે ભારે જહમત બાદ કાબુ મેળવવામાં સફળ થઈ હતી. કંપનીમાં લાગેલી આગનું કારણ અને નુકસાનીનો અંદાજ જાણી શકાયો નથી. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની ટીમ અને એફએસએલની ટીમના સર્વે બાદ ચોક્કસ કારણ બહાર આવી શકશે. આ કંપનીમાં આ વર્ષે આગ લાગવાની બીજી ઘટના પામી હોવાનું જાણવા મળી રહ્યું છે. આ પહેલા કંપનીના ગોડાઉનમાં લાગેલી આગથી ભારે નુકસાન થયું હોવાની ચર્ચા છે અને ઓરિએન્ટલ વીમા કંપની સામે દાવો પણ રજૂ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. આમ તુંબની સુમતિ સિન્થેટિક કંપની લાભ અને ગેરલાભ બંને રીતે ચર્ચાના કેન્દ્રસ્થાને જોવા મળી રહી છે.

# ચીખલી આલીપોર વસુધારા ડેરીની એકમાત્ર ઝોનની ચૂંટણી વર્તમાન ચેરમેન ગમનભાઈ પટેલનો ભવ્ય વિજય



-તસવીર: દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી(વંકાલ), તા.૨૮**

ચીખલી આલીપોર સ્થિત વસુધારા ડેરીની એકમાત્ર ઝોનની ચૂંટણીમાં વર્તમાન ચેરમેન ગમનભાઈ પટેલનો ભવ્ય વિજય થયો હતો. ૯૧૯ મતદાન પૈકી ગમનભાઈને ૮૩૭ જ્યારે હરીફ ઉમેદવાર મહેન્દ્રભાઈને માત્ર ૭૦ મતો મળતા તેમની કારમી હાર થવા પામી હતી. બાકીના ૧૩ ઝોન અગાઉ જ બિનહરીફ જાહેર થઈ ગયા હતા.

વસુધારા ડેરીના કેમ્પસમાં આજે એકમાત્ર ઝોન ૩ માટે મતદાન યોજાતા નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાના ડેરીના કાર્ય વિસ્તારમાં સમાવિષ્ટ ૯૮૪ જેટલા મતદારો પૈકી ૯૧૯ જેટલા મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરતા જંગી મતદાન કર્યું હતું જેમાં ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિમાં મતગણતરી હાથ ધરવામાં આવતા વર્તમાન ચેરમેન ગમનભાઈ કીકાભાઈ પટેલને ૮૩૭ જ્યારે મહેન્દ્રભાઈ પટેલને માત્ર ૭૦ જેટલા જ મતો મળતા ગમનભાઈ પટેલનો ભવ્ય વિજય થતા એપીએમસીના ચેરમેન પરિમલભાઈ દેસાઈ ઉપરાંત સુધાબેન, રાજેશભાઈ, સીતાબેન, કિશોરભાઈ સહિતના બિનહરીફ ચૂંટાયેલા ડિરેક્ટરો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

વસુધારા ડેરીની વ્યવસ્થાપક કમિટિના સભ્યોની ચૂંટણીમાં ૧૪ પૈકી ૧૩ ઝોનના ઉમેદવારો ડિરેક્ટર પદે બિનહરીફ જાહેર થયા હતા. પરંતુ એકમાત્ર ઝોન ૩માં અનેક પ્રયત્નો બાદ ઉમેદવારી પત્રક પરત ન ખેંચવામાં આવતા આજરોજ ચૂંટણી યોજાતા જેમાં મહેન્દ્ર પટેલ અને વર્તમાન ચેરમેન ગમનભાઈ પટેલ વચ્ચે ચૂંટણી યોજાતા જેમાં મહેન્દ્રભાઈનો કારમો પરાજય થયો હતો.

વસુધારા ડેરીની વ્યવસ્થાપક કમિટિમાં એક-એક જ ઉમેદવારી પત્રક પરત ખેંચાતા, રદ્ થતા અગાઉ ડિરેક્ટર પદે બિનહરીફ થયેલામાં પ્રમોદભાઈ મોરારભાઈ પટેલ, રાજેશ ભીખુભાઈ પટેલ, ભારતીબેન માહલા, સુધાબેન પટેલ, બાપુભાઈ ઠાકરિયા, કિશોરભાઈ હરિભાઈ પટેલ, લલિતાબેન ગાવિત, સીતાબેન જાદવ, કલ્પનાબેન ભિસરા, સાધનાબેન પટેલ, જશવંતસિંહ ઠાકોર, રમીલાબેન ખાંડવી તથા કમીબેન દેશમુખનો સમાવેશ થાય છે.

વસુધારા ડેરીમાં વ્યવસ્થાપક કમિટીમાં ૧૪ ડિરેક્ટરો પૈકી સૌથી વધુ ૮ જેટલી મહિલાઓનું પ્રતિનિધિત્વ રહેશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા સુપેરે પાર પાડવામાં મામલતદાર હિરેનભાઈ મૈસૂરિયા, નાયબ મામલતદાર જયેશભાઈ, વિજયભાઈ રબારી ઉપરાંત વસુધારા ડેરીના શંકરભાઈ પટેલ સહિતના અધિકારીઓની ભૂમિકા મહત્વની રહી હતી. મતગણતરી દરમિયાન પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો.

# વાપી બલીઠા એસટી ડેપોને નાસિક, શિરડી અને દાહોદ રૂટ માટે ગુર્જર નગરી બસો ફાળવાઈ





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૨૮**

આજરોજ બલીઠા સ્ટેન્ડ ખાતે વાપી ડેપોની એસટી વિભાગ દ્વારા ગુર્જર નગરી બસ ફાળવવામાં આવેલ હતું. જેનું ઉદ્ઘાટન વલસાડ જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ શ્રી મિતેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના સભ્ય કેતનભાઈ પટેલ તેમજ વાપી તાલુકા બી.જે.પી પ્રમુખ સમયભાઈ પટેલ, વાપી તાલુકા મહામંત્રી અલ્પેશભાઈ પટેલ વગેરે દ્વારા બસને લીલી ઝંડી સહુ મુસાફરની વચ્ચે ઉપસ્થિત રહી કરવામાં આવ્યું હતું. જેમાં એક બસ વાપી નાસિક-શિરડી રૂટ ઉપર આપવામાં આવેલ જ્યારે એક બસ વાપી-ગોધરા-દાહોદ રૂટ ઉપર આપવામાં આવેલ હતી. સરકારની નવી બસ એસ.ટી વિભાગને ફાળવતા રોજિંદા મુસાફરમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે. કારોબારી અધ્યક્ષ શ્રી મિતેશભાઈ દ્વારા વાપીના નવા બસ સ્ટેન્ડનું કામ ઝડપી ચાલુ કરવા નાણાં મંત્રીને રજૂઆત કરવાની પણ હૈયાધરપ આપવામાં આવી છે. વાપી ડેપોના એ.ટી.આઈ. ધનસુખ પટેલ દ્વારા સહુનો આભાર માનવામાં આવ્યો છે.

# વલસાડ છરવાડાની પૂનમ પટેલે બીએલઓ તરીકેની ૧૦૦% કામગીરી પૂર્ણ કરી



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૨૮**

વલસાડ તાલુકામાં એસ.આઈ.આર.ની કામગીરી દર્મિયાન વિધાનસભા મત વિસ્તાર ૧૭૯ ના ભાગ નં.:૧૧૩ બુથ નં.:૧ પર ફરજ બજાવતા બુથ લેવલ અધિકારી (બી.એલ.ઓ.) પૂનમબેન પ્રશાંતભાઈ પટેલ (કોળી પટેલ) છરવાડાએ પોતાની કામગીરીના બુથ નં.:૧ પરના ૧૦૧૫ મતરાદોનું ૧૦૦% ડીજીટાઈલેશન નિર્ધારીત સમય મર્યાદામાં પૂર્ણ કરી ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ વલસાડના પ્રાંત અધિકારી વિમલભાઈ પટેલના હસ્તે પૂનમબેનનું સન્માન કરવામાં આવ્યું હતું. પૂનમબેન કોળી પટેલ સમાજના ઉપ પ્રમુખ શશીભાઈના ભાઈના દિકરી છે અને કોળી સમાજના પ્રમુખ ભરતભાઈ કે. પટેલ કે જેઓ ૧૭૯ વિધાન સભા વિસ્તારના ધારાસભ્ય પણ છે તેમણે પૂનમબેનની કામગીરીને બિરદાવી હતી. અને સમાજ તરફથી અભિનંદન પાઠવ્યા હતા. પૂનમબેન પોલીસ હેડ કવાટર્સ, મોગરાવાડી ખાતે શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે.

**અમરેલી જિલ્લામાં ચાર દિવસમાં આ ત્રીજી ઘટના**

# માતાની નજર સામે જ દીપડો ૧ વર્ષની બાળકીને ઉઠાવી ગયો

**(સંપૂર્ણ સમાચાર સેવા) અમરેલી,તા.૨૮**

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી સિંહ અને દીપડા જેવા હિંસક પ્રાણીઓ દ્વારા માનવ પર હુમલાની ઘટનાઓમાં ચિંતાજનક વધારો થયો છે. ગીર પૂર્વના દલખાણીયા રેન્જમાં એક અત્યંત કરુણ બનાવ બન્યો છે, જ્યાં દીપડો માતાની નજર સામે જ એક વર્ષની બાળકીને ઉઠાવી ગયો હતો અને તેને મોતને ઘાટ ઉતારી દીધી હતી. આ હૃદયદ્રાવક ઘટના ત્રંબકપુર ગામે બની હતી. અહીં ખેડૂત પરસોતમભાઈ મોરીની વાડીમાં મધ્યપ્રદેશ (MP)નો એક પરપ્રાંતીય મજૂર પરિવાર ભાગ્યો રાખીને રહેતો હતો. મળતી માહિતી મુજબ, બાળકીની માતા બાળકીને પોતાની બાજુમાં બેસાડીને રોટલી બનાવી રહી હતી. તે જ સમયે, અચાનક દીપડો ત્રાટક્યો અને ૧ વર્ષની બાળકી રીક્ષુ અર્જુન નીનામાને ઉઠાવીને જંગલ તરફ ભાગી ગયો હતો. આ ઘટનાથી માતા સ્તબ્ધ થઈ ગઈ હતી. અમરેલી જિલ્લામાં છેલ્લા માત્ર ચાર દિવસના ગાળામાં જ સિંહ અને દીપડા દ્વારા માનવ પર હુમલાની આ ત્રીજી ગંભીર ઘટના નોંધાઈ છે, જેના કારણે સ્થાનિકો અને મજૂર પરિવારોમાં ભયનો માહોલ ફેલાયો છે. મૃતક બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ધારીની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ દલખાણીયા રેન્જના RFO સહિત વન વિભાગ અને પોલીસનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને તપાસ હાથ ધરી હતી. વન વિભાગે આ માનવ ભક્ષી બની ગયેલા દીપડાને પકડવા માટે તાત્કાલિક અસરથી આ વિસ્તારમાં કુલ ૭ પાંજરાં ગોઠવી દીધા છે.

# મર્ચન્ટ નેવીમાં નોકરી અપાવવાના બહાને રૂપિયા ૪૦.૩૪ લાખની મેગા છેતરપિંડી: જલાલપોર પોલીસે આરોપીની ધરપકડ કરી



**ઓંજલ, રામનગર, કૃષ્ણપુર, કણિયેટ, ચોરમલા ભાઠા, બોરસી માછીવાડ અને ઉદવાડા સહિતના કાંઠા વિસ્તારના કુલ ૨૧ યુવાનો સાથે આ જ મોડસ ઓપરેન્ડીથી છેતરપિંડી આચરવામાં આવી હતી**

**(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,તા.૨૮**

ગુજરાતના કાંઠા વિસ્તારમાં મર્ચન્ટ નેવીમાં નોકરીના ક્રેઝનો ગેરલાભ ઉઠાવીને ૨૧ જેટલા યુવાનો સાથે રૂપિયા ૪૦.૩૪ લાખની જંગી છેતરપિંડી આચરવામાં આવી હોવાનો સનસનાટીપૂર્ણ પર્દાફાશ થયો છે. જલાલપોર તાલુકાના ઓંજલ ગામના એક યુવાનની ફરિયાદના આધારે જલાલપોર પોલીસે આ મામલે મુખ્ય આરોપી વિનોદ પટેલની ધરપકડ કરી છે.

ફરિયાદ મુજબ, ઓંજલ માછીવાડના રહેવાસી તુરંગમાર ટંડેલની દોઢ વર્ષ પહેલાં વિનોદ પટેલ સાથે મુલાકાત થઈ હતી. વિનોદે તુરંગકુમારને મર્ચન્ટ નેવીમાં સારી નોકરી અપાવવાની ખાતરી આપી હતી.

વિનોદે એડવાન્સ ફી, મુંબઈમાં ઈન્ટરવ્યૂ, મેડિકલ ટેસ્ટ, અને વિદેશની ટિકિટના બહાના હેઠળ તુરંગકુમાર પાસેથી બે હપ્તામાં કુલ રૂપિયા ૨.૫૦ લાખ પડાવી લીધા હતા. ત્યારબાદ વિનોદે ક્યારેક 'શીપ એક્કર પર છે', ક્યારેક 'રમઝાનની રજાઓ છે' તો ક્યારેક 'શીપ કેન્સલ થઈ ગયું છે' જેવા વિવિધ બહાના બતાવીને તુરંગકુમારને નોકરી પર જોઈનિંગ કરાવ્યું ન હતું.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે એકલા તુરંગકુમાર જ નહીં, પરંતુ જલાલપોર તાલુકાના ઓંજલ, રામનગર, કૃષ્ણપુર, કણિયેટ, ચોરમલા ભાઠા, બોરસી માછીવાડ અને ઉદવાડા સહિતના કાંઠા વિસ્તારના કુલ ૨૧ યુવાનો સાથે આ જ મોડસ ઓપરેન્ડીથી છેતરપિંડી આચરવામાં આવી હતી. આ તમામ યુવાનો પાસેથી આરોપી વિનોદ પટેલે કુલ રૂપિયા ૪૦.૩૪ લાખની માતબર રકમ પડાવી લીધી હતી. ભોગ બનનારાઓમાં પ્રીતેશ ટંડેલ (રૂપિયા ૧.૯૦ લાખ), પ્રશાંત ટંડેલ (રૂપિયા ૨.૯૦ લાખ), પાર્થ ટંડેલ, વિવેક ટંડેલ, મુકેશ ટંડેલ, જીગ્નેશ ટંડેલ, મનીષ ટંડેલ (તમામ રૂપિયા ૨-૨ લાખ) સહિત અન્ય યુવાનોનો સમાવેશ થાય છે. જલાલપોર પોલીસે ફરિયાદના આધારે આરોપી વિનોદ પટેલની ધરપકડ કરી છે, જે ઘરે જ કન્સલ્ટન્સી ચલાવતો હતો. પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કરતાં તેના બે દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.

પોલીસ હવે આરોપી પાસેથી કબજે કરવાના બાકી દસ્તાવેજો મેળવવા, છેતરપિંડીમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ અને પડાવેલી રકમ ક્યાં વાપરી તે અંગે ઊંડી તપાસ હાથ ધરશે.


**'ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ' વિષે જાણકારી**

torrent POWER DNHDD

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લીમીટેડ, ટોરેન્ટ પાવરની એક પેટા કંપની, ગ્રાહકોને ઉચ્ચતમ સેવાઓ આપવા હરહંમેશ પ્રયત્નશીલ અને કટીબદ્ધ છે. ગ્રાહકો પોતાના પ્રશ્નો અને ફરિયાદો સહેલાઈથી જણાવી શકે અને તેનો ઉકેલ મેળવી શકે તે માટે કંપનીએ વિવિધ વિકલ્પો પ્રસ્થાપિત કર્યા છે, જે નીચે જણાવ્યા મુજબ છે.:

- કસ્ટમર પોર્ટલ : connect.torrentpower.com
- મોબાઈલ એપ્લિકેશન : torrent power connect
- ૨૪x૭ હેલ્પલાઈન સુવિધા : ૯૦૯૯૯૯૧૯૧૨, ૧૮૦૦૨૩૩૯૫૦૦, ૧૯૧૨૬, ૧૮૦૦૨૭૦૫૫૫૧
- ઈ-મેઈલ સુવિધા : connect.dnhdd@torrentpower.com
- ગ્રાહક સેવા કેન્દ્રો : દમણ : પહેલો માળ, પાવર હાઉસ બિલ્ડિંગ, નાની દમણ; દીવ : દમણ અને દીવ સ્ટેટ કો.ઓ. બેન્ક પાસે, ફુદામ; સિલવાસા : ૧૦૯, વિદ્યુતભવન, સિલવાસા; ખાંડવેલ : ખુટતી કોલોની, ખાનવેલ
- 'ટોરેન્ટ પાવર આપના દ્વારે' કાર્યક્રમ અને 'Doorstep' સુવિધાઓ : નિયમિત ધોરણે પંચાયતો ઉપર તથા જરૂરિયાત મુજબ

આ સુવિધા ઉપલબ્ધ કર્યા પછી ગ્રાહક અસંતુષ્ટ હોય તો તેઓ 'ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ'નો નીચે જણાવેલ માહિતીમાંથી પસંદ કરી સંપર્ક કરી શકે છે.

| દમણ | દીવ | સિલવાસા |
|---|---|---|
| બીજો માળ, પાવર-હાઉસ બિલ્ડીંગ, સત્ય નારાયણ મંદિર પાસે, નાની-દમણ, દમણ-૩૯૬૨૧૦ | દમણ અને દીવ સ્ટેટ કો.ઓપ.બેન્ક લિ. પાસે, ગંગેશ્વર મહાદેવ રોડ, ફુદામ, દીવ-૩૬૨૫૨૦ | રૂમ નં.૧૦૨, વિદ્યુત ભવન, સિલવાસા-૩૯૬૨૩૦ |

ફોન નં.: ૬૩૫૭૫૫૭૭૭૭ | ઇ-મેઇલ: consumerforumdnhdd@torrentpower.com



torrent POWER DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ દ્વારા (ટ્રાન્સમિશન) નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૩૦/૧૧/૨૦૨૫ રવિવાર સમય : સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ | ૬૬/૧૧ કેવી કચીગામ | ૧૧ કેવી જયસિંગ | પોલીકેબ ઈન્ડિયા લિમિટેડ, કુલોદય ટેક્નોપેક પ્રા. લિમિટેડ |
| | | ૧૧ કેવી સોફ્ટટેક | સોફ્ટેક ફાર્મા પ્રાઈવેટ લિમિટેડ, સોફ્ટેક ફાર્મા પ્રાઈવેટ લિમિટેડ |
| | | ૧૧ કેવી મેઘાપ્લાસ્ટ | સેલો પ્લાસ્ટ ઈન્ડ. યુનિટ-૧, સ્વાગતમ પ્લાસ્ટિક, શુભલક્ષ્મી ઈલેક્ટ્રિકલ્સ |
| | | ૧૧ કેવી કુલોદય | સેલો પ્લાસ્ટ ઈન્ડ. યુનિટ-૨ |
| | | ૧૧ કેવી પ્રિન્સ + અરવિંદ | ફોર્ચ્યુન નેનો સોસાયટી, પરમ રેસીડેન્સી, પ્રિન્સ ઈન્ડ., વિમ ઈન્ડ. |
| | ૬૬/૧૧ કેવી ડાભેલ | ૧૧ કેવી ટોટલ | ટોટલ પેકેજિંગ ઈન્ડસ્ટ્રી |
| | | ૧૧ કેવી પ્રિસિશન | પ્રિસિશન પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રી |
| | | ૧૧ કેવી અમિત | અમિત ઈન્ડસ્ટ્રીઝ, ટેમ્પલ પેકેજિંગ પ્રા. લિ. |
| | | ૧૧ કેવી યુનિફાઈ | ભીમ પોલીફેબ ઈન્ડસ્ટ્રીઝ |
| | | ૧૧ કેવી એ કુમાર | એ-કુમાર ઈન્ડસ્ટ્રીઝ |
| ૦૨/૧૨/૨૦૨૫ મંગળવાર સમય : સવારે ૧૦-૦૦ થી બપોરના ૧-૦૦ | ૬૬ કેવી દલવાડા | ૧૧ કેવી એવી ગ્લોબલ એક્સપ્રેસ | મેસર્સ એવી ગ્લોબલ પ્લાસ્ટ પ્રા. લિ. |
| | | ૧૧ કેવી પારસ લુબ્રિકન્ટ્સ એક્સપ્રેસ | પારસ લુબ્રિકન્ટ્સ લિ. |

અસુવિધા બદલ દિલગીર છીએ.

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડ દ્વારા વરિષ્ઠ તથા દિવ્યાંગ નાગરિકો માટે નીચે મુજબની વિવિધ વીજ સેવાઓ ઘર આંગણે કોલ કરીને મેળવી શકાશે.

● વીજબીલમાં નામબદલી ● વીજજોડાણનાં સ્થળમાં ફેરફાર ● વીજભારમાં સુધારો ● નવા વીજજોડાણની અરજી ● વીજબીલની ચુકવણી

આપની સેવા માં હરહંમેશ હાજર

24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551

connect.torrentpower.com

connect.dnhdd@torrentpower.com



**કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પ્રશાસન**

પર્યટન વિભાગ, ડી.એન.એચ. અને દમણ અને દીવ

**ટેન્ડર સૂચના**

ડીએનએચ અને ડીડી ના UT વહીવટ માટે સોશિયલ મીડિયા મેનેજમેન્ટના કાર્યને અમલમાં મૂકવા માટે એજન્સીને સામેલ કરવા માટે આરએફપી.

ટેન્ડર ID : 2025_DAMAN_4544_1

ટેન્ડર નં. : 5/192/DDT/SMM/2017-18/PART/631

Visit https://ddtenders.gov.in/ or, visit https://ddd.gov.in/ dnhddtourism@gmail.com Phone No. 0260-2250002

હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 09/12/2025

બિડ ખોલવાની તારીખ : 10/12/2025

નિદેશક (પ્રવાસન), પ્રવાસન વિભાગ, વિદ્યુત ભવન, કચીગામ, દમણ – 396215

No. IP/DMN/2/5/2025-26/963, Dated: 28/11/2025



**સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ**

સમાજ કલ્યાણ અને મહિલા અને બાળ વિકાસ વિભાગ,

**વોક-ઇન ઇન્ટરવ્યૂ માટેની જાહેરાત:**

સમાજ કલ્યાણ તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગ, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ દ્વારા કેન્દ્ર સરકારની પ્રાયોજિત વિવિધ યોજનાઓ અંતર્ગત માત્ર ટૂંકા ગાળાના કરાર આધારિત નિમણૂક માટે લાયક અને ઇચ્છુક ઉમેદવારોના વોક-ઇન ઇન્ટરવ્યૂ માટે આમંત્રણ પાઠવવામાં આવે છે.

વધુ વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો

https://ddd.gov.in/

ન.: SW/ Advertisement/2025-26/411

તારીખ: 26.11.2025

No. IP/DMN/2/5/2025-26/965, Dated: 28/11/2025



વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક



Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

### કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ની ગુજરાતને યજમાની મળતા ઐતિહાસિક સફળતાને ચિંતન શિબિરમાં હર્ષોલ્લાસભેર વધાવાઈ

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું વિઝન છે કે, કોઈ દેશ કરી શકે તો ભારત પણ કરી જ શકે છે, આ જ વિશ્વાસથી આજે આપણે દરેક ક્ષેત્રમાં વિશ્વની સાથે સ્પર્ધા કરી રહ્યા છીએ: મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ








**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૮**

ગુજરાતને કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦નું યજમાનપદ મળતા આ ઐતિહાસિક સફળતાને ધરમપુરના શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ખાતે યોજાઈ રહેલી 'સામૂહિક ચિંતનથી સામૂહિક વિકાસ તરફ' થીમ આધારિત ચિંતન શિબિરમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની ગરિમામય ઉપસ્થિતિમાં હર્ષોલ્લાસભેર વધાવવામાં આવી હતી.

કોમન વેલ્થ ગેઈમ્સ ૨૦૩૦ના આયોજન માટેના બીડમાં ભારતને મળેલા વિજયને પગલે ગુજરાતને કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ની યજમાની મળતા આ અવિસ્મરણીય ઘડીને આવકારવા માટે આશ્રમના પેવેલિયનમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી આવી પહોંચતા ઢોલ નગારાની ગુંજ અને આતશબાજી સાથે વાજતે ગાજતે ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓએ આદિવાસી નૃત્ય કરી આ ઘડીને આવકારી હતી.

આ ઐતિહાસિક સફળતાની ઉજવણીને વધાવતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, કોમનવેલ્થ ગેમ્સની યજમાની ગુજરાતને મળી તેમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું વિઝન અને દીર્ઘદૃષ્ટિનું પરિણામ છે. આપણા સૌ માટે ગૌરવની ક્ષણ છે. નરેન્દ્રભાઈનું વિઝન છે કે, વિશ્વનો કોઈ દેશ કરી શકે તો ભારત પણ કરી જ શકે છે, આ જ વિશ્વાસથી આજે આપણે દરેક ક્ષેત્રમાં વિશ્વ સાથે સ્પર્ધા કરી રહ્યા છીએ.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગેમ્સ માટે જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભુ કર્યું છે તેનાથી આજે આ ઐતિહાસિક સફળતા મળી છે.

યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના પ્રયાસોના પરિણામે કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ના ભારતમાં આયોજનને મંજૂરી મળી છે. તેમના માર્ગદર્શનમાં આ કોમનવેલ્થ ગેમ્સથી વિશ્વને ભારતને આંગણે આવકારવા અને સ્પોર્ટ્સ હબ બનાવવા આપણે સજ્જ છીએ.

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ ખુશી વ્યક્ત કરતા જણાવ્યું કે, ભારત દેશ માટે ગૌરવની વાત છે. કોમનવેલ્થ ગેમ્સને ૧૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે, ત્યારે તેના નેતૃત્વનો અવસર ગુજરાતને પ્રાપ્ત થયો તે ગૌરવવંતી ક્ષણ છે. નરેન્દ્રભાઈ મોદીએ ૨૦ વર્ષ પહેલાં જે મહેનત કરી હતી તેનું આજે આપણને ફળ મળ્યું છે. રમતગમત વિભાગનું ટીમવર્ક, પ્રેઝન્ટેશનની સફળતા થકી ગુજરાત અને અમદાવાદને યજમાનપદ મળ્યું છે. જે બદલ સૌને અભિનંદન પાઠવું છું.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં દરેક ક્ષેત્રમાં સફળતા મળી રહી છે. કોમનવેલ્થ મળી છે તેમ ઓલિમ્પિક પણ મળે તે માટે પ્રયાસો ચાલુ છે. આ માત્ર શરૂઆત છે. ટીમ લીડર તરીકે તેમણે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. સમગ્ર ભારતને ગૌરવ થાય તે રીતે ગુજરાતની ટીમ કામ કરી રહી છે.

આ ખુશીને વધાવી સૌએ એકબીજાને મોં મીઠું કરાવ્યું હતું. આતશબાજી સાથે આ યજમાનીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. ભારત અને ગુજરાતનો વિકાસ આભને આંબી જાય તેવો કરવાનો સંદેશ આપવા માટે મંત્રી મંડળ દ્વારા બલૂન ઉડાડવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મંત્રી મંડળના સૌ મંત્રીશ્રીઓ, મુખ્ય સચિવશ્રી મનોજકુમાર દાસ સનદી અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ધરમપુર ખાતે રાજ્ય સરકારની ૧૨મી ચિંતન શિબિરનો દ્વિતીય દિવસ

# ચૂંટાયેલા નેતાઓ અને અધિકારીઓ વચ્ચે સમન્વય રાષ્ટ્રના વિકાસ અને જાહેર વહીવટને સરળ, સુગમ અને પ્રજાકેન્દ્રી બનાવે છે: કેન્દ્ર સરકારના કેબિનેટ સેક્રેટરી ટી.વી. સોમનાથન






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૮**

રાજ્ય સરકાર દ્વારા ધરમપુરના શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ખાતે યોજાઈ રહેલી ૧૨મી 'ચિંતન શિબિર-૨૦૨૫'ના દ્વિતીય દિવસે ભારતના આર્થિક વિકાસ અને સરકાર દ્વારા સુશાસનની વ્યૂહરચનાઓ પર માર્ગદર્શન આપતા કેન્દ્ર સરકારના કેબિનેટ સેક્રેટરી શ્રી ટી.વી.સોમનાથને જણાવ્યું હતું કે, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને અધિકારીઓ વચ્ચે સમન્વય રાષ્ટ્રના વિકાસ અને જાહેર વહીવટને સરળ, સુગમ અને પ્રજા કેન્દ્રી બનાવે છે. એક તરફ ચૂંટાયેલા પ્રતિનિધિઓ લોકઈચ્છાનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યારે અધિકારીઓ નિયમ અને પ્રક્રિયાઓનું પાલન સુનિશ્ચિત કરે છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી સહિત ઉચ્ચ અધિકારીઓએ તેમના જ્ઞાનવર્ધક સેશનને માણ્યું હતું.

શ્રી ટી.વી.સોમનાથને વધુમાં કહ્યું કે, દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્રના રૂપે આગળ ધપાવવાના ધ્યેય સાથે કેન્દ્ર સરકાર આર્થિક વિકાસ, ઉદ્યોગોને પ્રોત્સાહનની નીતિ, સરળ વ્યાપારી માહોલ અને ગુડ ગવર્નન્સ તરફ વધુ સક્રિય પગલાં ભરી રહી છે. ઉદ્યોગકારો, સ્ટાર્ટઅપના ઉદ્યમીઓને ઘણીવાર ટેક્સ વિભાગો દ્વારા બિનજરૂરી હેરાનગતિ ન થાય એ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સ્તરે આ પરિસ્થિતિમાં સુધારો લાવવા માટે નીતિગત પ્રયત્નો ચાલી રહ્યા છે.

ભારત વિકાસની યોગ્ય નીતિઓ, સુધારેલી શાસનવ્યવસ્થા અને ચૂંટાયેલી પાંખ તથા વહીવટી તંત્ર વચ્ચેના ગાઢ સમન્વયથી ભારત ૨૦૪૭ સુધી વિકસિત રાષ્ટ્ર બનવાનું લક્ષ્ય ચોક્કસ હાંસલ કરશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. તેમણે વધુમાં કહ્યું કે, ભારતનું ફોરેક્સ રિઝર્વ મજબૂત છે, મોંઘવારી નિયંત્રણમાં છે. રોજગાર સર્જનમાં વૃદ્ધિ થઈ રહી છે અને રાજકોષીય સ્થિતિ સ્થિર છે જે સર્વાંગી વિકાસ માટે શુભ સંકેત છે. છેલ્લા ૧૦-૧૨ વર્ષમાં કરોડો લોકો ગરીબી રેખાથી ઉપર આવ્યા છે.નાગરિક સુખાકારી આધારિત નીતિઓ, નાણાકીય વ્યવસ્થાપણ, પી.એમ. આવાસો જેવા સસ્તા ઘર, સ્વચ્છતા અભિયાન અને સામાજિક સુરક્ષા યોજનાઓના પરિણામો છે.

દેશમાં અનેકવિધ IIT, IIM, મેડિકલ અને નર્સિંગ કોલેજોની સ્થાપનાએ નવયુવાનો માટે રોજગારી અને સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમ ઊભી કરવાના અપાર અવસરો ઊભા કર્યા છે, જે આગામી દાયકાઓ માટે વિકાસનો મજબૂત પાયો સાબિત થશે.

ગુજરાત સરકારની ચિંતન શિબિરની પહેલ અનુકરણીય છે, જેમાં મંત્રીગણ, વરિષ્ઠ અધિકારીઓ દ્વારા રજૂ કરાયેલા વિચારો, માર્ગદર્શન દેશમાં નીતિ-નિર્માણ અને વહીવટી સુધારાઓ માટે દિશાદર્શક સાબિત થશે એમ જણાવી મુખ્યમંત્રી સહિત તમામ અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# વાપી મહાનગરપાલિકા સિમાંકનનો જાહેર કરાયેલ આદેશ ચૂંટણી પંચે યથાવત રાખી કાયમી જાહેર કર્યો

**રાજકીય પક્ષોના સુધારા, સુચનો ના સ્વિકારાયા : માર્ચ-૨૦૨૬માં ચૂંટણી**




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૮**

વાપી મહાનગરપાલિકાની ચૂંટણી માટે ગતરોજ મનપાના ૧૩ વોર્ડ અને વોર્ડ પ્રમાણેની વસતી અને વિસ્તાર તથા સિમાંકનનો આખરી આદેશ જાહેર કર્યો છે. પંચે જણાવ્યું હતું કે, રાજકીય પક્ષો સાથે પરામર્શ કર્યો છે પરંતુ ચૂંટણી પંચને કોઈ સુધારો કરવાપાત્ર ના હોઈ તા.૧૮-૯-૨૦૨૫ના પ્રાથમિક આદેશને કાયમી આખરી આદેશ ઠરાવ્યો છે.

મનપાના સિમાંકનને જ આખરી કાયમી રાખીને ૧૩ વોર્ડની ૫૨ બેઠકો અને જે તે જાહેર કરેલ અનામત બેઠકોને કાયમ રાખી છે. હવે આગામી ચૂંટણી સંભવિત માર્ચ-૨૦૨૫ માં જાહેર કરાયેલ સિમાંકન મુજબ જ થશે. ૧૩ વોર્ડની કુલ ૫૨ બેઠક છે તે પૈકી ૧ અનુસુચિત જનજાતીની બેઠક અનામત છે. જે પુરુષ છે. જ્યારે ૬ બેઠક અનુસુચિત આદિજાતી માટે અનામત રાખવામાં આવી છે. જે પૈકી ૩ બેઠક સ્ત્રી અનામત રહેશે. જ્યારે પછાત વર્ગની ૧૪ બેઠક રખાઈ છે. જેમાં ૭ બેઠક સ્ત્રી અનામત રહેશે. ટુંકમાં મનપાનો ૫૨ બેઠકો પૈકી ૨૬ બેઠકો સ્ત્રી અનામત રખાઈ. સામાન્ય બેઠકો કુલ ૧૫ છે. કુલ અનામત બેઠક ૩૭ છે. વોર્ડ ૧૦ માં એક બેઠક અનુસુચિત જાતી અનામત રખાઈ છે. અનુસુચિત આદિજાતી માટે વોર્ડ નં.૧-૨, ૮, ૭-૪ અને ૯ માં એક એક બેઠક અનામત રખાઈ છે. જેમાં વોર્ડ નં.૨-૭-૯ વોર્ડમાં સ્ત્રી અનામત તરીકે અનુ. આદિજાતીની બેઠક રહેશે. તેમજ ૧૪ બેઠકો પછાત વર્ગ માટે અનામત રખાઈ છે. ૧૧માં બે બેઠક અનામત પૈકી ૧ બેઠક સ્ત્રી પછાતવર્ગ માટે છે. વોર્ડ નં.૧૩, ૪-૧, ૧૨, ૧૦, ૨, ૯, ૮, ૭, ૬-૫ અને ૩માં એક એક બેઠક પછાત વર્ગ અનામત રહેશે. જે પૈકી વોર્ડ નં.૪-૧-૧૦-૮-૬-૫-૧૧ માં પછાત વર્ગ સ્ત્રી અનામત રખાઈ છે.

# ધરમપુર ચિંતન શિબિર સામે કોંગ્રેસ દ્વારા લગાવેલા આક્ષેપ સાંસદ ધવલભાઈ પટેલે વખોડી કાઢ્યા



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૮**

વલસાડના સાંસદ ધવલ પટેલે ગુજરાત સરકારની ચિંતન શિબિર પર કોંગ્રેસ દ્વારા કરાયેલા આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા છે. તેમણે જણાવ્યું કે, કોંગ્રેસ ચૂંટણીઓ હારી ગઈ છે અને નિરાધાર આક્ષેપો કરીને રાજકીય જમીન શોધવાનો પ્રયાસ કરી રહી છે.

કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ ભાજપની ચિંતન શિબિર ઉપર આક્ષેપ લગાવ્યા હતા. અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ભાજપ સરકાર ચિંતન શિબિરના નામે ખોટા ખર્ચા કરી રહી છે. સરકારે ચિંતન શિબરના બદલે રાજ્યના ખેડૂતોની વચ્ચે જવાની જરૂર છે. ત્યારે આ તમામ આક્ષેપોને ધવલ પટેલે પાયાવિહોણા ગણાવ્યાં છે.

સાંસદ ધવલ પટેલે દાવો કર્યો કે, ભારતીય જનતા પાર્ટીએ અત્યાર સુધીમાં ૧૧ સફળ ચિંતન શિબિરો યોજી છે. આ શિબિરોમાં લોકઉપયોગી યોજનાઓ અને કાર્યો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યા છે, જેના પરિણામે ભાજપ દાયકાઓથી શાસન કરી રહ્યું છે.

ધવલ પટેલે વધુમાં કહ્યું કે, કોંગ્રેસના નેતાઓથી ભાજપની સફળતા જોવાતી નથી. આથી, તેઓ ગુજરાત સરકારની ચિંતન શિબિર પર પ્રશ્નો ઉભા કરીને મતદારોને ભ્રમિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, ગુજરાત અને દેશના મતદારો કોંગ્રેસની નીતિઓને ઓળખી ચૂક્યા છે.

ધરમપુર ખાતે યોજાનારી ચિંતન શિબિર અંગે સાંસદ ધવલ પટેલે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે, તેમાં વિવિધ વિકાસ કાર્યો, જાહેર સુવિધાઓ અને ભવિષ્યની યોજનાઓ અંગે વ્યાપક ચર્ચા થશે. તેમણે આશા વ્યક્ત કરી કે, આ ચર્ચાઓથી નવી યોજનાઓને ગતિ મળશે અને જિલ્લાનું સર્વાંગી વિકાસ કાર્ય વધુ મજબૂત બનશે.

**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો**
**સંજય તાડા - 99244 66899**
**સુરેશ ઉમતિયા - 98259 89444**

### પારડી તાલુકાની પ્રતિષ્ઠિત ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનો બનાવ

# ધોરણ ૯ના વિદ્યાર્થીની મનાલીની યાત્રા બની અંતિમયાત્રા, સારવાર ન મળતા ટ્રેનમાં જ કરુણ મોત

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૨૮**

ઠંડીની મોસમમાં અનેક શાળાઓ વિદ્યાર્થીઓ સાથે જોવાલાયક કે ફરવા લાયક સ્થળોના પ્રવાસનું આયોજન કરતી હોય છે આવા જ પ્રવાસના આયોજનના ભાગરૂપે વલસાડમાં આવેલ પ્રતિષ્ઠિત ગણાતી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના ધોરણ ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓનું મનાલી ખાતે ફરવા જવા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ ભાઈનો મનાલી પ્રવાસ શિક્ષકો સાથે ટ્રેન દ્વારા રવાના થયા હતા. વલસાડ ખાતે રહેતા મૂળ કાંઠા વિસ્તારનો ધોરણ ૯માં અભ્યાસ કરતો વિદ્યાર્થી પોતાના ક્લાસના વિદ્યાર્થીઓ સાથે પ્રવાસ જવા માટે થનગની રહ્યો છે પરંતુ પોતે ડાયાબિટીસ બિમારીથી પીડાતો હોય ઘરવાળાની અનિચ્છાએ પોતે જીદ કરી જરૂરી દવાઓ અને પ્રાથમિક સારવારના સાધનો સાથે પ્રવાસમાં ગયો હતો. મનાલી પોતાના મિત્રો સાથે પ્રવાસની મજા માણ્યા બાદ પરત ફરતી વખતે અચાનક તેની તબિયત લથડત રેલવે પોલીસને જાણ કરતા કોટા રેલવે સ્ટેશને તપાસ કરતા તેને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર સારવાર આપવાની જરૂર જણાતા આ અંગેની જાણ વિદ્યાર્થીના પરિવારજનોને પણ કરવામાં આવતા પરિવારજનોએ કોઈ શિક્ષકને આ વિદ્યાર્થી સાથે રહી હોસ્પિટલમાં લઈ જવાનું કહ્યું હતું અને તેઓ તાત્કાલિક પહોંચતા હોવાનું જણાવ્યું હતું અને શિક્ષકનો તમામ ખર્ચો પણ પોતે ભોગવી લેશે તેવું જણાવ્યું હતું પરંતુ આ વિદ્યાર્થી સાથે હોસ્પિટલ જવા કોઈ શિક્ષક તૈયાર ન થતાં આખરે ટ્રેન રવાના થઈ ગઈ હતી અને વલસાડ સુધી ન પહોંચતા ગોધરા પાસે જ આ વિદ્યાર્થીની તબિયત વધુ લથડતા મનાલીનો પ્રવાસ આ વિદ્યાર્થીનો અંતિમ પ્રવાસ બની જતા તેઓ અનંતની યાત્રાએ નિકળી ગયા હતા.

# ધરમપુર તા.પં. અપક્ષ કોંગ્રેસ સમર્પિત સભ્ય કલ્પેશ પટેલને ચિંતન શિબિર દરમિયાન નજર કેદમાં રખાયા

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૮**



ધરમપુર તાલુકા પંચાયતના અપક્ષ-કોંગ્રેસ સમર્પિત સભ્ય કલ્પેશ પટેલને મુખ્યમંત્રીની ત્રિદિવસીય ચિંતન શિબિર દરમિયાન તેમના નિવાસ સ્થાને નજરકેદ રાખવામાં આવ્યા છે.

ધરમપુરમાં મુખ્યમંત્રીના ચિંતન શિબિર કાર્યક્રમ પહેલા તા.પં. અપક્ષ સભ્ય કલ્પેશ પટેલે રસ્તા-રોડની મરામતની રજૂઆત કરવા માટે રસ્તા રોકો આંદોલન કરવાની પોલીસને લેખિત ચિમકી આપી હતી. જેથી ચિંતન શિબિરમાં કોઈ ખલેલ ના પહોંચે. જાહેર સલામતિને ધ્યાને રાખીને પોલીસે કલ્પેશ પટેલને તેમના નિવાસ સ્થાને નજરકેદ કરાયા છે. બે દિવસીથી તેઓ નજર કેદમાં છે. કલ્પેશ પટેલ સ્થાનિક વિસ્તારના પ્રશ્નો અને સમસ્યા માટે ધારાસભ્ય અનંત પટેલ સાથે સક્રિય ભૂમિકા ભજવતા રહ્યા છે.

# વાપી એસ.ટી. ડેપોમાં મુસાફરને ઢોર માર મારનાર ડ્રાઈવર-કન્ડક્ટર સસ્પેન્ડ : ઘાયલ મુસાફર ગૂમ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૮**

વાપી એસ.ટી. ડેપોમાં વલસાડથી આવેલી એસ.ટી. બસના ડ્રાઈવર અને કન્ડક્ટરે એક મુસાફરને ઢોર માર માર્યો હતો. ઘાયલ મુસાફરને પ્રથમ ચલા સી.એચ.સી.માં અને ત્યારબાદ વધુ સારવાર માટે વલસાડ સિવિલમાં ખસેડાયો હતો. આ ઘટનાના જવાબદાર ડ્રાઈવર, કન્ડક્ટરને એસ.ટી. વિભાગે સસ્પેન્ડ કરી દીધા હતા.

વાપી એસ.ટી. ડેપોમાં ગત તા.૮ ઓક્ટોબરના રોજ માથાફરેલ ડ્રાઈવર-કન્ડક્ટરે સાથે મળીને એક મુસાફરને ઢોર માર માર્યો હતો. જવાબદાર ડ્રાઈવર સંદીપ નાયક અને કન્ડક્ટર અરવિંદને ખાતાકીય તપાસ બાદ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ઘાયલ મુસાફર સુનીલ ભાસ્કર ભાલેરાવને તાત્કાલિક ચલા સીએચસીમાં અને ત્યારબાદ વલસાડ સિવિલમાં વધુ સારવાર માટે ખસેડાયો હતો. ઘટનાની ચોંકાવનારી વિગતો એવી બહાર આવી છે કે મુસાફર સુનીલનો કોઈ અતોપતો નથી. તે ગુમ થયો છે. આ બાબતે જીઆઈડીસી પોલીસ પણ હજુ સુધી અંધારામાં હોય એવુ મનાઈ રહ્યું છે.